# ૫૬૩ જીવભેદોને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન
## મુનિ શ્રી નરવાહનવિજયજી

જ્ઞાન એટલે જગતમાં રહેલા પદાર્થોને જાણવાની ઇચ્છા અથવા પદાર્થોને જાણવાની જિજ્ઞાસા. એને જ્ઞાન કહેવાય છે એટલે કે જેના વડે જગતમાં રહેલા પદાર્થો જણાય તે જ્ઞાન કહેવાય છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે. સદા માટે જગતમાં રહેલા સઘળાય જીવોને પોતાના અસંખ્ય આત્મપ્રદેશોમાંથી મુખ્ય આઠ આત્મપ્રદેશો કેવળજ્ઞાનથી યુક્ત હોય છે. એટલે કે એ આઠ આત્મપ્રદેશો ઉપર અનાદિકાળથી જીવોને કોઇપણ પ્રકારનું પુદ્ગલ લાગેલું હોતું નથી. સિધ્ધ પરમાત્માના આત્મપ્રદેશોની જેમ એ આઠ આત્મપ્રદેશો સદા માટે કેવળજ્ઞાનથી યુક્ત હોય છે અને એ આઠ આત્મપ્રદેશો જીવોના અસંખ્યાતા આત્મપ્રદેશોના મધ્યભાગમાં એકેક આત્મપ્રદેશ એકેક આકાશપ્રદેશ ઉપર રહેલો હોય છે. બાકીના અસંખ્યાતા આત્મપ્રદેશો ઉપર કેવળજ્ઞાન રહેલું હોવા છતાં કેવળજ્ઞાનાવરણીય કર્મના પુદ્ગલોથી સદા માટે અવરાયેલું હોય છે. એટલે કે ઢંકાયેલું હોય છે અને એ જ કેવલજ્ઞાનાવરણીય કર્મની સાથે ને સાથેજ બાકીના ૪ જ્ઞાનો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન કર્મના પુદ્ગલોથી અવરાયેલા હોય છે. કેવલજ્ઞાનની અપેક્ષાએ એ ચાર જ્ઞાનો કેવલજ્ઞાનના પ્રકાશરૂપે ગણાય છે.

જીવોના મુખ્ય આઠ આત્મપ્રદેશો સિવાયના બાકીના અસંખ્યાતા આત્મપ્રદેશોએ ઉપર જઘન્યથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ જીવોને અક્ષરના અનંતમા ભાગ જેટલો રહી શકે છે અને ઉત્કૃષ્ટથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ જીવોને પુરૂષાર્થથી ૧૪ પૂર્વ સુધીનું જ્ઞાન એટલે કે શ્રુતકેવળી તરીકે શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ પેદા થઇ શક છે. એ જ રીતે મિથ્યાત્વના ઉદયકાળમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ છોડવાલાયક પદાર્થોમાં છોડવાલાયકની બુધ્ધિ ન હોવાથી અને ગ્રહણ કરવાલાયક પદાર્થોમાં ગ્રહણ કરવાલાયકની બુધ્ધિ ન હોવાથી એ પદાર્થોના જ્ઞાનને મતિઅજ્ઞાનરૂપે અને શ્રુતઅજ્ઞાનરૂપે કહેવાય છે. એવી જ રીતે જીવોને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન પેદા થાય છે ને જ્ઞાનને મિથ્યાત્વની હાજરીમાં વિભંગજ્ઞાનરૂપે કહેવાય છે. આથી જ્ઞાનના ૮ ભેદ થાય છે. પાંચજ્ઞાન + ત્રણ અજ્ઞાન. જ્ઞાન એ આત્માનો અભેદ ગુણ છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ક્ષયોપશમભાવે ચડ-ઉતર ચડ-ઉતર દરેક જીવોને કાયમ માટે હોય. ચૌદપૂર્વધર દરેક મહાત્માનું શ્રુતજ્ઞાન એકસરખું હોવા છતાં મતિજ્ઞાનની ન્યૂનાધિક્તાને કારણે ૬ ભેદ પડે છે. શ્રુતજ્ઞાનથી જે બુધ્ધિનો ક્ષયોપશમભાવ પેદા થાય છે તેને મતિજ્ઞાન કહેવાય છે.

મતિજ્ઞાનના ક્ષયોપશમ ભાવે ૬ ભેદ.

(૧) સંખ્યાતભાગ વૃધ્ધિ (૨) અસંખ્યાતભાગ વૃધ્ધિ

(૩) અનંતભાગ વૃધ્ધિ (૪) સંખ્યાતગુણ વૃધ્ધિ

(૫) અસંખ્યાતગુણ વૃધ્ધિ (૬) અનંતગુણ વૃધ્ધિ

એ જ પ્રમાણે ૬ પ્રકારની હાનિરૂપે મતિજ્ઞાનનો ક્ષયોપશમભાવ સમજવો.

મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી જીવને મતિજ્ઞાન પ્રાપ્ત થાય છે. એ મતિજ્ઞાનના અનંતા

ભેદ પડે છે. એ અનંતા ભેદને જાણવા માટે અને સમજવા માટે જ્ઞાની ભગવંતોએ સ્થૂલ દ્રષ્ટિથી મતિજ્ઞાનના મુખ્ય બે ભેદ પાડ્યા. એમાં પહેલો ભેદ શ્રુતજ્ઞાનને ભણતાં ભણતાં એ શ્રુતજ્ઞાનને બરાબર ગોખીને તૈયાર કર્યા પછી વારંવાર પરાવર્તન કરતાં કરતાં એને સ્થિર કરેલું હોય અને જ્યારે એ શ્રુત બોલવામાં આવે, વિચારવામાં આવ તે વખતે શ્રુતના આધાર વગર સ્વાભાવિક રીતે બોલાઇ જાય અને વિચારાઇ જાય એને મતિજ્ઞાન કહેવાય છે એટલે કે શ્રુતના આધારથી આત્મામાં મતિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા થતો જાય એને શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે.

મતિજ્ઞાનનો બીજો ભેદ શ્રુતના આધાર વગર સ્વાભાવિક રીતે આત્મામાં જે જ્ઞાનનો ક્ષયોપશમભાવ (ઔત્પાતિકી બુધ્ધિ) પેદા થાય છે તેમજ વડીલોનો વિનય કરવાથી જે ક્ષયોપશમભાવ પેદા થાય છે (વૈનયિકી), તેમજ કોઇપણ કાર્ય કરતાં કરતાં એ કાર્યની પ્રવીણતાનો ક્ષયોપશમભાવ (કાર્મિકી) આત્મામાં જે પેદા થાય તેમજ અમુક ઉંમરની પ્રાપ્તિ થયા પછી જ્ઞાનનો ક્ષયોપશમભાવ આત્મામાં (પારિણામિકી) પેદા થતો જાય તે શ્રુતના આધાર વગર મતિજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાનના ક્ષયોપશમભાવથી આત્મામાં અક્ષરના અનંતમા ભાગથી શરૂ કરીને ચૌદપૂર્વ સુધીના જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ સંખ્યાત ભાગવૃધ્ધિ રૂપે, અસંખ્યાત ભાગ વૃધ્ધિ રૂપે અનંતભાગ વૃધ્ધિ રૂપે, સંખ્યાતગુણ વૃધ્ધિ રૂપે, અસંખ્યાતગુણ વૃધ્ધિ રૂપે, અનંતગુણ વૃધ્ધિ રૂપે એમ છ પ્રકારે મતિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા થતો જાય છે. વૃધ્ધિ રૂપે એવી જ રીતે છ પ્રકારની હાનિરૂપે મતિજ્ઞાનનો ક્ષયોપશમભાવ આત્મામાં પેદા થતો જાય છે. આથી ચૌદપૂર્વના અક્ષરજ્ઞાનથી ચૌદપૂર્વીઓ એકસરખા જ્ઞાનવાળા હોવા છતાં મતિજ્ઞાનના ક્ષયોપશમભાવથી છ પ્રકારની વૃધ્ધિ અને છ પ્રકારની હાનિ રૂપે મતિજ્ઞાનના ભેદ પડી શકે છે. આ મતિજ્ઞાનને આવરણ કરનાર કર્મ મતિજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. આ કર્મની વિશેષતામાં કર્મના ઉદયની સાથે ને સાથે આત્મામાં જ્ઞાનનો ક્ષયોપશમભાવ અને ઉદયભાવ બંને એકસાથે રહી શકે છે. જ્યારે ક્ષયોપશમભાવે જ્ઞાન પેદા થતું હોય તે વખતે ઉદયમાં નહિ આવેલા પુદ્‌ગલો અધિક રસવાળા સત્તામાં રહેલા હોય છે અને જ્યારે જ્ઞાન ઉદયભાવે પેદા થતું હોય ત્યારે બાકીના પુદ્‌ગલો અલ્પરસવાળા સત્તામાં રહેલા હોય છે. આથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ અને ઉદયભાવ એકસાથ રહેલો ગણાય છે.

શ્રુતજ્ઞાન :- સાંભળવાથી જે જ્ઞાન પેદા થાય તેને શ્રુતજ્ઞાન કહેવાય છે. કે જે જ્ઞાનથી આત્મામાં અક્ષરનો આકાર પડે. સુક્ષ્મરૂપે અથવા સ્થૂલ રૂપે આત્મામાં અક્ષરનો આકાર પેદા થાય એને ભાવશ્રુત ક્ષયોપશમભાવે કહેલું છે. અનુકુળતામાં રાજીપો, પ્રતિકૂળતામાં દ્વેષ તેવો જ્ઞાનનો ક્ષયોપશમભાવ તે ભાવશ્રુત. આ ભાવશ્રુત જઘન્યથી એટલે કે ઓછામાં ઓછું સુક્ષ્મ અપર્યાપ્તા-લબ્ધિ અપર્યાપ્તા-સૂક્ષ્મ નિગોદ ઉત્પત્તિના પહેલા સમયે વિદ્યમાન એવા જીવોને સર્વજઘન્ય ભાવશ્રુતજ્ઞાન ક્ષયોપશમભાવે રહેલું હોય છે અને ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વના બધા અક્ષરોનું જ્ઞાન આત્મામાં પેદા થાય છે. તે ઉત્કૃષ્ટ ભાવશ્રુત કહેવાય છે. આવો ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની જીવ પણ પ્રમાદને વશ થઇને સર્વજઘન્ય શ્રુતજ્ઞાનને પણ પ્રાપ્ત કરી શકે છે.

પુણ્યને ખતમ કરવાનું કામ કરનાર કુટુંબ.

એકેન્દ્રિય જીવોને વિષે મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન આ બે અજ્ઞાન રહેલા હોય છે. એમાં સૌથી વિશેષ અજ્ઞાનનો ક્ષયોપશમભાવ વનસ્પતિમાં રહેલા જીવોને વિશે હોય છે. જ્યારે બાકીના જીવોને વનસ્પતિ કરતાં અજ્ઞાનનો ક્ષયોપશમભાવ ઓછો થતાં થતાં સુક્ષ્મ પૃથ્વીકાય અને એનાથી ઓછો સુક્ષ્મ

અગ્નિકાય જીવોને અજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ હોય છે. સામાન્ય રીતે સૂક્ષ્મનિગોદ, લબ્ધિ અપર્યાપ્તા, ઉત્પત્તિના પહેલા સમયે વિદ્યમાન જીવને સર્વજઘન્ય શ્રુતજ્ઞાન હોય છે. એ પહેલા સમયમાં ૧૪ પૂર્વ ભણીને-શ્રુતકેવલી બનીને-પતન પામીને સુક્ષ્મ અપર્યાપ્તા નિગોદનાં પહેલા સમયે રહેલા જીવો હોય છે એવી જ રીતે અવ્યવહાર રાશીમાંથી કોઇ વ્યવહાર રાશીમાં આવતો હોય અને એ જીવ સુક્ષ્મ નિગોદ લબ્ધિ અપર્યાપ્તો ઉત્પત્તિના પહેલા સમયે રહેલો હોય છે એ પહેલા સમયમાં બંને પ્રકારના જીવોનું શ્રુતજ્ઞાન એકસરખું હોય છે.

જેટલો રાગ વધુ એટલું જ્ઞાનાવરણીય કર્મ ગાઢ. જે પોતાનું નથી તેને પોતાનું માનવું તેમાં પાંચે પાપ સાથે લાગે છે. સુખનો રાગ પ્રમાદ પેદા કરાવે-જ્ઞાન ભૂલાવે. સુખનો રાગ જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ નાશ કરે.

લબ્ધિ અપર્યાપ્તા સુક્ષ્મ નિગોદ ઉત્પત્તિના પહેલા સમયે ચૌદપૂર્વ ભણીને ગયેલો આત્મા મનુષ્યપણામાંથી સંસારમાં પરિભ્રમણ કરવા માટેના એટલે કે જન્મ મરણ કરવાના અનુબંધો બાંધીને ગયેલો હોવાથી બીજા સમયથી એ જીવોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનનો ક્ષયોપશમભાવ બીજા અવ્યવહારરાશિમાંથી આવેલા જીવો કરતાં વિશેષ રીતે પેદા થતો જાય છે. અને એ મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના ક્ષયોપશમભાવથી જે આહારના પુદ્ગલો ગ્રહણ કરાય છે તેમાં અનુકૂળ લાગે તો બીજા જીવો કરતાં રાગની તીવ્રતા વધે છે અને પ્રતિકૂળ પુદ્ગલનો આહાર મળે તો દ્વેષની માત્રાની તીવ્રતા વધે છે. જેમ જેમ રાગ-દ્વેષની તીવ્રતા થતી જાય તેમ તેમ એ જીવો કર્મબંધ વિશેષ રીતે કરતા જાય છે કારણકે પોતે કર્મને પરાધીન હોવાથી કર્મને આધીન થઇને જ જીવન જીવવું પડે છે. આથી જે પ્રમાણે અનુબંધ બાંધેલા હોય તે પ્રમાણે એટલે કે સંખ્યાતા જન્મ-મરણના અસંખ્યાતા જન્મ-મરણના અને અનંતા જન્મ-મરણના જે જે જીવોએ જે પ્રમાણે અનુબંધ બાંધેલા હોય અને તે પ્રમાણે જ્ઞાનના ક્ષયોપશમથી પુદ્ગલોમાં રાગાદિ પરિણામ કરતો કરતો સૂક્ષ્મનિગોદમાં ફર્યા કરે છે. કેટલાક જીવોના જન્મ-મરણ અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ જેટલા પણ હોય છે. જે અર્ધપુદ્ગલ પરાવર્તમાં છેલ્લો ભવ બાકી રહે ત્યારે સુક્ષ્મ નિગોદમાં રહી મનુષ્ય આયુષ્ય બાંધી મનુષ્યપણું પામી એ મનુષ્યપણામાં પુરૂષાર્થ કરી કેવલજ્ઞાન મેળવી મોક્ષે જાય છે. આ કારણથી જગતને વિશે અભવ્યોની સંખ્યા ૪થા અનંતાની સંખ્યા જેટલી કહેલી છે તેના કરતાં અનંતગુણ અધિક સમકિત પામીને પડીને મિથ્યાત્વ ગુણસ્થાનકે આવે તે મિથ્યાત્વપણામાં રહેલા જીવો સુક્ષ્મ નિગોદમાં સદા માટે રહેલા હોય છે. એ જીવોની સંખ્યા ૫મા અનંતામાં ગણાય છે.

૧૪ પૂર્વીના આત્માને બીજા સમયથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમભાવ સમયે સમયે જે વધે છે તેમાં પૂર્વભવે મનુષ્યપણામાં પ્રમાદને પરવશ થઇ અનુકૂળ પદાર્થોમાં રાગાદિ પરિણામ તીવ્રરૂપે કરીને નિગોદપણામાં રહેવા માટે અનુબંધ બાંધીને ગયેલા હોય છે. એના પ્રતાપે એ અનુબંધ ઉદયમાં ચાલુ થતાં જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પણ રાગાદિ પરિણામની તીવ્રતા કરવા માટે વધતો જાય છે અને એ ક્ષયોપશમ ભાવથી જે પુદ્ગલોનો આહાર ગ્રહણ કરાય છે એમાં અનુકૂળ પુદ્ગલોનો આહાર આવે તો સાથે રહેલા બીજા જીવો કરતાં રાગની માત્રાની તીવ્રતા વિશેષ રીતે રહે છે. એવી જ રીતે પ્રતિકૂળ પુદ્ગલોનો આહાર આવે તો એમાં દ્વેષની માત્રાની તીવ્રતા બીજા જીવો કરતાં વિશેષ રહે છે. આના કારણે એ પુદ્ગલો પરિણામ પામતાં શરીર બનતું જાય છે. એ શરીર પ્રત્યે મમત્વ બુધ્ધિ એટલે કે મમત્વનો પરિણામ તીવ્રરૂપે થતો જાય છે. એના જ કારણે એ જીવ ફરીથી વારંવાર દરેક ભવની અંદર આયુષ્યના બંધના સમયે સુક્ષ્મ નિગોદનું

આયુષ્ય બાંધતો બાંધતો જન્મમરણ કરતો જાય છે. જ્યારે અવ્યવહાર રાશિમાંથી વ્યવહારરાશિમાં આવેલા જીવો, લબ્ધિ અપર્યાપ્તા સુક્ષ્મનિગોદ ઉત્પત્તિના પહેલા સમયથી બીજા સમયને પ્રાપ્ત થાય ત્યારે એ જીવોને જ્ઞાનનો ક્ષયોપશમભાવ થોડો થોડો વધતો જાય છે. કારણ કે પૂર્વભવે રાગાદિ પરિણામથી અનુબંધ બાંધેલા ન હોવાથી એ જીવોને ક્ષયોપશમભાવ જલદીથી વિશેષ રીતે પ્રાપ્ત થતો નથી. માટે એ જીવો ચૌદપૂર્વીના આત્મા કરતાં કર્મબંધ ઓછો કરતાં કરતાં અકામ નિર્જરા વિશેષ પ્રાપ્ત થઇ જાય તો મનુષ્યનું આયુષ્ય બાંધીને મનુષ્યપણાને પ્રાપ્ત કરી શકે છે. આ રીતે સુક્ષ્મ નિગોદમાં રહેલા જીવોને મતિ અને શ્રુતઅજ્ઞાન ક્ષયોપશમભાવે જેમ વધતું જાય છે તેમ તેમ એ જીવો આહારના પુદ્ગલોને વિષે રાગ-દ્વેષ કરતાં કરતાં અને શરીરના પુદ્ગલોને વિશે મમત્વબુધ્ધિ પેદા કરતાં કરતાં જન્મમરણની પરંપરા વધારતા વધારતા સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. જ્યારે એ જીવોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના ક્ષયોપશમભાવથી દુઃખ વેઠતા વેઠતા રાગાદિ પરિણામની મંદતા પદા થશે એટલે કે રાગ-દ્વેષ વધારવામાં એ અજ્ઞાન સહાયભૂત નહિ થાય ત્યારે મનુષ્યનું આયુષ્ય બાંધીને મનુષ્યપણાને પ્રાપ્ત કરી શકે છે. આજ રીતે પૃથ્વીકાયના ચાર ભેદ, અપ્કાયના ચાર ભેદ, તેઉકાયના ચાર ભેદ અને વાયુકાયના ચાર ભેદો તેમજ વનસ્પતિકાયના છ ભેદોને વિશે સાધારણ વનસ્પતિકાયના ૪ અને પ્રત્યેક વનસ્પતિકાયના ૨ એમ ૬ ભેદોને વિશે, આ રીતે ૨૬ ભેદોને વિશે મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે જ્ઞાનના ક્ષયોપશમભાવથી રાગાદિ પરિણામ કરતાં કરતાં સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. તેઉકાયના ૪ ભેદ, વાયુકાયના ૪ ભેદ. મનુષ્યગતિ અને મનુષ્ય આયુષ્યનો બંધ કરતા જ નથી. કારણ કે આ જીવો સદા માટે સંકલેશ પરિણામવાળા હોય છે. એટલે કે રાગાદિ પરિણામની તીવ્રતાવાળા હોય છે માટે મનુષ્યગતિ-ઉચ્ચગોત્ર અને મનુષ્ય આયુષ્યનો બંધ કરતા જ નથી.

બેઇન્દ્રિય જીવોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે જ્ઞાનનો ક્ષયોપશમ એકેન્દ્રિય જીવો કરતાં વિશેષ હોય છે. અ મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી અને ઉદયભાવથી જ્ઞાનનો જે ઉઘાડ પેદા થાય છે એના પ્રતાપે વર્તમાનકાળમાં જે પદાર્થોના સંયોગથી સુખ અને દુઃખ પેદા થાય એની સંજ્ઞા પેદા થાય છે. એટલે કે આ પદાર્થના સંયોગથી મને સુખની અનુભૂતિ થઇ અને આ પદાર્થોના સંયોગથી મને દુઃખની અનુભૂતિ થઇ એટલો બોધ વર્તમાનકાળ પૂરતો જ એટલે કે જે વખતે સુખની અનુભૂતિ થાય એટલા ટાઇમ પૂરતું જ સુખ લાગે છે. દુઃખની અનુભૂતિ થાય તેટલા ટાઇમ પૂરતી જ દુઃખની લાગણી અનુભવે છે. એ પદાર્થના સંયોગ પછી ભૂતકાળ રૂપે સુખદુઃખ યાદ રહેતુ નથી. બેઇન્દ્રિય જીવોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના ક્ષયોપશમ ભાવથી અનુકૂળ પદાર્થોને વિશે સુખની અનુભૂતિ અને પ્રતિકૂળ પદાર્થોને વિશે દુઃખની અનુભૂતિ એકેન્દ્રિય જીવો કરતાં વિશેષ રીતે પ્રાપ્ત થાય છે. એ અનુભૂતિની સાથે જ સહજ રીતે એવો અનુબંધ પડતો જાય છે કે જેના કારણે બેઇન્દ્રિયપણામાંથી મનુષ્યપણું પામે તો એ મનુષ્યપણામાં મોક્ષે જઇ શકતો નથી. વધારેમાં વધારે દ્દઠ્ઠા ગુણસ્થાનનો પરિણામ પ્રાપ્ત કરી શકે છે. જ્યારે એકેન્દ્રિય જીવો અનુકૂળ અને પ્રતિકૂળ પદાર્થોને વિશે રાજીપો અને નારાજી કરતાં કરતાં મનુષ્ય આયુષ્યનો બંધ કરીને મનુષ્યપણું પામે તો અ મનુષ્યપણામાં પુરૂષાર્થ કરીને મોક્ષે જઇ શકે છે. તેઇન્દ્રિય જીવોને વિશે મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન, મતિજ્ઞાનાવરણીય કર્મ અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મ એ બંનેના ક્ષયોપશમભાવ અને ઉદયભાવથી બેઇન્દ્રિય જીવો કરતાં અજ્ઞાનનો ક્ષયોપશમભાવ અનંતપર્યાય અધિક હોય છે. આ જીવોને સ્પર્શેન્દ્રિય રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એ ત્રણ ઇન્દ્રિયોનો ઉપયોગ રહેલો હોવાથી

એકેક અંતર્મુહૂર્તે ત્રણે ઇંદ્રિયોમાંથી કોઇને કોઇ ઇંદ્રિયોનો ઉપયોગ ચાલુ હોય છે. એમાં મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનનો ક્ષયોપશમભાવ એમાં અનુકૂળ પદાર્થો જે કોઇ મળે એમાં સૌથી પહેલાં નવી ઇંદ્રિય ત્રીજી પ્રાપ્ત થયેલી હોવાથી એનાથી એ પદાર્થને સુંઘશે. સુંઘવામાં એને ગંધ અનુકૂળ લાગશે તો એ પદાર્થનો ઉપયોગ કરશે. એના કારણે બેઇન્દ્રિય જીવો કરતાં કર્મબંધ વિશેષ કરે છે અને વિશેષ અનુબંધરૂપે કર્મ બંધાતા જાય છે. એના પ્રતાપે મનુષ્ય આયુષ્ય બાંધીને મનુષ્યપણું પ્રાપ્ત કરે તો એ મનુષ્યપણામાં છઠ્ઠા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરતો નથી. બેઇન્દ્રિય જીવો કરતાં તેઇન્દ્રિય જીવોને હેતુવાદોપદેશિકી સંજ્ઞાથી વર્તમાનકાલીન પદાર્થોના સંયોગથી સુખદુઃખની અનુભૂતિનો કાળ લાંબા સમય સુધી ટકે છે. એ અજ્ઞાનના ક્ષયોપશમ ભાવથી સુખદુઃખની અનુભૂતિમાં રાગાદિ પરિણામ વિશેષ રૂપે પ્રાપ્ત થવાથી કર્મબંધ વિશેષ રીતે કરે છે. કારણ કે આ જીવોને સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના પાંચ વિષયો અને ઘ્રાણેન્દ્રિયના બે વિષયો અને તેના ૧૮૦ વિકારો પેદા થાય છે. એ વિષયોના વિકારોને વિશે સુખદુઃખની અનુભૂતિ કરતાં કરતાં એમા વિશેષ રીતે મૂંઝવણ પામતો પામતો અનુબંધ પેદા કરતો જાય છે. આથી આ જીવો એ અનુબંધના પ્રતાપે મનુષ્યપણું પામે તો પણ એ મનુષ્યપણામાં મોક્ષે જઇ શકતા નથી. ઘણો પુરૂષાર્થ કરે તો પણ છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામ સુધી પહોંચી શકે છે.

ચૌરિન્દ્રિય જીવોને વિશે મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવ અને ઉદયભાવથી મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ આ જીવોને તેઇન્દ્રિય જીવો કરતાં અનંત પર્યાય અધિક પેદા થયેલો હોય છે. એ ક્ષયોપશમભાવથી ઉપયોગ રૂપે પ્રાપ્ત કરેલી સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય એ ચાર ઇંદ્રિયોની સાથે પદાર્થના સંયોગથી સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો, રસનેન્દ્રિયના પાંચ વિષયો, ઘ્રાણેન્દ્રિયના બે વિષયો, અને ચક્ષુરિન્દ્રિયના પાંચ વિષયો એમ ૨૦ વિષયો તેમજ સ્પર્શેન્દ્રિયના ૯૬ વિકારો-રસનેન્દ્રિયના ૭૨ વિકારો, ઘ્રાણેન્દ્રિયના ૧૨ વિકારો અને ચક્ષુરિન્દ્રિયના ૬૦ વિકારો એમ ૨૪૦ વિકારોને વિશે સુખદુઃખની અનુભૂતિ કરતા પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. આ જ્ઞાનના ક્ષયોપશમભાવનો વિશેષ ઉપયોગ ચૌરિન્દ્રિય અધિક મળેલી હોવાથી પુદ્ગલોના વર્ણને જોવામાં અને જોઇને જે અનુકૂળ વર્ણ લાગે તેમાં રાગ પેદા કરવામાં અને પ્રતિકૂળ વર્ણ લાગે તેમાં દ્વેષ પેદા કરીને સુખદુઃખની અનુભૂતિ કરતા જાય છે. અત્યાર સુધી એકેન્દ્રિય, બેઇન્દ્રિય અને તેઇન્દ્રિયપણામાં પુદ્ગલો જોઇ શકાતા નહોતા માટે જે પુદ્ગલોનો આહાર મળે તે પુદ્ગલોનો આહાર કરતા હતા. જ્યારે ચક્ષુરિન્દ્રિય પ્રાપ્ત થતાં જોઇને જે પુદ્ગલ ગમે એ જ પુદ્ગલનો આહાર કરવાનો પ્રયત્ન કરે છે. આ કારણે કર્મબંધ વિશેષ રીતે પેદા કરતા જાય છે. આ ચૌરિન્દ્રિય જીવો મનુષ્યપણું પામે તો અનુબંધ બાંધીને આવેલા હોવાથી મનુષ્યપણામાં મોક્ષે જઇ શકતા નથી. ઘણા પુરૂષાર્થ પછી છઠ્ઠી ગુણસ્થાનક સુધીના પરિણામને પામી શકે છે.

**અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને વિષે**

આ જીવોને મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમભાવ અને ઉદયભાવથી મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનનો ક્ષયોપશમભાવ ચૌરિન્દ્રિય જીવો કરતાં અનંત પર્યાય અધિક અજ્ઞાન રૂપે ક્ષયોપશમભાવ પેદા થયેલો હોય છે. આ જીવોને પાંચ ઇંદ્રિયો ઉપયોગ રૂપે પ્રાપ્ત થયેલી હોવાથી પાંચે ઇંદ્રિયોના ૨૩ વિષયો અને ૨૫૨ વિકારોને વિશે ભાવ મનથી વિચારણાઓ કરતા કરતા, કર્મબંધ કરીને

પોતાનો સંસાર વધારતા જાય છે. આ જીવોને હેતુવાદોપદેશીકી સંજ્ઞાથી નજીકના ભૂતકાળનું, નજીકના ભવિષ્યકાળનું અને વર્તમાનકાળનું જ્ઞાન પેદા થાય છે. એના કારણે પાંચે ઇનંદ્રિયથી જે જે પદાર્થનો સંયોગ થાય એ પદાર્થોના સંયોગથી અનુકૂળ હોય તો સુખની અનુભૂતિ અને પ્રતિકૂળ હોય તો દુઃખની અનુભૂતિ પેદા કરતા જાય છે. એકવાર જે પદાર્થથી દુઃખની અનુભૂતિ પેદા થયેલી હોય અને થોડાકાળ પછી ફરીથી એ પદાર્થનો સંયોગ થવાનો હોય તો એને ખ્યાલ આવે છે કે આ પદાર્થ મને દુઃખ આપનારો છે. માટે ફરીથી દુઃખ ન મેળવવું હોય તો એ પદાર્થનો સંયોગ ન થાય એની કાળજી રાખે છે. દીર્ઘકાલિકી સંજ્ઞા ન હોવા છતાં હેતુવાદોપદેશીકી સંજ્ઞાથી અસંજ્ઞી પંચેન્દ્રિયપણામાં નજીકના ભૂતકાળનું અને નજીકના ભવિષ્યકાળનું જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. આ જ્ઞાનના પ્રતાપે અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો ચારે પ્રકારના આયુષ્યમાંથી કોઇપણ આયુષ્યનો બંધ કરી શકે છે. ઉત્કૃષ્ટથી ચારે પ્રકારના આયુષ્યનો બંધ કરે તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું આયુષ્ય બાંધી શકે છે અને જઘન્યથી મનુષ્ય અને તિર્યંચનું એક અંતર્મુહૂર્તનું આયુષ્ય બાંધી શકે છે. દેવતા અને નારકીનું ૧૦૦૦૦ વર્ષનું આયુષ્ય જઘન્યથી બાંધી શકે છે. આ જીવોને મન ન હોવાથી કર્મોની અંતઃકોટાકોટિ સાગરોપમ જેટલી સ્થિતિ બાંધી શકતા નથી અને પહેલા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકતા નથી.

## ***સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને વિશે જ્ઞાનનું વર્ણન***

**(૧) નરકગતિને વિશે** :- ૧ થી ૬ નારકીના અપર્યાપ્તા નારકીના જીવોને વિશે ૩ અજ્ઞાન અને ૩ જ્ઞાન એટલે કે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. આ ત્રણ અજ્ઞાન મિથ્યાદ્રષ્ટિ જીવોને હોય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન આ ત્રણ જ્ઞાન સમકિતી જીવોને હોય છે. મિથ્યાદ્રષ્ટિ નારકીના જીવો પોતાના જ્ઞાનના ક્ષયોપશમભાવથી મિથ્યાત્વના ઉદયથી અજ્ઞાન રૂપે પરિણામ પમાડીને પોતાનો સંસાર વધારતા જાય છે. અને સમકિતી નારકીના જીવોને ૩ જ્ઞાનના ક્ષયોપશમભાવથી એ જ્ઞાન પરિણામ રૂપે પમાડીને પોતાના આત્માને દુઃખને વિશે સમાધિભાવ ટક્યો રહે એવો પ્રયત્ન કરતા જાય છે.

પર્યાપ્તા નારકીને વિશે ૧ થી ૩ નરકમાં મિથ્યાદ્રષ્ટિ નારકીઓને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ૩ અજ્ઞાન હોય છે. એ પર્યાપ્તા નારકીના જીવો એ અજ્ઞાનના બળે મિથ્યાત્વના ઉદયથી બીજા જીવોને દુઃખ આપી આપીને રાજીપો કરતાં કરતાં દુઃખ વેઠીને જેટલાં કર્મો ખપાવે છે એનાં કરતાં વિશેષ કમબંધ બીજાને દુઃખ આપીને બાંધતા જાય છે. કેટલાક મિથ્યાદ્રષ્ટિ નારકીના જીવો પોતાના ભૂતકાળના પાપને યાદ કરીને દુઃખી થતાં થતાં જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત કરે છે. એ જાતિસ્મરણ જ્ઞાનથી ભૂતકાળમાં પોતે કરેલાં પાપોને જોઇને યાદ કરતાં કરતાં દુઃખમાં સમાધિ રાખવાનો પ્રયત્ન કરે છે. એવી જ રીતે કેટલાક મિથ્યાદ્રષ્ટિ નારકીઓને પરમાધામીના જીવો એમના પાપોને યાદ કરાવે છે. એ પાપોને સાંભળતાં સાંભળતાં જાતિસ્મરણ જ્ઞાનને પામે છે. અને પોતે કરેલા પાપના પશ્ચાતાપથી આવેલા દુઃખોમાં સમાધિ રાખવા પ્રયત્ન કરે છે. કેટલાક નારકીના જીવોને પૂર્વભવના મિત્રદેવો આવીને પૂર્વભવે કરેલા પાપોને યાદ કરાવી આવેલા દુઃખને સમાધિપૂર્વક ભોગવવા માટેનો પ્રયત્ન કરાવે છે. આવા મિથ્યાદ્રષ્ટિ નારકીના જીવોને પાપના પશ્ચાતાપ પૂર્વક દુઃખ ભોગવતાં ઘણાં ખરાં કર્મો ખપી જતાં લઘુકર્મીપણાને પ્રાપ્ત કરે છે અને એ લઘુકર્મી આત્માઓ મિથ્યાત્વને મંદ કરવાનો પુરૂષાર્થ કરતા સાચા સુખના અભિલાષી બને છે. અને એ સુખની અભિલાષાથી પ્રયત્ન કરતાં કરતાં શુધ્ધ યથાપ્રવૃત્તકરણને પ્રાપ્ત કરી અપૂર્વકરણ નામના

અધ્યવસાયને પેદા કરીને ગ્રંથીભેદ કરી ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે અને એ ઉપશમ સમકિતમાંથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી પોતાના આયુષ્યકાળ સુધી સમકિતે ટકાવીને દુઃખની વેદનામાં સમાધિપૂર્વક કાળ પસાર કરે છે. એટલે કે જે ત્રણ અજ્ઞાન કર્મબંધમાં સહાયભૂત થતા હતા એને બદલે પુરૂષાર્થ કરીને ત્રણ જ્ઞાન રૂપે બનાવીને કર્મની નિર્જરામાં સહાયભૂત કરતા જાય છે.

દુઃખની વેદના કરતાં સમકિતી નારકીને ભૂતકાળમાં કરેલા પાપના પશ્ચાતાપની વેદના વધુ હોય છે. નરકને વિશે એટલે કે ૧ થી ૩ નારકીને વિશે જે જીવો મનુષ્યપણામાં ૧લા ગુણસ્થાનકે નરકનું આયુષ્ય બાંધીને પછી પુરૂષાર્થ કરીને ક્ષયોપશમ સમકિત કે ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી તિર્થંકર નામકર્મ નિકાચિત કરી લીધું હોય એવા જીવો ૧ થી ૩ નરકને વિશે ઉત્પન્ન થાય અને પ્ર્વભવનું જેટલું ભણેલું શ્રુતજ્ઞાન હોય તે સાથે લઇને નરકમાં જાય છે. આવા જીવોનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આવી દુઃખની વદેનામાં પણ નિર્મળ રૂપે રહેલું હોય છે. ને દુઃખના કાળમાં જ્ઞાનના બળે પરમ સમાધિ પ્રાપ્ત કરીને પોતાના આત્માને જ્ઞાનના ઉપયોગમાં સ્થિર રાખીને જે પૂર્વભવનું શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન સાથે આવેલું છે એને પરાવર્તન કરતા કરતા એમનો કાળ પસાર કરે છે. આવા તીર્થંકર નામકર્મ નિકાચિત કરેલા નરકગતિમાં અસંખ્યાતા ક્ષાયિક સમકિતી જીવો, અસંખ્યાતા ક્ષાયોપશમિક સમકિતી જીવો સદા માટે વિદ્યમાન હોય છે.

આ જીવો તીર્થંકર નામકર્મ નિકાચીત કરીને ગયેલા હોવાથી નરકમાં શુભ પુદ્ગલોનો આહાર પ્રાપ્ત થાય છે. એટલે કે નરકમાં શુભ પુદ્ગલોનો જ આહાર કરે છે. તીર્થંકર નામકર્મ નિકાચીત સિવાયના ૧ થી ૩ નારકીને વિશે ક્ષાયિક સમકિતી જીવો અસંખ્યાતા રહેલા છે. ક્ષયોપશમ સમકિતી જીવો અસંખ્યાતા રહેલા છે અને ઉપશમ સમકિત પામતાં અસંખ્યાતા જીવો હોય છે. આ ત્રણે પ્રકારના સમકિતી જીવોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ક્ષયોપશમભાવે જેટલું પેદા થયેલું હોય એ યથાર્થરૂપે જ્ઞાન પેદા થયેલું હોય છે. એટલે કે છોડવાલાયક પદાર્થમાં છોડવાલાયકની બુધ્ધિ રૂપે અને ગ્રહણ કરવા લાયક પદાર્થોમાં ગ્રહણ કરવાલાયકની બુધ્ધિ રૂપે જ્ઞાન પેદા થયેલું હોય છે. એ જ્ઞાનના બળે એના ઉપયોગથી નરકની દુઃખની વેદનામાં પોતાના આત્માને સમાધિમાં રાખી શકે છે અને સકામ નિર્જરા સાધતા જાય છે. પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય છે અને બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસ અલ્પરૂપે બાંધતાં જાય છે.

૪ થી ૬ નરકને વિશે મિથ્યાદ્રષ્ટિ જીવોને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન હોય છે. આ મિથ્યાદ્રષ્ટિ જીવો પુરૂષાર્થ કરીને લઘુકર્મી બનતાં બનતાં મિથ્યાત્વ ગુણસ્થાનકે શુધ્ધ યથાપ્રવૃત્તકરણ નામના અધ્યવસાયને પ્રાપ્ત કરી અપૂર્વકરણ નામના અધ્યવસાયથી ગ્રંથીભેદ કરીને અનિવૃત્તિકરણ નામના અધ્યવસાયથી પુરૂષાથ કરીને ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. આવા ઉપશમ સમકિત પામતાં અને ઉપશમ સમકિતના કાળમાં રહેલા અસંખ્યાતા જીવો હોય છે કે જેઓનું મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન જ્ઞાનરૂપે બનીને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન રૂપે પ્રાપ્ત થાય છે, એ જ્ઞાનના બળે નરકની વેદનામાં આત્માને સમાધિ રૂપે રાખીને સકામ નિર્જરા કરતા જાય છે. પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય છે અને બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસ અલ્પરસે બાંધતાં જાય છે.

૪ થી ૬ નરકમાં રહેલા જીવો ક્ષયોપશમ સમકિત લઇને ગયેલા હોય અથવા ઉપશમ સમકિતમાંથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરેલી હોય એવા ક્ષયોપશમ સમકિતી જીવો અસંખ્યાતા હોય છે. આ જીવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન આ ત્રણ જ્ઞાન રહેલા હોય છે. એ જ્ઞાનના બળે દુઃખની વેદનામાં પોતાના આત્માને સમાધિમાં રાખીને સકામ નિર્જરા કરતા જાય છે. પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય ચે અને

બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસ અલ્પરૂપે બાંધતા જાય છે. ૪ થી ૬ નરકને વિશે ક્ષાયિક સમકિતી જીવો હોતા નથી. માટે ઉપશમ અને ક્ષયોપશમ આ બે સમકિતવાળા જીવો હોય છે.

**નિયમ ૧ :-** કેટલાક મનુષ્યો અને તિર્યંચો મનુષ્યભવમાં અને તિર્યંચભવમાં પહેલે ગુણસ્થાનકે ૧ થી ૬ નારકીમાંથી કોઇ પણ નારકીનું આયુષ્ય બાંધેલું હોય અને પછી એ ભવમાં ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે એ ક્ષયોપસમ સમકિતના કાળમાં અવધિજ્ઞાનની પ્રાપ્તિ કરે એટલે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એમ ત્રણ જ્ઞાનવાળા એ જીવો બને છે. એ ત્રણ જ્ઞાન સાથે ક્ષયોપશમ સમકિત લઇને ૧ થી ૬ નરકમાંથી કોઇપણ નરકમાં ઉત્પન્ન થાય તો ત્રણ જ્ઞાન સાથે ઉત્પન્ન થઇ શકે છે. જીવને અવધિજ્ઞાન પેદા થયા પછી એ અવધિજ્ઞાન સાધિક ૬૬ સાગરોપમ સુધી રહી શકે છે. જેટલો ક્ષયોપશમ સમકિતનો કાળ એટલો અવધિજ્ઞાનનો કાળ.

**સાતમી નારકીના જીવોને વિશે :-** મિથ્યાત્વ લઇને જીવો ઉત્પન્ન થાય છે. પહેલે ગુણસ્થાનકે સાતમી નારકીમાં મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન રહેલા હોય છે. કેટલાક મિથ્યાદ્રષ્ટિ જીવો જાતિસ્મરણ જ્ઞાનથી અથવા ક્ષેત્રજન્ય દુઃખની વેદનાથી અથવા પરસ્પર દુઃખની વેદનાથી વિચારણા કરતાં કરતાં લઘુકર્મીપણાને પ્રાપ્ત કરી, શુધ્ધ યથાપ્રવૃત્તકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરી, અપૂર્વકરણ અધ્યવસાયથી ગ્રંથીભેદ કરીને અનિવૃત્તિકરણ અધ્યવસાયથી ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે. આવી રીતે ઉપશમ સમકિત પામતાં અને ઉપશમ સમકિતમાં રહેલા અસંખ્યાતા જીવો હોય છે. આ જીવોને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન જ્ઞાનરૂપે બને છે. એટલે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન રૂપે પરાવર્તન પામે છે. એ જ્ઞાનના ઉપયોગથી પોતાના આત્માને સમાધિમાં રાખીને દુઃખને વેઠતાં વેઠતાં સકામ નિર્જરા કરતા જાય છે. પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય છે અને બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસ અલ્પ બાંધતાં જાય છે. આવા અસંખ્યાતા ઉપશમ સમકિતી જીવો ઉપશમ સમકિતનો કાળ પૂર્ણ થાય એટલે ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે અન એ ક્ષયોપશમ સમકિત ૩૩ સાગરોપમ સુધી ટકાવી શકે છે. જ્યારે આયુષ્ય બાંધવાનો કાળ પ્રાપ્ત થાય તે વખતે અવશ્ય મિથ્યાત્વને પામે છે અને નિયમા તિર્યંચનું આયુષ્ય બાંધે છે ત્યાર પછી સાતમી નારકીમાંથી નીકળીને જીવ નિયમા તિર્યંચ જ થાય છે. વિભંગજ્ઞાનની સ્થિતિ એટલે કે વિભંગજ્ઞાન પ્રાપ્ત થયા પછી સાધિક ૬૬ સાગરોપમ કાળ સુધી વિભંગજ્ઞાન રહી શકે છે. કોઇ જીવ સાતમી નારકીમાં ૩૩ સાગરોપમ સુધી મિથ્યાત્વ ગુણસ્થાનકે રહીને ત્રણ અજ્ઞાન સહિત તિર્યંચનું આયુષ્ય બાંધીને તિર્યંચમાં ઉત્પન્ન થાય અને ત્યાં ત્રણ અજ્ઞાન લઇને જાય, તિર્યંચગતિમાં પણ ત્રણ અજ્ઞાનનો ક્ષયોપશમભાવ ટકાવી રાખે અને ત્યાંથી સાતમી નારકીનું આયુષ્ય બાંધી ત્રણ અજ્ઞાન સહિત સાતમી નારકીમાં ૩૩ સાગરોપમ આયુષ્યવાળો નારકી થાય તો તિર્યંચભવ અધિક ૬૬ સાગરોપમ સુધી વિભંગજ્ઞાન રહી શકે છે. કોઇ જીવ ૩૩ સાગરોપમ સુધી ક્ષયોપશમ સમકિત ટકાવીને આયુષ્ય બાંધતી વખતે મિથ્યાત્વને પામે, એક અંતર્મુહૂર્તમાં આયુષ્ય બાંધ્યા પછી ફ્રીથી સમકિતની પ્રાપ્તિ કરી શકે છે અને મરતી વખતે સમકિત લઇને તિર્યંચમાં જઇ શકતા નથી પણ નિયમા મિથ્યાત્વગુણસ્થાનક લઇને જ તિર્યંચમાં જાય છે. ૬ મહીના પહેલાં આયુષ્યનો બંધ કરે છે. (દરેક નારકીના જીવો) ત્યાંના ૬ મહીના એટલે અહીંના એક વર્ષ બરાબર દેવતા અને નારકીનો એક દિવસ જાણવો. આ રીતે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા એટલે કે સાગરોપમના આયુષ્યવાળા નારકી અને દેવોને વિશે વ્યવહાર જાણવો. સંખ્યાતવર્ષના આયુષ્યવાળા દેવ અને નારકને વિષે આપણા જેવા જ

દિવસ-મહિના-વર્ષનું પ્રમાણ હોય છે.

તિર્યંચગતિમાં ૩ જ્ઞાન અને ૩ અજ્ઞાન એમ ૬ જ્ઞાન હોય છે. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન. સામાન્ય રીતે મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન આબે અજ્ઞાન મિથ્યાદ્રષ્ટિ તિર્યંચોને હોય છે જે તિર્યંચો સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પહેલે ગુણસ્થાનકે તપશ્ચર્યા આદિ કરીને અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત કરે તો એ કર્મના ક્ષયોપશમભાવથી વિભંગજ્ઞાન પેદા થાય છે. આવા જીવો બહુ ઓછા હોય છે. આ રીતે બે અજ્ઞાનવાળા અથવા ૩ અજ્ઞાનવાળા જીવો પુરૂષાર્થ કરીને લઘુકર્મી બનીને જાતિસ્મરણ જ્ઞાનથી અથવા દુઃખની વેદનાથી અથવા તિર્થંકરો કે ગુરૂઓના ઉપદેશથી મોક્ષના અભિલાષી બનીને શુધ્ધ યથાપ્રવૃત્તકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરે છે. તેમાં ક્રમસર આગળ વધતાં વધતાં અપૂર્વકરણ અધ્યવસાયથી ગ્રંથીભેદ કરીને અનિવૃત્તિકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરીને.

ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે અને તેમાંથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે અને તેનાથી બે અજ્ઞાનવાળા જીવોનું જ્ઞાન મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન રૂપે પરિણામ પામે છે તેમજ ત્રણ અજ્ઞાનવાળા જીવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાનરૂપે પરિણામ પામે છે અથવા ક્ષયોપશમ સમકિત લઇને નારકીમાંથી, તિર્યંચમાંથી, મનુષ્યમાંથી અને દેવમાંથી તિર્યંચરૂપે ઉત્પન્ન થઇ શકે છે. એવા જીવોને પણ ક્ષયોપશમ સમકિત હોય છે. આ ક્ષયોપશમ સમકિતવાળા જીવો પુરૂષાર્થ કરીને તપશ્ચર્યા આદિ જીવનમાં કરતા કરતા અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત કરીને અવધિજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આવા ઉપશમ સમકિતી જીવો અને ક્ષયોપશમ સમકિતી જીવો ત્રણ જ્ઞાનસહિત અસંખ્યાતા હોય છે. એના કરતાં અસંખ્યાતગુણ અધિક બે જ્ઞાનવાળા સમકિતી જીવો હોય છે, એના કરતાં અસંખ્યગુણ અધિક ત્રણ અજ્ઞાનવાળા મિથ્યાદ્રષ્ટિ તિર્યંચો હોય છે એના કરતાં અસંખ્યાતગુણ અધિક બે અજ્ઞાનવાળા જીવો સદા માટે રહેલા હોય છે. કેટલાક ક્ષયોપશમ સમકિતી જીવો જાતિસ્મરણ જ્ઞાનથી અથવા તિર્થંકરોના ઉપદેશથી અથવા ગુરૂઓના ઉપદેશથી પોતાના પાપનો પશ્ચાતાપ કરતાં કરતાં દેશવિરતી ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે અને પોતાની શક્તિ મુજબ વ્રત, નિયમ ગ્રહણ કરીને સારામાં સારી રીતે પાલન કરે છે. આવા દેશવિરતી ક્ષયોપશમ સમકિતી તિર્યંચો સદા માટે અસંખ્યાતા વિદ્યમાન હોય છે. એવી જ રીતે જે મિથ્યાદ્રષ્ટિ તિર્યંચો છે એ પુરૂષાર્થથી ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરતા હોય એની સાથે ને સાથે જ દેશવિરતીપણાને પ્રાપ્ત કરનારા તિર્યંચો પણ હોય છે. આથી દેશવિરતીપણામાં ઉપશમસમકિતી તિર્યંચો અને ક્ષયોપશમ સમકિતી તિર્યંચો બંને અસંખ્યાતા હોય છે.

અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચોને વિશે પહેલા ગુણસ્થાનકમાં રહેલા તિર્યંચોને બે અજ્ઞાન એટલે કે મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે અજ્ઞાન જ હોય છે પણ વિભંગજ્ઞાન હોતું નથી. જ્યારે ચોથે ગુણસ્થાનકે રહેલા તિર્યંચો ક્ષયોપશમ સમકિતી અસંખ્યાતા હોય છે અને ક્ષાયિક સમકિતી તિર્યંચો અસંખ્યાતા હોય છે અને ત્યાં ઉપશમ સમકિત પામનારા અસંખ્યાતા તિર્યંચો હોય છે. આ ત્રણે પ્રકારના સમકિતી તિર્યંચોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ બે જ્ઞાન હોય છે. પણ અવધિજ્ઞાન હોતું નથી. કારણ કે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચોને તપશ્ચર્યા કરવાની હોતી નથી. માત્ર સુખનો કાળ પસાર કરવા માટે ત્યાં ઉત્પન્ન થયેલા હોય છે.

મનુષ્યગતિને વિશે સામાન્ય રીતે પાંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન એમ આઠેય જ્ઞાન હોય છે તેમાં

અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા એટલે કે યુગલિક મનુષ્યોમાં મિથ્યાદ્રષ્ટિ જીવોને વિશે મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે જ્ઞાન હોય છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા સમકિતી જીવોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન હોય છે. એ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોમાં કેટલાક મનુષ્યો ઉપશમ સમકિત અને ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત કરતા હોય છે. કેટલાક ક્ષયોપશમ સમકિત લઇને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને વિશે ઉત્પન્ન થાય છે. અને કેટલાક ક્ષાયિક સમકિત લઇને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. આ ઉપશમ સમકિતી, ક્ષયોપશમ સમકિતી અને ક્ષાયિક સમકિતી જીવોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ બે જ્ઞાન જ હોય છે.

કોઇ સંજ્ઞી પર્યાપ્તા મનુષ્યો અને સંજ્ઞી પર્યાપ્તા તિર્યંચો સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પહેલે ગુણસ્થાનકે રહીને યુગલિક મનુષ્યનું આયુષ્ય બાધ્યું હોય અને પછી એ ભવમાં પુરૂષાર્થ કરીને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે તો મરણ વખતે ક્ષયોપશમ સમકિત લઇને યુગલિક મનુષ્યમાં ઉત્પન્ન થઇ શકે છે.

કેટલાક સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પર્યાપ્તા મનુષ્યો પહેલા સંઘયણવાળા તીર્થંકરના કાળમાં રહેલા હોય અને આઠ વર્ષની ઉપરની ઉંમર હોય એવા મનુષ્યોએ પહેલે ગુણસ્થાનકે યુગલિક મનુષ્યનું આયુષ્ય બાંધ્યું હોય અને પછી પુરૂષાર્થ કરીને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે અને એ ક્ષયોપશમ સમકિતના કાળમાં પુરૂષાર્થ કરીને ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે તો એ ક્ષાયિક સમકિત લઇને યુગલિક મનુષ્યમાં ઉત્પન્ન થઇ શકે છે. એવા યુગલિક મનુષ્યોને જ ક્ષાયિક સમકિત હોય છે. બાકી યુગલિક મનુષ્યો સમકિતની પ્રાપ્તિ કરી શકતા નથી.

## ***સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યોને વિશે પાંચ જ્ઞાનનું વર્ણન.***

આ જીવોમાં પાંચે જ્ઞાનમાંથી કોઇને કોઇ જ્ઞાનવાળા જીવો જગતને વિશે વિદ્યમાન હોય છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો પાંચ ભરતક્ષેત્ર રૂપ કર્મભૂમિને વિશે, પાંચ ઐરવત ક્ષેત્ર રૂપ કર્મભૂમિને વિશે અને પાંચ મહાવિદેહ ક્ષેત્રરૂપ કર્મભૂમિને વિશે રહેલા હોય છે. તેમાં પાંચ ભરત અને પાંચ ઐરવત એમ દસ ક્ષેત્રને વિશે મોટા ભાગના મિથ્યાદ્રષ્ટિ મનુષ્યોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે અજ્ઞાન મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ઉદયભાવ અને ક્ષયોપશમ ભાવથી રહેલું હોય છે. થોડાઘણા મિથ્યાદ્રષ્ટિ જીવોને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી પહેલે ગુણસ્થાનકે વિભંગજ્ઞાન પેદા થયેલું હોય છે અત્યારે હાલમાં પણ ભગવાન મહાવીરનું શાસન જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિશે ૨૫ાા આર્યદેશમાં વિદ્યમાન છે. તેમાં રહેલા થોડાઘણા મિથ્યાદ્રષ્ટિ મનુષ્યોને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી વિભંગજ્ઞાન પણ હોય છે. આથી મિથ્યાદ્રષ્ટિ મનુષ્યોને ત્રણ અજ્ઞાન કહેવાય છે. આવી જ રીતે બાકીના ચાર ભરતક્ષેત્રને વિશે અને પાંચ ઐરવતક્ષેત્રને વિશે રહેલા મનુષ્યોમાં પહેલે ગુણસ્થાનકે ત્રણ અજ્ઞાન ગણાય છે. ચોથે ગુણસ્થાનકે રહેલા મનુષ્યોમાં મોટા ભાગના મનુષ્યોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એમ બે જ્ઞાન હોય છે. કેટલાક મિથ્યાદ્રષ્ટિ મનુષ્યો પોતાના ભારેકર્મો નાશ કરીને, લઘુકર્મી બનવાનો પુરૂષાર્થ કરીને દેવ, ગુરૂ, ધર્મની આરાધનાના આલંબનથી પુરૂષાર્થ કરતા કરતા શુધ્ધ યથાપ્રવૃત્તકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરે છે. એમાં આગળ વધતા વધતા અપૂર્વકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરે છે. એ અધ્યવસાયથી ગ્રંથીભેદ કરીને અનિવૃત્તિકરણ અધ્યવસાયને પામીને ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. એ ઉપશમ સમકિતના કાળમાં મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની જીવ હોય તો તે અજ્ઞાન,

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન રૂપે પરિણામ પામે છે અને મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની જીવ હોય તો ઉપશમ સમકિત પામતાની સાથે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન રૂપે પરિણામ પામે છે. એ ઉપશમ સમકિતમાંથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે. અને બે જ્ઞાન અથવા ત્રણ જ્ઞાનથી દેવ-ગુરૂની ભક્તિ કરતાં કરતાં પોતાના ક્ષયોપશમ સમકિતને નિર્મળ કરતા કરતા અતિચાર ન લાગે એવી કાળજી રાખીને સકામ નિર્જરા કરતા જાય છે. પુણ્યાનુબંધી પુણ્ય પણ બાંધતા જાય છે અને બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસ અલ્પ કરતાં કરતાં પોતાનું જીવન ચોથે ગુણસ્થાનકે રહીને જીવતા હોય છે. અત્યારે આ કાળમાં પાંચ ભરત, અને પાંચ ઐરવત ક્ષેત્રને વિશે રહેલા મનુષ્યો ક્ષયોપશમ સમકિતમાંથી ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી શકતા જ નથી. તેમ જ સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકતા જ નથી. તથા ત્રણ જ્ઞાનથી અધિક જ્ઞાનની પણ પ્રાપ્તિ કરી શકતા જ નથી.

૫ મહાવિદહ ક્ષેત્રને વિશે રહેલા મનુષ્યોમાં મોટા ભાગના જીવો મિથ્યાદ્રષ્ટિ હોય છે. ૪થા આરાનો કાળ હોવા છતાં એક એક મહાવિદેહ ક્ષેત્રને વિશે ૩૨ વિજયો હોય છે. એકેક વિજય ૩૨૦૦૦ દેશોથી યુક્ત હોય છે. એ ૩૨૦૦૦ દેશોમાંથી ૨૫।। આર્યદેશો દરેક વિજયમાં હોય છે. એક વિજય એટલ છ ખંડથી યુક્ત હોય છે. એમાં જે મધ્યખંડ રૂપે હોય છે તેમાંજ ૨૫।। આર્યદેશ હોય છે. એની સાથે બીજા અનાર્યદેશો હોય છે. જ્યારે બીજા પાંચ ખંડોને વિશે એકલા અનાર્ય દેશો જ હોય છે. આમ ૩૨ વિજ્યને વિશે {(૩૨ X ૨૫।।) = ૮૧૬} આર્યદેશો એક મહાવિદેહ ક્ષેત્રને વિશે હોય છે. આવી રીતે પાંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે {(૮૧૬ X ૫) = ૪૦૮૦} આર્યદેશો હોય છે. જ્યાં ધર્મ શબ્દ સાંભળવા ન મળે તે અનાર્ય ક્ષેત્ર.

૩૨ વિજયને વિશે કુલ ૧૫૫૯૨૦ અનાર્ય દેશો હોય છે.

મહાવિદેહ ક્ષેત્રના એ મિથ્યાદ્રષ્ટિ દેવોને મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી અને ઉદયભાવથી મિથ્યાત્વની હાજરીમાં આ બે અજ્ઞાન હોય છે. કેટલાક મિથ્યાદ્રષ્ટિ મનુષ્યો તપશ્ચર્યા આદિ પુરૂષાર્થ કરીને અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમભાવ પેદા કરે તો તેનાથી વિભંગજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આર્યદેશમાં રહેલા કેટલાક મિથ્યાદ્રષ્ટિ જીવો પુરૂષાર્થ કરીને લઘુકર્મીપણાને પામે અને એ લઘુકર્મીપણાથી પુરૂષાર્થ કરતાં કરતાં શુધ્ધ યથાપ્રવૃત્તકરણ અધ્યવસાયને પામીને, અપૂર્વકરણ અધ્યવસાયને પામીને ગ્રંથીભેદ કરી, અનિવૃત્તિકરણના અધ્યવસાયથી ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે. એવા ઉપશમ સમકિતી જીવોને બે અજ્ઞાનનો ક્ષયોપશમભાવ અથવા ૩ અજ્ઞાનનો ક્ષયોપશમભાવ, બે જ્ઞાનરૂપે અથવા ત્રણ જ્ઞાનરૂપે પ્રાપ્ત થાય છે. એ ઉપશમ સમકિતમાંથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે તે વખતે એ સમકિતના કાળમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમભાવથી દર્શનમોહનીય કર્મ નિકાચિત ન હોય તો પુરૂષાર્થ કરીને ક્ષાયિક સમકિત પામવા માટે ક્ષપકશ્રેણીની શરૂઆત ચોથા ગુણસ્થાનકે અથવા ૪ થી ૭ ગુણસ્થાનકમાં કરે છે અને તે વખતે પોતાના જ્ઞાનના ક્ષયોપશમભાવને સ્થિરતા અને એકાગ્રતાથી સૌથી પહેલાં અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ આ ચાર કષાયના પુદ્ગલોનો દરેક આત્મપ્રદેશ ઉપરથી સંપૂર્ણ ક્ષય કરે છે. આ ચારનો ક્ષય કર્યા પછી આગળ દર્શન મોહનીય પ્રકૃતિઓનો ક્ષય કરવાની શક્તિ ન હોય તો આ ચાર પ્રકૃતિઓનો નાશ કરીને અટકી જાય છે. જે જીવોએ પહેલે ગુણસ્થાનકે ૧ થી ૩ નરકમાંથી કોઇપણ નારકીનું આયુષ્ય બાંધ્યું હોય, પરભવનું મનુષ્ય અને તિર્યંચનું અસંખ્યાત વર્ષનું આયુષ્ય બાંધ્યું હોય અને દેવન, વૈમાનિક દેવલોકનું આયુષ્ય બાંધ્યું હોય અને પછી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે અને દર્શનમોહનીય નિકાચિત ન હોય તો

ક્ષાયિક સમકિત પમાવાનો પ્રયત્ન કરે એ જીવો અનંતાનુબંધી ચાર કષાયનો ક્ષય કરીને આગળની ત્રણ પ્રકૃતિઓનો ક્ષય કરવાની તાકાત ન હોય તો ત્યાં અટકી જાય છે. કેટલાક જીવોને દર્શન મોહનીયનો ક્ષય કરવાની શક્તિ હોય તો એ જીવો દર્શન મોહનીયમાં પહેલાં મિથ્યાત્વ મોહનીયનો ક્ષય કરે છે, પછી મિશ્રમોહનીયનો ક્ષય કરે છે અને પછી છેલ્લે સમ્યક્ત્વ મોહનીય કર્મનો ક્ષય કરે છે. આ રીતે સમ્યક્ત્વ મોહનીયનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જીવ ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે છે અને પૂર્વે જે પ્રમાણે આયુષ્ય બાંધ્યું હોય તે પ્રમાણે પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં કાળ કરીને તે તે ગતિને વિશે ઉત્પન્ન થઇ શકે છે. તે વખતે બે જ્ઞાન અથવા ત્રણ જ્ઞાન આ બંનેમાંથી કોઇપણ જ્ઞાન હોઇ શકે છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચમાં ઉત્પન્ન થાય તો નિયમા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન જ સાથે લઇને જઇ શકે છે અને નારકી અને દેવમાં ઉત્પન્ન થાય તો ત્રણ જ્ઞાન સાથે લઇને ઉત્પન્ન થઇ શકે છે. અથવા કેટલાક બે જ્ઞાન લઇને ઉત્પન્ન થઇ શકે છે.

મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા મનુષ્યો સમકિત પામ્યા પછી પોતાના અધ્યવસાયને નિર્મળ કરતાં કરતાં છઠ્ઠા ગુણસ્થાનકે રહીને સંજ્વલન-સંજ્વલન કષાયથી નિરતિચારપણે ચારિત્રનું પાલન કરતાં અનેક પ્રકારના તપનું આચરણ કરતાં કરતાં અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે છઠ્ઠા અને ૭મા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરતાં કરતાં અનેક પ્રકારની લબ્ધિઓને પ્રાપ્ત કરતા જાય છે. એ લબ્ધિઓનો ક્ષયોપશમ ભાવ મોટે ભાગે શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી જીવને પેદા થતો જાય છે. આ રીતે લબ્ધિઓને પ્રાપ્ત કરીને સંસાર પ્રત્યે દ્વેષ બુધ્ધિ ન હોય અને મોક્ષ પ્રત્યે રાગબુધ્ધિ પણ ન હોય એટલે કે સંસાર અને મોક્ષ પ્રત્યે સમાન બુધ્ધિવાળા થયેલા આત્માઓને ૭મા ગુણસ્થાનકનો પરિણામ આવે એટલે કે જેટલું જાણે છે એટલાનું આચરણ કરે છે એને એટલાની અંતરમાં પૂર્ણ શ્રધ્ધા રહેલી હોય છે. એટલે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણેના એકાકારપણાના પરિણામને પ્રાપ્ત કરે છે. ત્યારે જીવોને મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી મનઃપર્યવજ્ઞાન પેદા થાય છે. આ મનઃપર્યવજ્ઞાનથી અઢીદ્વિપને વિશે રહેલા એટલે કે મનુષ્યલોકને વિશે રહેલા સંજ્ઞી પર્યાપ્તા જીવોના ભૂતકાળમાં વિચારેલા વર્તમાનમાં વિચારાતા અને ભવિષ્યમાં વિચારશે એવા પરિણામોને મનોવર્ગણાના પુદ્ગલો દ્વારા જાણી શકે છે અને જોઇ શકે છે એને મનઃપર્યવજ્ઞાન કહે છે. જે જીવોને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન પેદા થયેલું હોય એ જીવો એ ભવમાં જ કેવલજ્ઞાન પામીને મોક્ષે જનારા હોય છે. એટલે કે એ ભવમાં નિયમા મોક્ષે જાય છે. અને જે જીવોને ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન પેદા થયેલું હોય એ જીવો એ ભવે પણ મોક્ષે જાય અથવા સંખ્યાતા ભવ સંસારમાં પરિભ્રમણ કર્યા પછી પણ મોક્ષે જાય અથવા અસંખ્યાતા કે અનંતા ભવ પરિભ્રમણ કરીને પછી મોક્ષે જનારા હોય છે.

(૧) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ક્ષયોપશમ ભાવે હોય છે. જ્યારે પાંચમું કેવલજ્ઞાન ક્ષાયિકાભાવે હોય છે.

(૨) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ક્ષયોપશમભાવવાળું જ્ઞાન હોવા છતાં એ બે જ્ઞાન પરાક્ષજ્ઞાન કહેવાય છે. કારણ કે ઇંદ્રિયની સહાયથી જીવોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. બીજાની સહાયથી જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી એ જ્ઞાનને પરોક્ષ જ્ઞાન કહેવાય છે.

(૩) અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ક્ષયોપશમભાવે હોવા છતાં ઇંદ્રિયની સહાય વિના પેદા થતું હોવાથી એ બે જ્ઞાનને પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. એ આત્માના કોઇપણ પ્રદેશ ઉપરથી પેદા થઇ શકે છે.

(૪) કેવળજ્ઞાન પેદા કરવા માટે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાનના ક્ષયોપશમભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. કેટલાક જીવોને મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાનના ક્ષયોપશમભાવથી કેવલજ્ઞાન પેદા થઇ શકે છે. કેટલાક જીવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ ત્રણ જ્ઞાનના ક્ષયોપશમભાવથી કેવળજ્ઞાન પેદા થઇ શકે છે અને કેટલાક જીવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ ચાર જ્ઞાનના ક્ષયોપશમભાવથી કેવળજ્ઞાન પેદા થઇ શકે છે. કેવળજ્ઞાન એટલે જગતમાં રહેલા સઘળાય પદાર્થોને એટલે કે રૂપી અરૂપી એના સઘળાય પર્યાયોને એટલે કે જગતને વિશે અનંતા રૂપી દ્રવ્યો જે રહેલા છે એના ભૂતકાળના અનંતા પર્યાયોને વર્તમાનના પર્યાયોને અને ભવિષ્યના અનંતા પર્યાયો થવાના છે એ અનંતા પર્યાયોને એક સમયમાં જુએ છે અને જાણે છે એને કેવળજ્ઞાન કહેવાય છે. જગતને વિશે અનંતા પુદ્ગલો રહેલા છે. તેમજ અનંતા આત્માઓ એટલે કે જીવો રહેલા છે. એ દરેક જીવના અસંખ્યાતા-સંખ્યાતા આત્મપ્રદેશો હોય છે. એ દરેક આત્મપ્રદેશ ઉપર એટલે કે દરેક આત્માના આઠ રૂચક પ્રદેશ સિવાયના દરેક આત્મપ્રદેશો ઉપર કેવલજ્ઞાનાવરણીય કર્મના સર્વઘાતી રસવાળા પુદ્ગલો સદા માટે રહેલા હોય છે. એ સર્વઘાતી રસવાળા પુદ્ગલોનો સંપર્ણ નાશ કરવા માટે જીવને મનયોગનો વ્યાપાર વિશેષ રીતે પેદા કરવાનો હોય છે. એ યોગને પેદા કરવા માટે સૌથી પહેલા મોહનીય કર્મના, દર્શન મોહનીય કર્મના પુદ્ગલોનો નાશ કરવાનો પ્રયત્ન કરવો પડે છે.

## દેવગતિને વિષે જ્ઞાનનું વર્ણન

દેવોના ચાર વિભાગો હોય છે.

(૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ, (૪) વૈમાનિક ભવનપતિ દેવોને વિષે.

ભવનપતિના અપર્યાપ્તા પચ્ચીશ દેવોને વિષે.

એમાં ભવનપતિ અપર્યાપ્તા-૧૦ + પરમાધામી અપર્યાપ્તા. ૧૫ = ૨૫ ભેદો થાય છે.

ભવનપતિ અપર્યાપ્તા દશ ભેદોને વિષે

મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાન તથા મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન અને ત્રણ જ્ઞાન છ હોય છે.

જે અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો મરીને ભવનપતિમાં ઉત્પન્ન થાય છે. જે સન્ની પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો ભવનપતિમાં ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વ સાથે ઉત્પન્ન થતા હોય તો મોટા ભાગે મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન એ બે અજ્ઞાન લઇને ઉત્પન્ન થતા હોય છે અને જે મિથ્યાત્વ સાથે કેટલાક જીવો વિભંગજ્ઞાન સાથે ઉત્પન્ન થતા હોય તો મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન સાથે ઉત્પન્ન થતા હોય છે.

સન્ની પર્યાપ્તા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો ભવનપતિ દેવમાં મિથ્યાત્વ સાથે ઉત્પન્ન થતા હોય તો નિયમા મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાન સાથે ઉત્પન્ન થાય છે કારણ કે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યોમાં વિભંગજ્ઞાન હોતુ નથી.

અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચોમાંથી જે જીવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે એ જીવોને અપર્યાપ્તા અવસ્થામાં વિભંગજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા થતો નથી પણ પર્યાપ્ત થયા પછી જ વિભંગજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા થાય છે આથી અપર્યાપ્ત અવસ્થામાં બે અજ્ઞાન જ હોય છે.

જ્યારે યુગલિક તિર્યંચ અને મનુષ્યમાંથી દેવમાં ઉત્પન્ન થાય અથવા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચા અને મનુષ્યો સન્ની પર્યાપ્તા રૂપે રહેલા એ દેવમાં ઉત્પન્ન થાય તો અપર્યાપ્ત અવસ્થાથી જ ત્રણ જ્ઞાનનો ક્ષયોપશમભાવ પેદા થતો હોવાથી મિથ્યાદ્રષ્ટિ દેવોને મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન તથા વિભંગજ્ઞાન એ ત્રણે જ્ઞાન અપર્યાપ્ત અવસ્થાથી જ હોય છે.

પંદર પરમાધામીમાં મિથ્યાત્વ ગુણસ્થાનક લઇને જ જીવો ઉત્પન્ન થતા હોવાથી અપર્યાપ્તઅવસ્થામાં મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન આ બે જ્ઞાન હોય છે અને અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ શરૂ થતાં વિભંગજ્ઞાન પણ હોય છે.

ભવનપતિના દશ અપર્યાપ્તા દેવોને વિષે બીજું ગુણસ્થાનક લઇને જીવો ઉત્પન્ન થતા હોય ત્યારે એ જીવોને મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન અ બે જ્ઞાન હોય છે અને ઉત્પત્તિ વખતે અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા થતાં વિભંગ જ્ઞાન પણ હોય છે. કેટલાક આચાર્યોના મતે ઉપશમ સમકીતથી પડતા જીવોને બીજું ગુણસ્થાનક પ્રાપ્ત થતું હોવાથી ઉપશમ સમકીતમાં જ્ઞાન હોવાથી બીજા ગુણસ્થાનકે પણ જ્ઞાન માને છે આથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન હોય છે.

ભવનપતિ દશ અપર્યાપ્તામાં જીવો ચોથું ગુણસ્થાનક લઇને જાય છે એટલે ક્ષયોપશમ સમકીત લઇને પણ જાય છે. આથી મોટાભાગના જીવોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન હોય છે અને કેટલાક જીવો મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન લઇને પણ ઉત્પન્ન થનારા હોય છે માટે ત્રણ જ્ઞાન પણ હોય છે.

ભવનપતિના-દશ અને પરમાધામીના પંદર એમ પચ્ચીશ પર્યાપ્તા દેવોને વિષે એકથી ચાર ગુણસ્થાનક હોવાથી પહેલા-બીજા અને ત્રીજા ગુણસ્થાનકે મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથા ગુણસ્થાનકે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે કારણ કે ચોથા ગુણસ્થાનકે આ જીવો નવું ઉપશમ સમકીત પામતા તે જીવોને ઉપશમ સમકીત હોય છે અને ક્ષયોપશમ સમકીત પણ હોય છે. કેટલાક પરમાધામી દેવો પુરૂષાર્થ કરીને ઉપશમ સમકીત પામે છે અને પછી ક્ષયોપશમ સમકીત પણ પામે છે. આથી આ બે સમકીતી દેવો ભનવપતિમાં અસંખ્યાતા હોય છે. એનાથી મિથ્યાદ્રષ્ટિ દેવો અસંખ્યાત ગુણા હોય છે.

## વ્યંતર જાતિના દેવોને વિષે જ્ઞાનનું વર્ણન

આ દેવોમાં આઠ વ્યંતર, આઠ વાણ વ્યંતર તથા દશ તિર્યંક્ જૃંભગ એમ છવ્વીશ અપર્યાપ્તા દેવો અને છવ્વીશ પર્યાપ્તા દેવો સાથે બાવન ભેદો થાય છે તેમાં અપર્યાપ્તા દેવોમા પહેલું બીજું અને ચોથું એ ત્રણ ગુણસ્થાનકો હોય છે આથી પહેલા બીજા ગુણસ્થાનકે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન આ બે જ્ઞાન કેટલાક દેવોને હોય છે અને કેટલાક દેવોને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથા ગુણસ્થાનકે એક ક્ષયોપશમ સમકીત હોવાથો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

છવ્વીશ પર્યાપ્તા દેવોને એકથી ચાર ગુણસ્થાનક હોવાથી પહેલા-બીજા-ત્રીજા ગુણસ્થાનકે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથા ગુણસ્થાનકે ઉપશમ સમકીત અને ક્ષયોપશમ સમકીત એ બે સમકીત હોવાથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ

જ્ઞાન હોય છે.

## *જ્યોતિષી દેવોને વિષે જ્ઞાનનું વર્ણન*

જ્યોતિષી દેવો સૂર્ય-ચન્દ્ર-ગ્રહ-નક્ષત્ર અને તારા એ પાંચ અઢીદ્વીપને વિષે એટલે પીસ્તાલીશ લાખ યોજનને વિષે એ પાંચના વિમાનો ફરતા હોય છે અને અઢી દ્વીપની બહારના ભાગમાં એ પાંચના વિમાનો સ્થિર હોય છે આથી દશ ભેદો ગણાય છે. એ દશ અપર્યાપ્તા દેવો અને દશ પર્યાપ્તા દેવો એમ વીશ ભેદો થાય છે.

દશ અપર્યાપ્તા દેવોને વિષે પહેલું, બીજું અને ચોથું એ ત્રણ ગુણસ્થાનક હોય છે.

પહેલા અને બીજા ગુણસ્થાનકે મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન એ બે અજ્ઞાન તેમજ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણઅજ્ઞાન હોય છે. ચોથા ગુણસ્થાનકે આ દેવોને ક્ષયોપશમ સમકીત હોય છે એટલે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

જ્યોતિષી પર્યાપ્તા દેવોને એકથી ચાર ગુણસ્થાનક હોય છે આથી એકથી ત્રણ ગુણસ્થાનકમાં મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથા ગુણસ્થાનકે આ જીવોને ઉપશમ સમકીત અને ક્ષયોપશમ સમકીત એમ બે સમકીત હોવાથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એમ ત્રણ જ્ઞાન હોય છે.

ભવનપતિ-વ્યંતર-જ્યોતિષી દેવોને વિષે ક્ષયોપશમ સમકીત લઇને જે જીવો જાય છે તેમાં કેટલાક જીવોએ પહેલે ગુણસ્થાનકે આયુષ્ય બાંધેલું હોય અને સમકીત પામે તો સમકીત લઇને જાય છે અથવા સાતિચાર ક્ષયોપશમ સમકીતની હાજરીમાં આયુષ્યનો બંધ કરે તો ભવનપતિ આદિ ત્રણમાંથી કોઇનું પણ આયુષ્ય બાંધે છે તો એવા જીવો આયુષ્યનો બંધ કરી ક્ષયોપશમ સમકીત લઇને ગયેલા હોય છે. કુમારપાલ મહારાજાનો આત્મા હાલ વ્યંતર જાતિના દેવમાં રહેલો છે.

## *વૈમાનિક દેવોને વિષે જ્ઞાનનું વર્ણન*

બાર દેવલોક + ત્રણ કિલ્બષીયા + નવ લોકાંતિક + નવ ગ્રૈવેયક + પાંચ અનુત્તર એમ આડત્રીશ દેવલોકો હોય છે તે અપર્યાપ્તા + પર્યાપ્તા ગણતાં છોંતેર દેવલોકના ભેદો થાય છે.

## બાર અપર્યાપ્તા દેવોને વિષે જ્ઞાનનું વર્ણન

આ જીવોને પહેલું-બીજું અને ચોથું એમ ત્રણ ગુણસ્થાનક હોય છે. તેમાં પહેલા અને બીજા ગુણસ્થાનકે મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન હોય છે. ચોથા ગુણસ્થાનકે ક્ષાયિક સમકીત અને ક્ષયોપશમ સમકીત એમ બે સમકીત હોય છે. આથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન આ ત્રણ જ્ઞાન હોય છે.

બાર દેવલોકના પર્યાપ્તા દેવોને એકથી ચાર ગુણસ્થાનક હોય છે તેમાં એકથી ત્રણ ગુણસ્થાનકમાં રહેલા જીવોને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથે ગુણસ્થાનકે ઉપશમ સમકીત-ક્ષયોપશમ સમકીત અને ક્ષાયિક સમકીત એ ત્રણ સમકીત હોવાથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

ત્રણ કિલ્બિષીયા અપર્યાપ્તા દેવોને વિષે એક મિથ્યાત્વ ગુણસ્થાનક હોવાથી મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન જ હોય છે.

ત્રણ કિલ્બિષીયા પર્યાપ્તા દેવોન વિષે એકથી ચાર ગુણસ્થાનક હોવાથી એકથી ત્રણ ગુણસ્થાનકને વિષે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથા ગુણસ્થાનકે ઉપશમ સમકીત અને ક્ષયોપશમ સમકીત હોવાથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રમ જ્ઞાન હોય છે.

નવ લોકાંતિક અપર્યાપ્તા દેવોને વિષે પહેલું, બીજું અને ચોથું એ ત્રણ ગુણસ્થાનક હોય છે તેમાં પહેલા-બીજા ગુણસ્થાનકે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથે ગુણસ્થાનકે ક્ષયોપશમ સમકીત અને ક્ષાયિક સમકીત એમ બે સમકીત હોય છે આથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

નવ લોકાંતિક પર્યાપ્તા દેવોને વિષે એકથી ચાર ગુણસ્થાનક હોય છે તેમાં એકથી ત્રણ ગુણસ્થાનકને વિષે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથા ગુણસ્થાનકે ઉપશમ-ક્ષયોપશમ અને ક્ષાયિક એમ ત્રણ સમકીત હોવાથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

નવ ગ્રૈવેયકના દેવોને વિષે અપર્યાપ્તા દેવોને પહેલું-બીજું અને ચોથું એ ત્રણ ગુણસ્થાનક હોય છે તેમાં પહેલા-બીજા ગુણસ્થાનકે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન હોય છે અને ચોથા ગુણસ્થાનકે ક્ષયોપશમ અને ક્ષાયિક એ બે સમકીત હોવાથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

નવ ગ્રૈવેયક પર્યાપ્તા દેવોને વિષે એકથી ચાર ગુણસ્થાનક હોય છે તેમાંથી એકથી ત્રણ ગુણસ્થાનકને વિષે મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે.

ચોથા ગુણસ્થાનકે ઉપશમ-ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ સમકીત હોવાથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

પાંચ અનુત્તર અપર્યાપ્તા દેવોને એક ચોથું જ ગુણસ્થાનક હોવાથી અને મોટા ભાગે ક્ષયોપશમ અને ક્ષાયિક સમકીત હોવાથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે.

કોઇ મનુષ્ય પહેલા સંઘયણવાળા ઉપશમ સમકીત સાથે ઉપશમ શ્રેણિ પ્રાપ્ત કરે અને એ ઉપશમ શ્રેણિમાં કાળ કરે તો ઉપશમ સમકીત લઇને પાંચ અનુત્તરમાં ઉત્પન્ન થાય છે પણ તે ઉપશમ સમકીત એક સમય રહેતુ હોવાથી અત્રે એની વિવક્ષા કરેલ નથી જો વિવક્ષા કરીએ તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન ઉપશમ સમકોતમાં દેવોમાં હોય છે.

એવી જ રીતે કોઇ મનુષ્ય બીજા અને ત્રીજા સંઘયણવાળા ઉપશમ સમકીત સાથે ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરે અને ઉપશમ શ્રેણિમાં કાળ કરે તો એ જીવો ઉપશમ સમકીત સાથે પાંચ અનુત્તર સિવાય વૈમાનિક દેવલોકના કોઇપણ દેવલોકમાં ઉત્પન્ન થાય છે પણ તે ઉપશમ સમકીત એક સમય રહેતુ હોવાથી અહીં વિવક્ષા કરી નથી પણ જો વિવક્ષા કરીએ તો અપર્યાપ્તાવસ્થામાં ઉપશમ સમકીતમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

પાંચ અનુત્તર પર્યાપ્તા દેવોને એક ચોથું ગુણસ્થાનક જ હોય છે અને એ ગુણસ્થાનકે એ દેવોને બે સમકીત હોય છે. ક્ષયોપશમ સમકીત અને ક્ષાયિક સમકીત. આથી આ દેવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને

અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન જ હોય છે પણ અજ્ઞાન હોતા નથી. કારણ કે એક થી ત્રણ ગુણસ્થાનક હોતા નથી.

**આ રીતે દેવોને વિષે જ્ઞાનનું વર્ણન સમાપ્ત.**

## આઠ જ્ઞાનમાં જીવભેદોનું વર્ણન

(૧) મતિજ્ઞાનને વિષે સન્ની અપર્યાપ્તા અને સન્ની પર્યાપ્તા બે જીવભેદો હોય છે.

૫૬૩ જીવભેદમાંથી, નારકીના-૧૩, પહેલી છ નારકી અપર્યાપ્તા-૬ અને ૭ નારકીના પર્યાપ્તા-૭ = ૧૩. કારણ કે સાતમી નારકીમાં જીવો સમકીત લઇને ઉત્પન્ન થતા ન હોવાથી અપર્યાપ્તામાં મતિજ્ઞાન હોતું નથી.

તિર્યંચ પંચેન્દ્રિયના-૧૦ ભેદ.

પાંચ અપર્યાપ્તા અને પાંચ પર્યાપ્તા = ૧૦

મનુષ્યના-૨૦૨ જીવ ભેદ. પંદર કર્મભૂમિ - ત્રીશ અકર્મભૂમિ - છપ્પન અંતરદ્વીપ = ૧૦૧. ગર્ભજ અપર્યાપ્તા અને ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા = ૨૦૨.

દેવોના - ૧૮૦ ભેદો હોય છે.

ભવનપતિના-૧૦, વ્યંતરના-૨૬, જ્યોતિષના-૧૦ અને વૈમાનિકના ૩૫ (ત્રણ કિલ્બિષીયા સિવાયના) ભવનપતિમાં-૧૫ -પરમાધામી સિવાયના એમ ૧૦ + ૨૬ + ૧૦ + ૩૫ = ૮૧ દેવના અપર્યાપ્તા તથા ૯૯ પર્યાપ્તા સાથે ૧૮૦ ભેદો થાય છે.

પરમાધામી દેવોને વિષે તથા કિલ્બિષીયા દેવોને વિષે સમકીત લઇને જીવો ઉત્પન્ન થતા ન હોવાથી ૧૫ + ૩ એમ ૧૮ અપર્યાપ્તા ભેદો ૧૯૮માંથી બાદ કરતાં ૧૮૦ ભેદો હોય છે.

આથી ૧૩ + ૧૦ + ૨૦૨ + ૧૮૦ = ૪૦૫ ભેદોને વિષે મતિજ્ઞાન હોય છે.

(૨) શ્રુતજ્ઞાન ને વિષે સન્ની અપર્યાપ્તા તથા સન્ની પર્યાપ્તા બે જીવભેદો હોય છે.

પાંચસો ત્રેસઠ ભેદોમાંથી ૪૦૫ ભેદો ઘટે છે.

મતિજ્ઞાનની જેમ જાણવા.

નારકીના ૧૩ - છ અપર્યાપ્તા + સાત પર્યાપ્તા.

તિર્યંચના-૧૦ - પાચ અપર્યાપ્તા + પાંચ પર્યાપ્તા.

મનુષ્યના-૨૦૨ - ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા.

૧૦૧ ગર્ભજ પર્યાપ્તા.

દેવના-૧૮૦ - ભવનપતિ-૨૦ - અપર્યાપ્તા + પર્યાપ્તા.

૧૫ - પરમાધામી પર્યાપ્તા.

વ્યંતર-૮ - વાણવ્યંતર - ૮, તિર્યક્જૃંભક-૧૦ = ૨૬.

આ ૨૬ પર્યાપ્તા + ૨૬ અપર્યાપ્તા = ૫૨.

જ્યોતિષી - ૧૦ અપર્યાપ્તા- ૧૦-પર્યાપ્તા = ૨૦.

વૈમાનિક - ૧૨ દેવલોક પર્યાપ્તા - અપર્યાપ્તા = ૨૪.

નવ લોકાંતિક - પર્યાપ્તા - અપર્યાપ્તા = ૧૮.

ત્રણ કિલ્બિષીયા - પર્યાપ્તા - ૩

નવ ગ્રૈવેયક - પર્યાપ્તા - અપર્યાપ્તા-૧૮

પાંચ અનુત્તર પર્યાપ્તા - અપર્યાપ્તા - ૧૦

૨૦ + ૧૫ + ૫૨ + ૨૦ + ૨૪ + ૧૮ + ૩ + ૧૮ + ૧૦ = ૧૮૦ દેવના ભેદો થાય છે.

આ રીતે ૧૩ + ૧૦ + ૨૦૨ + ૧૮૦ = ૪૦૫ થાય છે.

(૩) અવધિજ્ઞાનને વિષે સન્ની અપર્યાપ્તા અને સન્ની પર્યાપ્તા આ બે જીવભેદો હોય છે.

પાંચસો ત્રેસઠ જીવભેદોમાંથી.

| | | |
|---|---|---|
| નારકીના ૧૩ ભેદો. | છ અપર્યાપ્તા. | ૭ પર્યાપ્તા. |
| તિર્યંચના ૧૦ ભેદો. | ૫ અપર્યાપ્તા. | ૫ પર્યાપ્તા. |
| મનુષ્યના - ૩૦ | પંદર કર્મભૂમિ અપર્યાપ્તા. | |
| | પંદર કર્મભૂમિ પર્યાપ્તા. | |

અવધિજ્ઞાન સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને હોય છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને પેદા થતુ નથી માટે ગણતરીમાં લીધેલ નથી.

દેવોના - ૧૮૦

| | | | |
|---|---|---|---|
| ભવનપત - ૧૦ | પર્યાપ્તા-અપર્યાપ્તા | = | ૨૦ |
| પરમાધામી - ૧૫ | પર્યાપ્તા- | = | ૧૫ |
| વ્યંતર - ૨૬ | પર્યાપ્તા-અપર્યાપ્તા | = | ૫૨ |
| જ્યોતિષ - ૧૦ | પર્યાપ્તા-અપર્યાપ્તા | = | ૨૦ |
| વૈમાનિક - ૧૨ દેવલોક | પર્યાપ્તા-અપર્યાપ્તા | = | ૨૪ |
| કિલ્બિષીયા - ૩ | પર્યાપ્તા | = | ૦૩ |
| લોકાંતિક - ૯ | પર્યાપ્તા-અપર્યાપ્તા | = | ૧૮ |
| ગ્રૈવેયક - ૯ | પર્યાપ્તા-અપર્યાપ્તા | = | ૧૮ |
| અનુત્તર - ૫ | પર્યાપ્તા-અપર્યાપ્તા | = | ૧૦ |
| | | કુલ | ૧૮૦ |

આ રીતે કુલ. ૧૩ + ૧૦ + ૩૦ + ૧૮૦ = ૨૩૩ ભેદોને વિષે અવધિજ્ઞાન હોય છે.

(૪) મન:પર્યવજ્ઞાનને વિષે એક સન્ની પર્યાપ્તા જીવભેદ હોય છે.

આ જ્ઞાન મનુષ્યમાં જ હોય છે અને સાતમા ગુણસ્થાનકે પેદા થાય છે અને છઠ્ઠા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે આથી પદર કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્તા - ૧૫ મનુષ્ય ના જ ભેદો ઘટે છે. બાકીના જીવભેદોમાં આ જ્ઞાન હોતુ નથી.

(૫) કેવલજ્ઞાનને વિષે એક સન્ની પર્યાપ્તો જીવભેદ હોય છે. આ જ્ઞાન ચાર ઘાતી કર્મોનો નાશ થાય ત્યારે જ પેદા થાય છે અને મનુષ્યને જ થાય છે માટે મનુષ્યના પંદર કર્મભૂમિના પંદર ગર્ભજ પર્યાપ્તા જીવો જ ઘટે છે. બાકીના જીવો ઘટતા નથી.

(૬) મતિઅજ્ઞાન આ જ્ઞાનને વિષે ચૌદ જીવ ભેદો હોય છે.

પાંચસો ત્રેસઠ જીવભેદમાંથી ૫૫૩ જીવભેદો ઘટે છે.

નારકીના-૧૪ = ૭ અપર્યાપ્તા ૭ પર્યાપ્તા.

તિર્યંચના-૪૮ = એકેન્દ્રિયના-૨૨, વિકલેન્દ્રિયના-૬

પંચેન્દ્રિય તિર્યંચના-૨૦ = ૪૮.

મનુષ્યના-303 = અસન્ની અપર્યાપ્તા - ૧૦૧

સન્ની (ગર્ભજ) અપર્યાપ્તા - ૧૦૧

સન્ની (ગર્ભજ) પર્યાપ્તા - ૧૦૧ = 303

દેવના ૧૮૮ જીવભેદો હોય છે.

ભવનપતિ-૨૫ + વ્યંતર-૨૬ + જ્યોતિષ-૧૦

વૈમાનિકના - 33 એમાં બાર દેવલોક, 3 કિલ્બિષીયા, નવ લોકાંતિક, નવ ગ્રૈવેયક = 33.

આ રીતે કુલ ૨૫ + ૨૬ + ૧૦ + 33 = ૯૪.

૯૪ અપર્યાપ્તા + ૯૪ પર્યાપ્તા = ૧૮૮ થાય છે. પાંચ અનુત્તર વાસી દેવો નિયમા સમકીતી હોવાથી મતિ અજ્ઞાન હોતુ નથી માટે એ પાંચ અપર્યાપ્તા અને પાંચ પર્યાપ્તા એ દશ ભેદો પાંચસો ત્રેસઠમાંથી બાદ કરેલ હોવાથી પાંચસો ત્રેપન જીવ ભેદોમાં મતિ અજ્ઞાન હોય છે.

શ્રુત અજ્ઞાનને વિષે ચૌદ જીવભેદો હોય છે અને પાંચસો ત્રેસઠમાંથી પાંચ અનુત્તરના દશ જીવભેદો બાદ કરી ૫૫૩ જીવભેદો હોય છે. મતિ અજ્ઞાનની જેમ જાણવા.

નારકી-૧૪, તિર્યંચના-૪૮, મનુષ્યના-303 દેવના-૮૮ = ૫૫૩ થાય છે.

વિભંગ જ્ઞાનને વિષે - બે જીવભેદ હોય છે.

સન્ની અપર્યાપ્તા - સન્ની પર્યાપ્તા.

૫૬૩ જીવભેદની અપેક્ષાએ

નારકીના - ૧૪, તિર્યંચના - ૧૦, સન્ની તિર્યંચો

મનુષ્યના - ૩૦, ગર્ભજ અપર્યાપ્તા - ૧૫, ગર્ભજ પર્યાપ્તા - ૧૫ = ૩૦.

દેવોના - ૧૮૮ પાંચ અનુત્તરના અપર્યાપ્તા - ૫ અને પર્યાપ્તા-૫ = ૧૦ સિવાય.

૧૪ + ૧૦ + ૩૦ + ૧૮૮ = ૨૪૨ થાય છે.

આ રીતે એક એક જ્ઞાનને વિષે જીવભેદોનું વર્ણન કરેલ છે.

આ જ્ઞાનથી જીવો પોત પોતાના રાગાદિ પરિણામની વૃદ્ધિ અને હાનિ અનુસાર કર્મબંધ કર્યા કરે છે આથી આની વિચારણા કરતા કર્મબંધથી છૂટવા માટે રાગાદિની વૃદ્ધિ હાનિથી નિર્લેપ રહી જ્ઞાનના ઉપયોગમાં જીવ જેટલો વિશેષ કાળ પસાર કરે એટલો એ જીવ કર્મબંધથી છૂટકારો મેળવતો મેળવતો સંપૂર્ણ કર્મ રહિત બની શકે છે આથી આ જ્ઞાન દ્વારની વિચારણા કરેલી છે.

કેટલા જીવભેદોમાં કયા કયા જ્ઞાન ન હોય તે !

(૧) મતિજ્ઞાન - ૧૫૮ જીવભેદોમાં હોતું નથી.

નારકીનો - ૧ સાતમી નારકી અપર્યાપ્ત.

તિર્યંચના - ૩૮ એકેન્દ્રિયના - ૨૨, વિકલેન્દ્રિયના - ૬,

અસન્ની પંચેન્દ્રિય તિર્યંચના - ૧૦ = ૩૮.

મનુષ્યના - ૧૦૧ અસન્ની અપર્યાપ્તા ૧૦૧ મનુષ્યો.

| | | |
|---|---|---|
| દેવોના - | ૧૮ | પંદર પરમાધામી અપર્યાપ્તા. |
| | | ત્રણ કિલ્બિષીયા અપર્યાપ્તા. |
| | = ૧૫૮ | |

(૨) શ્રુતજ્ઞાન ૧૫૮ જીવભેદોમાં હોતું નથી.

ઉપર પ્રમાણે જાણવા.

નારકોનો - ૧, તિર્યંચના - ૩૮, મનુષ્યના - ૧૦૧, દેવના - ૧૮ = ૧૫૮ થાય છે.

(૩) અવધિજ્ઞાન = ૩૩૦ જીવભેદોમાં હોતું નથી.

| | | |
|---|---|---|
| નારકીનો - ૧ | સાતમી નારકી અપર્યાપ્ત. | |
| તિર્યંચના - ૩૮ | એકેન્દ્રિયના - ૨૨, વિકલેન્દ્રિયના - ૬ | |
| | અસન્ની તિર્યંચના - ૧૦ | |
| મનુષ્યના - ૨૭૩ | ૩૦ અકર્મભૂમિના- | ૬૦ ભેદ |
| | ૫૬ અંતર દ્વીપના- | ૧૧૨ ભેદ |
| | સમુર્ચ્છિમ મનુષ્યના- | ૧૦૧ ભેદ |
| | | ૨૭૩ |
| દેવના - ૧૮ ભેદો | પંદર પરમાધામી અપર્યાપ્તા. | |
| | કિલ્બિષીયા - ત્રણ અપર્યાપ્તા. | |

૧ + ૩૮ + ૨૭૩ + ૧૮ = ૩૩૦ થાય છે.

(૪) મનઃપર્યવ જ્ઞાન ૫૪૮ જીવ ભેદમાં હોતુ નથી.

નારકીના - ૧૪, તિર્યંચના - ૪૮, દેવતાના - ૧૯૮

| | | |
|---|---|---|
| મનુષ્યના - ૨૮૮ | ૩૦ અકર્મભૂમિ - | ૬૦ |
| | ૫૬ અંતર દ્વીપ - | ૧૧૨ |
| | સમુર્ચ્છિમ મનુષ્ય - | ૧૦૧ |
| | પંદર કર્મભૂમિ અપર્યાપ્તા - | ૧૫ |
| | | ૨૮૮ |

આથી ૧૪ + ૪૮ + ૨૮૮ + ૧૯૮ = ૫૪૮ થાય છે.

(૫) કેવલજ્ઞાન ૫૪૮ જીવભેદોમાં હોતું નથી. મનઃપર્યવજ્ઞાનની જેમ જાણવા.

નારકીના-૧૪, તિર્યંચના-૪૮, મનુષ્યના-૨૮૮ અને દેવના ૧૯૮ = ૫૪૮ થાય છે.

(૬) મતિઅજ્ઞાન ૧૦ જીવભેદોમાં હોતું નથી. પાંચ અનુત્તર અપર્યાપ્તા અને પર્યાપ્તા સાથે ૧૦.

(૭) શ્રુતઅજ્ઞાન - દશ જીવભેદોમાં હોતું નથી.

પાંચ અનુત્તર અપર્યાપ્તા અને

પાંચ અનુત્તર પર્યાપ્તા = ૧૦ થાય છે.

વિભંગજ્ઞાન ૩૨૧ જીવભેદમાં હોતુ નથી.

| | | | |
|---|---|---|---|
| નારકી-૦ તિર્યંચના-૩૮ | એકેન્દ્રિયના- | ૨૨ | |
| | વિકલેન્દ્રિય- | ૬ | ૩૮ |

| | | |
|---|---|---|
| | અસન્ની તિર્યંચ- | ૧૦ |
| મનુષ્યના-૨૭૩ | સમુર્છિમ મનુષ્ય - | ૧૦૧ |
| | ૩૦ અકર્મભૂમિ- | ૬૦ |
| | ૫૬ અંતર દ્વીપ- | ૧૧૨ |
| | | ૨૭૩ |

દેવતાના-૧૦

પાંચ અનુત્તર અપર્યાપ્તા + પાંચ અનત્તર પર્યાપ્તા = ૧૦

આ રીતે

૦ + ૩૮ + ૨૭૩ + ૧૦ = ૩૨૧ થાય છે.

## આઠ જ્ઞાનને વિષે ૫૬૩ જીવભેદનું કોષ્ટક

| ક્રમ | જ્ઞાનના નામ | કુલ | નારકી | તિર્યંચ | મનુષ્ય | દેવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મતિજ્ઞાન | ૪૦૫ | ૧૩ | ૧૦ | ૨૦૨ | ૧૮૦ |
| ૨ | શ્રુતજ્ઞાન | ૪૦૫ | ૧૩ | ૧૦ | ૨૦૨ | ૧૮૦ |
| ૩ | અવધિજ્ઞાન | ૨૩૩ | ૧૩ | ૧૦ | ૩૦ | ૧૮૦ |
| ૪ | મન:પર્યવજ્ઞાન | ૧૫ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૫ | કેવલજ્ઞાન | ૧૫ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૬. | મતિઅજ્ઞાન | ૫૫૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૮૮ |
| ૭ | શ્રુતઅજ્ઞાન | ૫૫૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૮૮ |
| ૮ | વિભંગજ્ઞાન | ૨૪૨ | ૧૪ | ૧૦ | ૩૦ | ૧૮૮ |

## કયા જ્ઞાનમાં કેટલા કેટલા જીવો ન હોય તે કોષ્ટક

| ક્રમ | જ્ઞાનના નામ | કુલ | નારકી | તિર્યંચ | મનુષ્ય | દેવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મતિજ્ઞાન | ૧૫૮ | ૧ | ૩૮ | ૧૦૧ | ૧૮ |
| ૨ | શ્રુતજ્ઞાન | ૧૫૮ | ૧ | ૩૮ | ૧૦૧ | ૧૮ |
| ૩ | અવધિજ્ઞાન | ૩૩૦ | ૧ | ૩૮ | ૨૭૩ | ૧૮ |
| ૪ | મન:પર્યવજ્ઞાન | ૫૪૮ | ૧૪ | ૪૮ | ૨૮૮ | ૧૯૮ |
| ૫ | કેવલજ્ઞાન | ૫૪૮ | ૧૪ | ૪૮ | ૨૮૮ | ૧૯૮ |
| ૬. | મતિઅજ્ઞાન | ૧૦ | ૦ | ૦ | ૦ | ૧૦ |
| ૭ | શ્રુતઅજ્ઞાન | ૧૦ | ૦ | ૦ | ૦ | ૧૦ |
| ૮ | વિભંગજ્ઞાન | ૩૨૧ | ૦ | ૩૮ | ૨૭૩ | ૧૦ |

## જ્ઞાનનું સ્વરૂપ

<u>**જ્ઞાન**</u> :- જ્ઞાન એટલે વિશેષ અવબોધ એટલે કે કોઇ પદાર્થને વિશેષ રીતે જાણવો તે જ્ઞાન કહેવાય છે. જેમકે - પદાર્થનું નામ જાણે, પદાર્થના નામની જાતિ જાણે, પદાર્થના ગુણોની જાણકારી થાય એ બધું જાણવું તે વિશેષ અવબોધ રૂપ ગણાય છે માટે એને જ્ઞાન કહેવાય છે.

એ જ્ઞાનના પાંચ ભેદો કહેલા છે.

મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મન:પર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન.

## *મતિજ્ઞાનનું વર્ણન*

આ જ્ઞાનના બે ભેદો છે.

(૧) અશ્રુત નિશ્રિત    અને    (૨) શ્રુત નિશ્રિત.

**(૧) અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન** :- શ્રુતજ્ઞાનના અભ્યાસ વગર એટલે કે ભણીને ગોખેલું હોય એ ભણ્યા અને ગોખ્યા વગર જે મતિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ આત્મામાં પેદા થાય તે અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે.

**(૨) શ્રુત નિશ્રિત મતિજ્ઞાન** :- જે જ્ઞાન શ્રુતના આધારથી એટલે શ્રુતજ્ઞાન ભણતાં, ગોખતાં, ગોખ્યા પછી એ ગોખેલી ગાથાઓ સૂત્રને યાદ કરી કરીને બોલાય તે શ્રુતજ્ઞાન કહેવાય છે અને જ્યારે એ જ્ઞાન રૂઢ થાય અને શ્રુતના આધાર વગર સ્વાભાવિક રીતે બોલાય તે મતિજ્ઞાન કહેવાય છે. એ મતિજ્ઞાન શ્રુત નિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે.

તે શ્રુત નિશ્રિત મતિજ્ઞાનના ચાર ભેદો છે.

(૧) અવગ્રહ, (૨) ઇહા, (૩) અપાય અને (૪) ધારણા.

અવગ્રહના બે ભેદ છે. (૧) વ્યંજના વગ્રહ અને (૨) અર્થા વગ્રહ.

**૧. વ્યંજના વગ્રહ** = વ્યંજન એટલે પદાર્થ અને વ્યંજન એટલે ઇન્દ્રિય. ઇન્દ્રિય અને પદાર્થના સંયોગથી આત્મામાં અવ્યક્તપણે એટલે શબ્દ રૂપે કાંઇ પણ અનુભૂતિ ન થઇ શકે એવા પ્રકારનો થતો જે બોધ એટલે જ્ઞાન એને વ્યંજનાવગ્રહ મતિજ્ઞાન કહેવાય છે. આ વ્યંજના વગ્રહ મન અને ચક્ષુરીન્દ્રિયનો થતો નથી. બાકીનો ચાર ઇન્દ્રિયોનો થાય છે એટલે સ્પર્શ-રસન-ઘ્રાણ અને શ્રોત્રેન્દ્રિય એ ચાર ઇન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ થાય છે.

**૨. અર્થા વગ્રહ** = ઇન્દ્રિય અને પદાર્થના સંયોગથી શબ્દ રહિતપણે પણ વ્યંજના વગ્રહ કરતાં કાંઇક વિશેષ બોધ રૂપે અવ્યક્ત જ્ઞાન પેદા થાય તેને અર્થા વગ્રહ કહેવાય છે. આ અર્થા વગ્રહ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠુ મન એ છથી થાય છે. એટલે સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર અને મન આ છથી અર્થા વગ્રહ થાય છે.

**(૨) ઇહાજ્ઞાન** :- ઇન્દ્રિય અને પદાર્થના સંયોગથી શબ્દાત્મક રૂપે વિચારણા કરી શકાય એવા જ્ઞાનને ઇહા કહેવાય છે.

**(૩) અપાયજ્ઞાન** :- ઇન્દ્રિય અને પદાર્થના સંયોગથો ઇહાજ્ઞાન પેદા થયા પછી વિકલ્પોમાંથી કોઇ એક પદાર્થનો નિશ્ચય કરવો કે તે આજ છે. આવા નિશ્ચયાત્મક વિચારને અપાયજ્ઞાન કહેવાય છે. કેટલીક વાર જે પદાર્થોનો અર્થાવગ્રહ ઇહા જે પ્રમાણે હોય તે પ્રમાણે અપાયજ્ઞાન થાય છે આથી અપાય ખોટો પણ

થઇ શકે છે.

**(૪) ધારણા મતિજ્ઞાન :-** એકવાર અપાયજ્ઞાન પેદા થયા પછી એ જ્ઞાનને ધારી રાખવું એને ધારણાજ્ઞાન કહેવાય છે. જ્યારે ફ્રીથી તે પદાર્થનું જ્ઞાન કરવાનું હોય તો ધારણા કરેલી હોય તો તે પદાર્થને જોતાની સાથે જ યાદ આવે છે. આ પદાર્થ આ જગ્યાએ હતો તે છે ઇત્યાદિ ધારણા કહેવાય. આ ધારણાના ત્રણ ભેદો છે. અવિચ્યુતિ-સ્મૃતિ અને વાસના.

અવિચ્યુતિ એટલે જે પદાર્થનો જે રીતે નિર્ણય કરેલો હોય તે પદાર્થને કાંઇપણ ફેરફાર કર્યા વગર એવા સ્વરૂપે ધારી રાખવો તે અવિચ્યુતિ કહેવાય અથવા નિર્ણીત વસ્તુનું અંતર્મુહૂર્ત સુધી ધારાવહી રૂપે જ્ઞાન થવું તે.

સ્મૃતિ એટલે અર્થરૂપે ધારી રાખે તે સ્મૃતિ કહેવાય. વાસના એટલે અવિચ્યુતિથી ઉત્પન્ન થયેલ જ્ઞાનનો દ્રઢ સંસ્કાર સંખ્યાતા કાળ સુધી અથવા અસંખ્યાતા કાળ સુધી ધારણ કરી રાખવો તે વાસના ધારણા મતિજ્ઞાન કહેવાય છે.

જાતિસ્મરણ જ્ઞાન એ વાસના મતિજ્ઞાનનો (ધારણા) નો જ પ્રકાર છે. એ જાતિ સ્મરણજ્ઞાનથી જીવ પોતાના સંખ્યાતા ભવોને જોઇ શકે છે અને જાણી શકે છે. અહીં સંખ્યાતા ભવોમાં નવ ભવો જોઇ શકે છે એથી અધિક નહિ એ નવ ભવોમાં પણ સળંગ સન્ની પર્યાપ્તા જીવોના નવ ભવો થયેલા હોય તો બે ભવો સન્ની પર્યાપ્તાના થયા હોય અને પછી વચમાં એકેન્દ્રિય આદિના ભવો અસન્નીના થયેલા હોય તો નવ ભવ સુધી જોઇ શકતા નથી. એટલે એવા જીવો પોતાના પહેલા બે ભવો જાતિસ્મરણ જ્ઞાનથી જોઇ શકે છે અને જાણી શકે છે.

વ્યંજના વગ્રહનો કાળ જઘન્યથી એક આવલિકાનો અસંખ્યાતમો ભાગ હોય છે અને ઉત્કૃષ્ટથી શ્વાસોચ્છવાસ પૃથક્ત્વ (બે થી નવ) શ્વાસોચ્છવાસ હોય છે.

અર્થાવગ્રહનો કાળ નિશ્ચયથી એક સમય અને વ્યવહારથી એક અંતર્મુહૂર્તનો હોય છે.

ઇહાનો કાળ એક અંતર્મુહૂર્તનો હોય છે કારણ કે વિચારણા માટેનો કાળ એટલો જ હોય છે.

અપાયનો કાળ એક અંતર્મુહૂર્તનો હોય છે કારણ કે નિર્ણય કરવા માટેનો કાળ એટલો હોય છે.

ધારણાનો કાળ અસંખ્યાત કાળ હોય છે કારણ કે જાતિસ્મરણ જ્ઞાન આ પ્રકારમાં આવે છે.

આ રીતે મતિજ્ઞાનના ૨૮ ભેદો થાય છે. વ્યંજનાવગ્રહના-૪, અર્થાવગ્રહના-૬, ઇહાના-૬, અપાયના-૬ અને ધારણાના-૬ = ૨૮.

ભગવતી સૂત્ર તથા ભાષ્યકારનું કહેવું છે અથવા માનવું છે કે- મતિજ્ઞાનના અટ્ઠાવીશ ભેદોમાંથી વ્યંજનાવગ્રહના-૪, અર્થાવગ્રહના-૬ અને ઇહા-૬ એમ ૧૬ ભેદો દર્શનના એટલે સામાન્ય બોધ રૂપે કહેલા છે અને અપાયના-૬ અને ધારણાના-૬ એમ બાર ભેદો વિશેષ બોધ રૂપે જ્ઞાનના કહ્યા છે એટલે મતિજ્ઞાનના બાર ભેદ જ કહેલા છે.

આ મતિજ્ઞાનના અટ્ઠાવીશ ભેદોને (૧) બહુ, (૨) અબહુ, (૩) બહુવિધ, (૪) અબહુવિધ, (૫) ક્ષિપ્ર, (૬) અક્ષિપ્ર, (૭) નિશ્રીત, (૮) અનિશ્રિત, (૯) સંદિગ્ધ, (૧૦) અસંદિગ્ધ, (૧૧) ધ્રુવ અને (૧૨) અધ્રુવ. આ બારે ગુણવાથી એટલે ૨૮ X ૧૨ = ૩૩૬ ભેદો થાય છે અને એમાં અશ્રુત નિશ્રીતના ચાર બુધ્ધિના (૧) ઔત્પાતિકી, (૨) વૈનયિકી, (૩) કાર્મિકી અને (૪) પારિણામિકી. આ ચાર બુધ્ધિના ભેદો ઉમેરતાં ૩૪૦ ભેદો થાય છે.

આ ૩૪૦ ભેદો પણ સ્થુલદ્રષ્ટિથી કહેલા છે. બાકી તો એક એક ભેદોના અસંખ્યાતા-અસંખ્યાતા ભેદો થાય છે પણ એ ભેદો છદ્મસ્થ જીવોને ખ્યાલમાં ન આવતા હોવાથી અહીં ૩૪૦ ભેદો કહેલા છે.

સંજ્ઞાજ્ઞાન-ચિંતાજ્ઞાન-આભિનિબોધિકજ્ઞાન-મતિ એટલે બુધ્ધિજ્ઞાન. આ બધા શબ્દો મતિજ્ઞાનના ભેદ રૂપે હોવાથી એકાર્થ વાચી કહેવાય છે.

અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર ભેદો હોય છે.

**(૧) ઔત્પાતિકી બુધ્ધિ** :- એટલે જે જીવોને જનમતાની સાથે જ મતિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ એવો સુંદર લઇને આવેલા હોય છેકે મોટે ભાગે એ જીવોને ભણવાની જરૂર હોતી નથી. પદાર્થને જૂએ અથવા ન પણ જૂએ તો પણ પોતાના ક્ષયોપશમ ભાવના જ્ઞાનથી એ પદાર્થનું જ્ઞાન સહેલાઇથી પેદા થઇ જાય. સંસારમાં રહેલા વૃધ્ધ માણસોને જે જ્ઞાન હજી સુધી પેદા ન થયું હોય એવું જ્ઞાન એ બાળકને પાંચ વરસની ઉંમરે પેદા થઇ જાય.

કોઇ ગામમાં રોહક નામનો પાંચ વરસનો છોકરો હતો એની મા મરી ગયેલી હતી. બાપ વિચાર કરે છેકે જો બીજીવાર લગ્ન કરીશ તો તે આવીને દિકરાને હેરાન કરશે, મારશે અને દિકરો દુઃખી થશે માટે બાપ બીજીવાર લગ્ન કરતો નથી પણ બાપની ચેષ્ટાની ક્રિયાઓથી દિકરાને ખબર પડી ગઇ માટે એકવાર બાપને કહે છેક તમો ખુશીથી ફરીથી લગ્ન કરી મારી માને લાવો, મારી ચિંતા કરશો નહિ, હું એને એવી રીતે સાચવીશ કે જેથી મને હેરાન કરશે નહિ. બાપ બીજીવાર લગ્ન કરી પત્ની ઘરમાં લાવ્યા રોહક એને મા કહીને બોલાવે છે, સાચવે છે. એકવાર માને કહ્યું જો મા મને હેરાન કરીશ તો હું તને પણ હરાન કરીશ ત્યારે માએ કહ્યું તારાથી થાય તે કરજે આથી થોડા દિવસ પછી રાતના બાપ-મા અને પોતે ત્રણ બેઠેલા ફાનસનો પ્રકાશ હતો. બાપ ઉભા થયા એટલે રોહક કહે છે જૂઓ પેલો બીજો પુરૂષ બહાર જાય છે. આથી બાપે જોયો એની પાછળ પકડવા જાય છે ત્યાં તે અલોપ થયો એટલે બાપ સમજ્યો તે ભાગી ગયો લાગે છે. આથી મનમાં શંકા પેદા થઇ કે આ મારી પત્ની મને ઇચ્છતી નથી પણ બીજા પુરૂષને ઇચ્છે છે. આથી બીજા દિવસથી પત્નીની સાથે બોલવા આદિનો વ્યવહાર બંધ કર્યો. અઠવાડીયું થયું એટલે કે રોહકને કહે છે કે તારો બાપ મારી સાથે બોલતા નથી, કાઇક કરી બોલતા કર ! રોહક કહે છે જરૂર બોલતા કરૂં પણ મને હેરાન ન કરે તો ! માએ કહ્યું તને હેરાન નહિ કરૂં તો એજ દિવસે રાતે ફરીથી ત્રણેય બેઠા છે તેમાં બાપ ઉભા થયા તે વખતે રોહક કહે છે જૂઓ બાપાજી પેલો પુરૂષ જાય. બાપે ધારીને જોયું અને એની પાછળ જાય છે તો ખબર પડી કે મારા પોતાનો પડછાયો છે એને આ છોકરો પુરૂષ કહે છે. પહેલા પણ આવું જ બન્યું હશે આથી પોતાના અંતરની શંકા દૂર થતાં બોલતો થયો. આ ક્ષયોપશમ ભાવ છોકરામાં કઇ રીતે પેદા થયો ? પૂર્વ ભવનો લઇને આવેલો છે એમ ગણાય છે. આ રીતે બન્યા પછી છોકરો મનમાં ગાંઠ વાળે છેકે મને ભૂખ લાગે તો એકલો જમવા બેસીશ નહિ બાપની સાથે જ બેસીશ કારણ કે મારી મા સાવકી છે. એમાં એકવાર રાજાએ ગામના મહાજનને હાથી આપેલો છે જે બિમાર રહે છે અને મરી જાય તો રાજાને મરી ગયો એવા સમાચાર આપવાના નહિ. નહિ તો રાજા જેલમાં પૂરી દેશે ! એ બીકે હાથીને સાચવતા. એ ખાતો નહોતો. તેમાં એક દિ' મરી ગયો. બપોરના રાજાને જઇને શું સમાચાર આપવા એની વિચારણા માટે ગામના લોકો ભેગા થયેલા છે તેમાં આ રોહકનો બાપ પણ બેઠેલો છે. કોઇ વિચાર સૂજતો નથી એમાં જમવાનો ટાઇમ થાય છે. રોહકને ભૂખ લાગી છે. બાપને બોલાવા જાય છે. બાપ કહે આજે તુ જમી લે, પછી હું જમીશ, મહત્વના કામમાં આજે બેઠો છું. રોહકે પૂછયું શું મહત્વનું કામ છે ! બાપે જણાવ્યું-રોહક કહે સૌ

જમીને ભેગા થાઓ રાજા પાસે મને લઇ જજો હું રાજાને જવાબ આપીશ. સૌ તૈયાર થઇને નીકળ્યા. રાજાની રાજસભામાં જાય છે. રોહકને આગળ રાખે છે. રાજા કહે છે શું સમાચાર છે ? સૌ મૌન રહે છે અને કહેછે કે આ છોકરો જવાબ આપશે રાજાએ રોહકને પૂછયું રોહક કહે તમે આપેલો હાથી ખાતો નથી, પીતો નથી, હાલતો નથી, ચાલતો નથી. રાજા પૂછે છે એટલે શું ? તો એનું એજ બોલે છે. મરી ગયો, કહે તો જેલમાં જવું પડે ને ! આ સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યો છે. આ રીતે ઔત્પાતિકી બુધ્ધિના અનેક દ્રષ્ટાંતો જૈન શાસનમાં કહેલા છે.

**(૨) વૈનયિકી બુધ્ધિ** :- ગુરૂનો અથવા વડીલનો વિનય કરતા કરતા બુધ્ધિનો ક્ષયોપશમ ભાવ પેદા થાય તે વૈનયિકી બુધ્ધિ કહેવાય છે.

**(૩) કાર્મિકી બુધ્ધિ** :- કામ કરતા કરતા કામમાં પ્રવીણતા આવે એટલે હોંશિયાર થવાય તે કાર્મિકી બુધ્ધિ કહેવાય છે.

**(૪) પારિણામીકી બુધ્ધિ** :- એટલે પરિણામે પરીપક્વતા પેદા થાય ત્યારે જ એ બુધ્ધિનો ક્ષયોપશમ ભાવ પેદા થાય તે પારિણામીકી બુધ્ધિ કહેવાય છે. આ ચારે પ્રકારની બુધ્ધિ અથવા ચારમાંથી કોઇ પણ એક પ્રકારની બુધ્ધિ પેદા કરવા માટે શ્રુતજ્ઞાન ભણવું પડે એવો નિયમ હોતો નથી. શ્રુતજ્ઞાન વગર જ એ બુધ્ધિનો ક્ષયોપશમ ભાવ પેદા થાય છે માટે એ બુધ્ધિને અશ્રુતનિશ્રિત બુધ્ધિ કહેવાય છે. શ્રેણિક મહારાજાના પુત્ર અભયકુમારને આ ચારેય પ્રકારની બુધ્ધિનો ક્ષયોપશમ ભાવ હતો આથી એ અભયકુમાર નાનો હાવા છતાં પાંચસો મંત્રીઓનો ઉપરી હતો તેમજ શ્રેણિક મહારાજા રાજ્ય ચલાવતા હતા તે અભય કુરમાને પૂછીને એમની સલાહ લઇને એ કહે એ પ્રમાણે રાજ્ય ચલાવતા હતા.

આ ચારેય પ્રકારની બુધ્ધિના ક્ષયોપશમ ભાવમાં અસંખ્યાતા ભેદો પડે છે પણ સ્થુલદ્રષ્ટિથી જ્ઞાનીઓએ એને ઓળખવા માટે બુધ્ધિના ચાર ભેદ કહેલા છે.

**આ રીતે મતિજ્ઞાનનું વર્ણન સમાપ્ત.**

## *શ્રુતજ્ઞાનનું વર્ણન*

જગતને વિષે અનંતા પદાર્થો રહેલા છે એ પદાર્થો બે વિભાગ રૂપે રહેલા હોય છે. (૧) અનભિલાપ્ય અને (૨) અભિલાપ્ય.

**(૧) અનભિલાપ્ય પદાર્થો** :- અનભિલાપ્ય પદાર્થો એટલે જે જીવોને અનુભવી શકાય પણ શબ્દોથી તે પદાર્થો બોલી શકાય નહિ. કેવલી ભગવંતો પણ એ પદાર્થોને અનુભવી શકે છે પણ શબ્દથી બોલી શકતા નથી એટલે કહી શકતા નથી. જેમકે ગોળ ગળ્યો છે પણ કોઇ પૂછે કેવો ગળ્યો છે ? તો તેનો શબ્દ રૂપે જવાબ શું ? ખાંડ મીઠી છે પણ કેવી મીઠી છે એમ કોઇ પૂછે તો શું જવાબ આપી શકાય ? વારંવાર બોલે તો અંતે કહેવું જ પડે કે મોઢામાં મુક એટલે કેવી મીઠી છે એ જાણી શકાશે. આ રીતે અનંતા પદાર્થો જગતને વિષે એવા રહેલા છેકે જે અનુભવી શકાય છે પણ શબ્દરૂપે બોલી શકાતા નથી. એવા પદાર્થોને અનભિલાપ્ય પદાર્થો કહેવાય છે. આવા અનભિલાપ્ય પદાર્થોનો અનંતમો ભાગ અભિલાપ્ય પદાર્થ રૂપે જગમાં રહેલો છે. એટલે કે અનભિલાપ્ય પદાર્થો જેટલા છે એના અનંતમાં ભાગ જેટલા પદાર્થો અભિલાપ્ય રૂપે રહેલા છે.

**(૨) અભિલાપ્ય પદાર્થો** :- અભિલાપ્ય એટલે જે પદાર્થોન શબ્દોથી બોલી શકાય એવા પદાર્થોને

અભિલાપ્ય પદાર્થો કહેવાય છે. આ અભિલાપ્ય પદાર્થનો અનંતમો ભાગ જ ગણધર ભગવંતો-શ્રુતકેવલી ભગવંતો સૂત્રમાં ગુંથી શકે છે એટલે કે સૂત્રોમાં જે શબ્દો છે અને પદાર્થો રહેલા છે તે અભિલાપ્ય પદાર્થો કરતાં અનંતમા ભાગ જેટલા જ રહેલા હોય છે. આથી એક એક સૂત્રોના અનંતા અનંતા અર્થો થાય છે એમ જ્ઞાની ભગવંતો કહે છે.

શ્રુતકેવલી ભગવંતો ભાવશ્રુતથી ઉપયોગવાળા હોય તો મનવડે પૂર્વાદિમાં રહેલા પદાર્થોને જાણે છે અને દેખે છે. એ સિવાયમાં વૃધ્ધ અનુભવીઓનું કહેવું છે કે કથંચિત્ દર્શન રૂપે પણ જૂએ છે કારણ કે ગ્રૈવેયક અને અનુત્તર વિમાનોના ચિત્રો પણ એ શ્રુતકેવલી ભગવંતો આલેખી શકે છે એટલે બનાવી શકે છે. જો બીલકુલ જોયા ન હોય તો શી રીતે આલેખી શકે ? ચોથા ઉપાંગમાં શ્રુતજ્ઞાનને દેખવાનો ગુણ પણ કહેલો છે.

આ શ્રુતજ્ઞાનના ચૌદ અથવા વીશ ભેદો કહેલા છે.

શ્રુતજ્ઞાનના ચૌદ ભેદોના નામો :-

(૧) અક્ષર શ્રુત, (૨) અનક્ષર શ્રુત, (૩) સંજ્ઞી શ્રુત, (૪) અસંજ્ઞી શ્રુત, (૫) સમ્યક્ શ્રુત, (૬) મિથ્યા શ્રુત, (૭) સાદિ શ્રુત, (૮) અનાદિ શ્રુત, (૯) સપર્યવસિત એટલે શાંત થનારું અથવા નાશ પામવા વાળું શ્રુત, (૧૦) અપર્યવસિત શ્રુત એટલે નાશ નહિ પામવાવાળું અથવા કાયમ રહેવા વાળુ શ્રુત. (૧૧) ગમિક શ્રુત, (૧૨) અગમિક શ્રુત, (૧૩) અંગ પ્રવિષ્ટ શ્રુત અને (૧૪) અંગ બાહ્ય શ્રુત. આ રીતે શ્રુતજ્ઞાનનાં ચૌદ ભેદો કહેલા છે.

સર્વ વિશિષ્ટ શ્રુતજ્ઞાનના વીશભેદો કહેલા છે.

(૧) પર્યાય શ્રુત, (૨) અક્ષર શ્રુત, (૩) પદ શ્રુત, (૪) સંઘાત શ્રુત, (૫) પ્રતિપત્તિ શ્રુત, (૬) અનુયોગ શ્રુત, (૭) પ્રાભૃત પ્રાભૃત શ્રુત, (૮) પ્રાભૃત શ્રુત, (૯) વસ્તુ શ્રુત અને (૧૦) પૂર્વ શ્રુત. આ દશ ભેદોને સમાસ (પદ) સાથે જોડવાથી બીજા દશ ભેદો થાય છે જેમકે પર્યાય સમાસ ઇત્યાદિ દરેકમાં સમજવું.

**(૧) પર્યાય શ્રુત** :- એટલે શ્રુતજ્ઞાનનો સૂક્ષ્મ એટલે ઝીણામાં ઝીણો અંશ એ પર્યાય શ્રુત કહેવાય છે. આ ભેદ સર્વ જીવોને હોય છે.

લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ ઉત્પત્તિના પહેલા સમયે વિદ્યમાન જીવને સર્વ જઘન્ય શ્રુતજ્ઞાન હોય છે. એનાથી એક અંશ એટલે એક પર્યાય વધારે શ્રુત હોય તે પર્યાય શ્રુત કહેવાય છે.

**(૨) અક્ષર શ્રુત** :- અકારાદિ અક્ષરોમાંના એક અક્ષરના સંપૂર્ણ વાચ્યાર્થનું જ્ઞાન તે અક્ષરજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન ત્રણ પ્રકારના છે.

વ્યંજના ક્ષર - સંજ્ઞાક્ષર અને લબ્ધ્યાક્ષર.

**<u>વ્યંજનાક્ષર</u>** - અકારથી હકાર સુધીનાં અક્ષરોના ઉચ્ચાર કરવા તે.

**<u>સંજ્ઞાક્ષર</u>** - અઢાર પ્રકારની લિપિ રૂપ સંજ્ઞા છે.

(૧) હંસલિપિ, (૨) ભૂતલિપિ, (૩) યક્ષલિપિ, (૪) રાક્ષસિલિપિ, (૫) ઉડ્ડીલિપિ, (૬) યવનીલિપિ, (૭) તુર્કીલિપિ, (૮) કીરાલિપિ, (૯) દ્રાવિડલિપિ, (૧૦) સિંધિલિપિ, (૧૧) માળવીલિપિ, (૧૨) તડીલિપિ, (૧૩) નાગરીલિપિ, (૧૪) લાટલિપિ, (૧૫) પારસીલિપિ, (૧૬) અનિયમિતલિપિ, (૧૭) ચાણક્ય લિપિ અને (૧૮) મૂળદેવી લિપિ.

**<u>લબ્ધ્યાક્ષર</u>** - અર્થનો બોધ કરાવનારી જે અક્ષરોનો ઉપલબ્ધિ તે લબ્ધ્યાક્ષર કહેવાય છે અથવા

જે પદાર્થનું જ્ઞાન કરતા હોઇએ એનો આકાર આત્મામાં પડે તે લબ્ધ્યાક્ષર કહેવાય છે. જેમકે વ્યંજનાક્ષર અને સંજ્ઞાક્ષરનો આકાર આત્માને વિષે જ્ઞાન રૂપે પેદા થાય તે લબ્ધ્યાક્ષર કહેવાય. અજગરનો અ કહેવાય ઇત્યાદિ.

વ્યંજનાક્ષર અને સંજ્ઞાક્ષર આ બે અક્ષર જ્ઞાન, અજ્ઞાન આત્મક છે પણ શ્રુતજ્ઞાનના કારણરૂપ હોવાથી એ શ્રુતજ્ઞાન તરીકે ઓળખાય છે.

**(૩) પદ શ્રુત** :- વાક્ય પૂર્ણ થાય એ પદ અહીં લેવાનું નથી પણ અર્થ અધિકારની સમાપ્તિ એ પદ તરીકે અહીં ગ્રહણ કરાય છે. શ્રી આચારાંગ આદિ સૂત્રોમાં આચારાંગ સૂત્રનું માન અઢાર હજાર પદવાળું હતુ તેમાનું એક પદ તે પદશ્રુત કહેવાય પણ અત્યારે હાલમાં એ શ્રી આચારાંગ આદિ પદોનો વિચ્છેદ થયેલો છે.

**(૪) સંઘાત શ્રુત** :- ચૌદ માર્ગણાના પેટા ભેદ બાસઠ છે. તેમાંના એક ભેદનું જીવ દ્રવ્ય સંબંધનું જ્ઞાન તે.

**(૫) પ્રતિપત્તિ શ્રુત** :- ચૌદ માર્ગણામાંથી એક માર્ગણાનું સંપૂર્ણ જ્ઞાન આ જ્ઞાન હાલ જીવાભિગમમાં કહેવાય છે.

**(૬) અનુયોગ શ્રુત** :- સત્પદાદિ દ્વારોથી જીવાદિ તત્વોનો વિચાર કરવો તે.

પૂર્વ અંતર્ગત વસ્તુ નામના અધિકારો છે.

વસ્તુ નામના અધિકારમાં પ્રાભૃત નામના અધિકારો છે. પ્રાભૃત નામના અધિકારમાં પ્રાભૃત પ્રાભૃત નામના અધિકારો હોય છે. (જેમ સત્રમાં અધ્યયન અધ્યયનમાં ઉદ્દેશા હોય છે તેમ.)

અક્ષર અને અક્ષર સમાસ આ બન્ને ભેદો વિશિષ્ટ શ્રુત લબ્ધિ સંપન્ન સાધુને સંભવે છે.

શ્રવણથી જે બોધ થાય તે શ્રુત કહેવાય છે.

અનક્ષર શ્રુત = શ્રવણથી સમજાય તેવી ચેષ્ટાઓથી થતું જ્ઞાન જેમકે ખોંખારો, ઉચ્છવાસ, નિશ્વાસ આદિ શિર કંપન હાથ હલાવવા વગેરેથી પારકાના અભિપ્રાય સમજાય છે પણ તે ચેષ્ટાઓ શ્રવણે પડતી નથી માટે તેમાં શ્રુતતત્વ નથી. (કર્મગ્રંથ વૃત્તિમાં શિરકંપનાદિને અનક્ષરમાં કહેલ છે.)

આગમ આદિ શાસ્ત્રો શ્રુત બોધ થવામાં કારણ હોવાથી તે દ્રવ્ય શ્રુત કહેવાય છે. વર્તમાનમાં આગમો પીસ્તાલીશ છે. તેમાં ૧૧ અંગ - બાર (૧૨) ઉપાંગ - ૧૦ પયન્ના - ૬ છેદ - ૪ મૂલ સૂત્રો - નંદીસૂત્ર અને અનુયોગ દ્વાર સૂત્ર એમ ૪૫ થાય છે. બીજા પણ કાલિક ઉત્કાલિક સૂત્રો છે.

શ્રુત જ્ઞાનનાં નાશના કારણોમાં (૧) મિથ્યાત્વ (૨) ભવાંતર - મરણ પામીને ભવાંતરમાં જાય એટલે આ ભવનું પેદા થયેલું શ્રુતજ્ઞાન નાશ પામે છે. (૩) કેવલ જ્ઞાન - જ્યારે જીવોને કેવલજ્ઞાન પેદા થાય ત્યારે શ્રુતજ્ઞાન નાશ પામે છે એટલે કે ક્ષાયિક ભાવે જ્ઞાન પેદા થાય છે ત્યારે ક્ષયોપશમ ભાવે રહેલું શ્રુતજ્ઞાન નાશ પામે છે.

(૪) માંદગી અને પ્રમાદ વગેરે - આ મનુષ્ય જન્મમાં માંદગી પેદા થાય તો એ માંદગીમાં પોતાનું ભણેલું, યાદ રાખેલું શ્રુતજ્ઞાન નાશ પામી જાય છે અને પ્રમાદના કારણે એટલે જીવો પ્રમાદને આધીન થઇને સ્વાધ્યાય કરે નહિ. ભણેલાને પરાવર્તન કરે નહિ તો આ ભવમાં પણ ભણેલું શ્રુતજ્ઞાન નાશ પામી જાય છે. જેમ ચૌદપૂર્વધર મહાત્માઓ ચૌદપૂર્વનું જ્ઞાન ભણ્યા પછી રોજ ચૌદપૂર્વના બધા અક્ષરોનો પાઠ કરી જતા હોય અને એમાં જો પ્રમાદને આધીન થઇને જીવન જીવતા થાય તો પોતાનું ભણેલું ચૌદપૂર્વનું જ્ઞાન સઘળું આ

ભવમાં જ નાશ પામી જાય છે એટલે કે ભૂલાઇ જાય છે.

આ રીતે શ્રુતજ્ઞાનના નાશના કારણો જ્ઞાની ભગવંતોએ કહેલા છે.

જીવો મરણ પામીને દેવ થાય તો પૂર્વ પઠીત સર્વશ્રુતજ્ઞાનનું સ્મરણ રહેતું નથી. માત્ર મનુષ્ય ભવમાં અધ્યયન કરેલ અગ્યાર અંગનું દેશથી સ્મરણ થાય છે. (જ્ઞાતા ધર્મના ચૌદમાં અધ્યયનમાં કહ્યું છે કે તેતલી મંત્રીને દેવભવમાં પણ પૂર્વે ભણેલા ચૌદ પૂર્વનું સ્મરણ રહેલું હતું.)

વાંચના - પૃચ્છના પરાવર્તના અને ધર્મકથા આ ચાર દ્રવ્યશ્રુત છે અને અનુપ્રેક્ષા તે ભાવશ્રુત છે અને સંવેદનરૂપ શ્રુત જ્ઞાનનાં શાસ્ત્રો વાંચવાથી અને સાંભળવાથી જે અર્થજ્ઞાન થાય છે તે ભાવ શ્રુત છે. મતિજ્ઞાન પછી થવાવાળું હોય છે અથવા શબ્દ તથા અર્થની પર્યાલોચના એટલે વારંવાર વિચારણા જેમાં છે તે ભાવશ્રુત અનુપ્રેક્ષા રૂપે કહેવાય છે.

સંભળાય તે શ્રુતજ્ઞાન. અથવા શબ્દ તે શ્રુત. શબ્દ એ ભાવશ્રુતનું કારણ છે. શ્રોત્રેન્દ્રિય અને મનથી થયેલો જે શ્રુત ગ્રંથને અનુસરતો બોધ તે શ્રુતજ્ઞાન કહેવાય છે. (મતિજ્ઞાનથી વર્તમાન કાળના ભાવો જણાય છે.) જ્યારે શ્રુતજ્ઞાન ત્રણે કાળના ભાવને જણાવનારૂં છે.

લખાતાં અક્ષરો સંજ્ઞાક્ષર (સંકેત અક્ષર) ઉચ્ચારાતા અક્ષરો વ્યંજનાક્ષર મનમાં વિચારાતા અક્ષરો અથવા આત્માના બોધિરૂપ (જ્ઞાનરૂપ) અક્ષરો, અવ્યક્ત અક્ષરો તે લબ્ધ્યાક્ષરો કહેવાય છે. (શબ્દના અર્થની વિચારણા કરતા પણ આત્માની અંદર અક્ષર પંક્તિ પૂર્વક જ વિચાર કરાય છે માટે તે અંતરંગ અક્ષર પંક્તિ એજ લબ્ધ્યાક્ષર અથવા અક્ષર અનુવિધ્ધપણું કહેવાય છે. જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે- શ્રુતજ્ઞાન મતિજ્ઞાન પૂર્વક થાય છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય તુલ્ય છે. એક સરખો છે. સર્વદ્રવ્યેષુ અસર્વ પર્યાયેષુ વર્તમાનકાલના વિષયને જણાવનારૂં મતિજ્ઞાન છે. એટલે સર્વ દ્રવ્યોને અને તેના સઘળા પર્યાયોને જણાવનારૂં વર્તમાન કાળના વિષય રૂપ જ્ઞાન પેદા કરાવનારૂં મતિજ્ઞાન છે અને શ્રુત ત્રિકાલ વિષય વિશુધ્ધતર - એટલે શ્રુત ત્રિકાલ વિષયને જણાવનારૂં વિશુધ્ધ તર રૂપે ગણાય છે.

પૂજ્ય આચાર્ય ભગવંત હરિભદ્રસૂરિ મહારાજાએ બે પ્રકારના જ્ઞાન કહેલા છે.

(૧) સંવેદન અને (૨) સ્પર્શ.

ભાવશ્રુત સંવેદન રૂપ છે પણ તે તત્વને જણાવનારૂં નથી. કાંઇક જાણ્યા છતાં પણ ન જાણ્યું હોય તેમ નિષ્ફળ છે. વસ્તુના સ્વરૂપનું જ્ઞાન તે સ્પર્શજ્ઞાન છે. આ જ્ઞાન વગર વિલંબે એટલે વિલંબ થયા વગર જ સ્વ સાધ્ય (પોતાના સાધ્ય) ફળને આપનારૂં છે. અનુભવ જ્ઞાનીને આ જ્ઞાન હોય છે.

અનુભવ એટલે યથાર્થ સ્વરૂપનું જ્ઞાન

કેવલજ્ઞાની ભગવંતોએ જગતમાં રહેલા પદાર્થો જેવા સ્વરૂપે જોયેલા છે એવા સ્વરૂપે પદાર્થોનું જ્ઞાન પેદા થાય તે યથાર્થ જ્ઞાન કહેવાય છે એટલે છોડવાલાયક પદાર્થોમાં છોડવા લાયકનું જ્ઞાન અને ગ્રહણ કરવા લાયક પદાર્થોમાં ગ્રહણ કરવા લાયકનું જ્ઞાન એ યથાર્થ જ્ઞાન કહેવાય છે આથી અનુભવ જ્ઞાન યથાર્થ જ્ઞાન કહેવાય છે તે પરભાવમાં રમણતાનો અભાવ કરાવે છે, સ્વભાવમાં રમણતા પેદા કરાવે છે અને તેના આસ્વાદમાં તન્મયતા પેદા કરાવે છે તે અનુભવ જ્ઞાન પ્રવર્તક છે. એટલે આત્મજ્ઞાનની રમણતામાં પ્રવર્તે છે. ઉપદર્શક છે. આત્મિક જ્ઞાનના ગુણોને દેખાડનારૂં છે માટે ઉપદર્શક કહેવાય છે. પણ તે પ્રાપક નથી એટલે તે ગુણોને પેદા કરાવતું નથી પણ તે શું કરે છે ? ઇષ્ટ પદાર્થોની રૂચિ પેદા કરાવી એમાં પ્રવૃત્તિ કરાવે છે અને અનિષ્ટ પદાર્થોમાં અરૂચિ પેદા કરાવી નિવૃત્તિ કરાવે છે. એને જ્ઞાની ભગવંતોએ

અનુભવ જ્ઞાન એટલે યથાર્થ જ્ઞાન કહેલું છે.

પરિણતિ જ્ઞાન એટલે મનને ચમકારો કરે તેવું જ્ઞાન તે પરિણતિ જ્ઞાન કહેવાય છે.

(૧) વિષય પ્રતિભાસ જ્ઞાન - આત્મ પરિણતિ મત્ તત્વ સંવેદન જ્ઞાન એટલે આત્માને સ્પર્શ ન કરવાપૂર્વકનું તત્વનું સંવેદન એ વિષયપ્રતિભાસ કહેવાય છે.

(૨) શ્રુતજ્ઞાન - ચિંતાજ્ઞાન અને ભાવના જ્ઞાન.

(૩) વાક્યાર્થ - મહાવાક્યાર્થ અને ઐદપર્યાય.

વિષય પ્રતિભાસ તે માત્ર પદાર્થજ્ઞાન આ જ્ઞાન મિથ્યાત્વીને હોય.

શ્રુતજ્ઞાન તે ઇહાદિ જ્ઞાનથી રહિત છે, પાણી જેવું છે તે વાક્યાર્થજ્ઞાન કહેવાય છે.

સકલ શાસ્ત્રને અવિરોધિ અર્થ નિર્ણયક જ્ઞાન તે ચિંતાજ્ઞાન એ ઇહાદિ જ્ઞાનથી યુક્ત હોય છે. આ જ્ઞાન દૂધ જેવું છે. આત્મપરિણતિમત છે.

મહાવાક્યાર્થજ્ઞાન છે તે સમકીતિને હોય છે તે પ્રમાણ નય નિક્ષેપથી યુક્ત સૂક્ષ્મ યુક્તિ ગમ્ય આત્મપરિણતિમત્ મહાવાક્યાર્થ જ્ઞાન કહેવાય છે.

ભાવના જ્ઞાન - તે હિતકારણં ફ્લં અમૃત જેવું છે, તત્વ સંવેદન છે, ઐદં પર્યાય છે, તાત્પર્યગ્રાહિ છે, સર્વત્રહિતકારી સદ્ અનુષ્ઠાનમાં પ્રવર્તક એટલે પ્રવર્તાવનારૂં ઐદંપર્યાય રૂપ તત્વ સંવેદન કહેવાય છે.

પ્રાતિભજ્ઞાન તેનું બીજું નામ અનુભવ જ્ઞાન છે. તે અમૃત તુલ્ય છે. આ શ્રુતજ્ઞાનની ઉત્તરભાવી એટલે એના પછીનું અને કેવલજ્ઞાન થી અવ્યવહિત એટલે કેવલજ્ઞાનની પહેલાનું એટલે કે બારમા ગુણસ્થાનકના છેલ્લા સમયે જીવાને જે શ્રુતજ્ઞાન રહેલું હોય છે તે શ્રુતજ્ઞાનને પ્રાતિભજ્ઞાન કહે છે. અવ્યવહિત એટલે આંતરા રહિત પૂર્વભાવિ પ્રકાશને અનુભવ જ્ઞાન કહે છે. દિવસ અને રાત્રિ વચ્ચે જેમ સંધ્યા છે તે દિવસ પણ નથી અને રાત્રી પણ નથી અને દિવસ તેમજ રાત્રીથી (સંધ્યા) અલગ પણ નથી તેવી જ રીતે શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનની વચ્ચે પ્રાતિભજ્ઞાન છે, કેવલજ્ઞાન રૂપી સૂર્યોદયનો અરૂણોદય છે.

શુધ્ધજ્ઞાન કોને કહેવાય ? શુધ્ધજ્ઞાન એટલે સંશય-વિપર્યાસ (ફેરફારી) અનધ્યવસાય અને જિનવચનથી વિરુધ્ધ પ્રરૂપણાદિ દોષ રહિત બોધની (જ્ઞાનની) પરિણતિ તે શુધ્ધ જ્ઞાન કહેવાય.

બોધ એટલે જ્ઞાન થવાના પ્રકારો કેટલા ? બોધ થવાના પ્રકાર - બુધ્ધ - જ્ઞાન અને અસંમોહ આ ત્રણ પ્રકારથી બોધ થાય છે.

ઇન્દ્રિય અને અર્થને (પદાર્થને) ગ્રહણ કરીને જે બોધ થાય તદ્ આશયવૃત્તિ તે બુધ્ધિ જન્ય વૃત્તિ કહેવાય છે. આ સંસારને વધારનાર છે એટલે કે ઇન્દ્રિય અને પદાર્થને આશ્રય કરનારી બુધ્ધિ કહેવાય છે.

આગમ અનુસારી જે બોધ થાય તે તદ્આશય વૃત્તિ તે જ્ઞાન જન્યવૃત્તિ કહેવાય છે. આ મુક્તિનું અંગ છે. આગમપૂર્વક થનાર બોધને જ્ઞાન કહેવાય છે.

અનુષ્ઠાનવાલો જે બોધ તદ્ આશય વૃત્તિ તે અસંમોહ જન્ય વૃત્તિ છે. આ તત્કાલ નિર્વાણ સાધ્ય સ્થાન પ્રાપ્ત કરાવે છે. સારા અનુષ્ઠાનવાળું જે જ્ઞાન તે અસંમોહ કહેવાય છે.

જે વસ્તુ જેવા પ્રકારે છે તે યથાર્થ જાણી તેમાં આદર કરવો પણ મુંઝાવું નહિ તે અસંમોહ છે. જેમકે રત્નની પ્રાપ્તિ થવી તે બુધ્ધિ, આગમપૂર્વક રત્નનો બોધ તે જ્ઞાન અને તેનો લાભ ઉઠાવવો તે અસંમોહ છે. આ ત્રણે પ્રકાર સર્વને એક સરખા હોતા નથી પણ ક્ષયોપશમ ભાવને અનુસારે હોય છે.

વિધિપૂર્વકનું ભણતર એટલે દરેક પદ સારી રીતે શીખેલું - સ્વાધ્યાયથી સ્થિર થયેલું - સારણા -

વારણા અને ધારણાથી જીતેલું પદ - અક્ષર આદિ સંજ્ઞાથી પામેલું, ક્રમ - અક્રમ અને ઉત્ક્રમથી યાદ કરેલું, સ્વનામ પૂર્વક કંઠસ્થ કરેલ, ઉદાત-અનુદાત અને સ્વરિત-ઘાષ-અઘોષ ઉચ્ચારણોથી યુક્ત તથા ગુરૂવચનથી ઉપગત (કહેવાયેલું અથવા અપાયેલું) હોવું જોઇએ. આ વાત અનુયોગ દ્વાર સૂત્રમાં આવે છે. આ રીતે ભણતર થાય તે વિધિપૂર્વકનું ભણતર કહેવાય છે.

જે જ્ઞાન વસ્તુને જણાવે તે મતિ અને જે જીવ સાંભળે તે શ્રુત. તે શબ્દ સાંભળે છે તે દ્રવ્યશ્રુત છે અને તે ભાવશ્રુતનું કારણ છે અને આત્મા એ ભાવશ્રુત છે. શબ્દ એ શ્રોતાના શ્રુતજ્ઞાનનું કારણ બને છે. અને વક્તાનો શ્રુત ઉપયોગ વ્યાખ્યાન કરતી વખતે બોલતા શબ્દનું કારણ બને છે. જેથી શ્રુતના કારણમાં અને કાર્યમાં શ્રુતનો ઉપચાર કરાય છે. સંકેત વિષય પરોપદેશ રૂપ તથા ગ્રંથાત્મક એ બે પ્રકારે દ્રવ્ય શ્રુતના અનુસારે ઇન્દ્રિય મનોનિમિત્ત જે જ્ઞાન તે ભાવશ્રુત કહેવાય છે. તાત્પર્ય એ છે કે સંકેત કાળે પ્રવર્તેલા અથવા ગ્રંથ સંબંધ ઘટાદિ શબ્દને અનુસરીને વાચ્ય વાચક ભાવે જોડીને ઘટ ઘટ ઇત્યાદિ એના કરણમાં શબ્દોલ્લેખ સહિત ઇન્દ્રિય મનો નિમિત્ત જે જ્ઞાન ઉદય પામે છે તે શ્રુતજ્ઞાન અથવા ભાવશ્રુત છે અને તે શબ્દોલ્લેખ સહિત ઉત્પન્ન થયેલું હોવાથી પોતામાં જણાતા પદાર્થનું પ્રતિપાદન કરનાર શબ્દને ઉત્પન્ન કરે છે અને તે વડે બીજાને પ્રતિતી કરાવવામાં સમર્થ હોય છે.

આ શ્રુતના અનુસારે ઇન્દ્રિય મનો નિમિત્તવાળું અવગ્રહાદિ જે જ્ઞાન તે મતિજ્ઞાન છે અને તે શ્રુત નિશ્રિત છે કારણ કે શ્રુતથી સંસ્કાર પામેલી મતિવાલાને જ અવગ્રહાદિ ઉત્પન્ન થાય છે તેથી શ્રુત નિશ્રિત કહ્યા છે. વ્યવહાર કાલે શ્રુતાનુસારીપણું નથી. પૂર્વે એટલે આગળ શ્રુત પરિકર્મિતવાલાને જે હમણાં શ્રુતાતીત હોય છે તે શ્રુત નિશ્રિત મતિજ્ઞાન છે. (વિશિષ્ટ મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાન છે. મતિ પૂર્વક શ્રુત કહેલું છે. જેમ છાલ એ મતિ છે કારણ કે એ છાલને વણીને બનાવેલ દોરડું એ શ્રુત - કાર્ય છે. (જેથી તેમાં પરમાણું અને હસ્તિ જેવો અત્યંત ભેદ ન માનવો) પરમાણુ એ સૂક્ષ્મ છે અને હાથી એ સ્થુલ છે. એવો ભેદ અહીં જાણવો નહિ. અહીં તો મતિજ્ઞાન કારણ છે અને શ્રુતજ્ઞાન કાર્ય છે એ જણાવવા માટે છાલ એ દોરડાનું કારણ છે અને એ છાલમાંથી દોરડું બને તે કાર્ય કહેવાય છે એ રીતે સમજવું. માટે કહ્યું છે કે મતિ હેતુ એટલે કારણ છે અને શ્રુત-ફળ એટલે કાર્ય છે.

મતિ અને શ્રુત સમકાળે હોય એટલે એક સાથે હોય છે એમ જે કહેવાય છે તે લબ્ધિથી જાણવા એટલે સત્તા રૂપે જાણવા પણ ઉપયોગ રૂપે નહિ એટલે ઉપયોગથી સમકાલે નહિ. મતિપૂર્વક કહેલ છે તે મતિથી થયેલ શ્રુતનો ઉપયોગ જાણવો સાંભળીને જે મતિજ્ઞાન થાય છે તે દ્રવ્યશ્રુતથી પણ ભાવશ્રુતથી નહિ. કાર્યરૂપે મતિજ્ઞાન થતું નથી. અનુક્રમે થતી મતિનો નિષેધ નથી કારણ કે શ્રુતના ઉપયોગથી ચ્યવેલા જીવ મતિજ્ઞાનમાં ટકે છે એટલે અવસ્થાન પામે છે.

દ્રવ્યશ્રુત મતિથી થાય છે અને તે મતિ પણ દ્રવ્ય શ્રુતથી થાય છે તેથી તે બન્નેમાં ભેદ નથી માટે ભાવશ્રુત મતિપૂર્વક છે અને દ્રવ્યશ્રુત તે ભાવશ્રુતનું લક્ષણ છે તેમ માનવું યોગ્ય છે.

ભાવશ્રુતથી થયેલું સવિકલ્પક વિવક્ષા જ્ઞાનનાં કાર્યભૂત શબ્દરૂપ જ્ઞાન દ્રવ્યશ્રુત છે. દરેક કહેવા યોગ પદાર્થને ચિત્તમાં વિચારીને બોલે છે એમાં ચિંતન રૂપ ચિંતાજ્ઞાન છે તે શ્રુતને અનુસારી હોવાથી ભાવશ્રુત છે એટલે દ્રવ્યશ્રુતનું કારણ ભાવશ્રુત જણાય છે. એ રીતે કાર્યભૂત દ્રવ્યશ્રુત વડે પોતાનું કારણભૂત ભાવશ્રુતજ્ઞાન લક્ષમાં આવે છે માટે દ્રવ્યશ્રુતને ભાવશ્રુતનું લક્ષણ કહ્યું છે જેથી શબ્દએ ભાવશ્રુતથી જ જન્ય છે.

શ્રોત્રેન્દ્રિયના વિષયવાળું જ્ઞાન શ્રુતાનુસારી હોય તો તે શ્રુત છે અને અવગ્રહાદિરૂપ હોય તો તે મતિજ્ઞાન થાય છે તેવી જ રીતે બાકીની ચક્ષુ આદિ ચારથી શ્રુતાનુસારી સાભિલાપ વિજ્ઞાન રૂપ જે અક્ષરનો લાભ થાય તે પણ શ્રુત છે. (માત્ર અક્ષર લાભ શ્રુત ન કહેવાય કારણ કે ઇહા અપાયાત્મક મતિમાં પણ અક્ષર લાભ થાય છે. અવગ્રહ અનભિલાપ્ય છે અને ઇહાદિ સાભિલાપ્ય છે.) આ અક્ષર લાભ પણ શ્રોત્રેન્દ્રિય લબ્ધિ રૂપે જ માનેલ ચે જે શ્રોત્રેન્દ્રિય ઉપલબ્ધિ શ્રુતાનુસારી શ્રુત છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સાત પ્રકારોના ભેદો થી ભેદ રૂપ એટલે તફાવત રૂપે જણાવેલ છે. (૧) લક્ષણ ભેદથી ભેદ, (૨) હેતુ અને ફળથી ભેદ, (૩) ભેદાભેદથી એટલે (૪) ઇન્દ્રિયવિભાગથી ભેદ, (૫) વલ્ક = છાલ, શુંબ, દોરડું એના ભેદથી - કાર્ય - કારણથી ભેદ, (૬) અક્ષર - અનક્ષર ભેદથી અને (૭) મૂક અને અમૂકના ભેદથી ભેદ છે એટલે મતિજ્ઞાન અનુ શ્રુતજ્ઞાનમાં તફાવત રહેલો છે.

(૧) લક્ષણ ભેદથી. મતિજ્ઞાનનું લક્ષણ મનનં મતિઃ વિચારવું ચિંતન કરવું એટલે કે જે જ્ઞાન વસ્તુને જાણે તે અભિનિબોધ અને શ્રૂય તે ઇતિ શ્રુતમ્ । સાંભળવાથી જે જ્ઞાન થાય તે અથવા જેને જીવ આત્મા સાંભળે તે શ્રુત કહેવાય છે.

(૨) હેતુ અને ફળ મતિજ્ઞાન હેતુ છે અને શ્રુત જ્ઞાન એ ફળ છે.

(૩) ભેદ - ભેદ. મતિજ્ઞાનના ૨૮ ભેદ છે અને શ્રુતજ્ઞાનના ૧૪ અથવા ૨૦ ભેદો છે.

**(૪) ઇન્દ્રિય વિભાગથી ભેદ** - શ્રોત્રેન્દ્રિયથી પેદા થતા જ્ઞાન સિવાય ચક્ષુ આદિ ચાર ઇન્દ્રિયોથી પેદા થતું શ્રુતાનુસારી સ. અભિલાપ વિજ્ઞાન રૂપ જે અક્ષર લાભ પેદા થાય તે શ્રુત છે. આ સિવાયનું જે જ્ઞાન તે મતિજ્ઞાન છે અને અવગ્રહ ઇહાદિરૂપ શ્રોત્રેન્દ્રિયથી પેદા થતું અશ્રુતાનુસારિ તે પણ મતિજ્ઞાન છે. શ્રોત્રેન્દ્રિયથી પેદા થતું અવગ્રહ ઇહાદિ રૂપ સિવાયનું શ્રુત છે અને ચક્ષુ આદિ ચારમાં શ્રુતાનુસારી સ અભિલાપ વિજ્ઞાન રૂપ જે અક્ષર લાભ થાય તે પણ શ્રુત છે.

શ્ર્તાનુસારિ મતિથી એટલે મતિ-શ્રુત રૂપ સામાન્ય બુધ્ધિથી જણાયેલા જે અભિલાપ્ય ભાવો અંતરમાં સ્કુરાયમાન થાય છે તે નહિ બોલાતા છતાં કહેવાને યોગ્ય હોવાથી ભાવશ્રુત છે તે સિવાયના અનભિલાપ્ય ભાવો અને શ્રુતાનુસારિ સિવાયના અભિલાપ્ય ભાવો તે મતિજ્ઞાન છે. કેટલાક અભિલાપ્ય ભાવો મતિવડે જણાયેલા હોય છે. અવગ્રહ થી ગ્રહણ કરેલા-ઇહાથી વિચારેલા અને અપાયથી નિશ્ચય કરાયેલા હોય તે ભાવો શબ્દ રૂપ દ્રવ્ય શ્રુત વડે બોલાય છે તેથી દ્રવ્ય શ્રુતપણું પામે છે જેથી શ્રુતજ્ઞાન શબ્દ પરિણામ એટલે ધ્વનિ પરિણામ શ્રુતાનુસારી ઉત્પન્ન થયેલ હોય છે એમ માનેલ છે. તદ્અનુસાર ઉત્પન્ન થયેલા જ્ઞાનમાં ધ્વનિ પરિણામ હોય છે એટલે શ્રુત શબ્દ પરિણમાવેલું છે અને મતિજ્ઞાન-શબ્દ એટલે અભિલાપ્ય પરિણામવાલું અને શબ્દ પરિણામ વિનાનું એટલે અનભિલાપ્ય એમ બે પ્રકારે છે.

(૫) વલ્ક એટલે છાલ એ મતિજ્ઞાન છે કારણ છે અને શુંબ એટલે દોરડું એ શ્રુતજ્ઞાન કાર્ય છે માટે કાર્ય-કારણ ભેદથી ભેદ ગણાય છે.

**(૬) અક્ષર - અનક્ષર ભેદનું વર્ણન** - પૂર્વે શ્રુત ઉપકારવાલું અને હમણાં તેની અપેક્ષા વગરનું માટે પૂર્વે શ્રુત પરિકર્મિત મતિવાલાને હમણાં જે શ્રુતાતિત જ્ઞાન થાય છે તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે અને મતિચતુષ્ક એટલે ચાર પ્રકારની બુધ્ધિના ભેદો અશ્રુત નિશ્રિત છે. મતિજ્ઞાન ભાવાક્ષરથી બન્ને પ્રકારે છે અને વ્યંજનાક્ષરથી અનક્ષર થાય અને શ્રુતજ્ઞાન ઉભય પ્રકારે છે. અનક્ષર અને અક્ષર મતિના અવગ્રહમાં ભાવાક્ષર નથી તેથી અનક્ષર છે અને ઇહામાં ભાવાક્ષર છે તેથી અક્ષરાત્મક છે અને દ્રવ્ય વ્યંજનાક્ષરની

અપેક્ષાએ તે અનક્ષર જ છે. લખાતા અને ઉચ્ચારાતા શબ્દો તો દ્રવ્ય શ્રુતપણે રૂઢ એટલે પ્રસિધ્ધ છે. અને દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત બન્ને સાક્ષર અને અનક્ષર એમ બે પ્રકારે છે. ઉચ્છવાસ નિઃશ્વાસ છીંક, થુંકવું, ચપટી વગાડવી, ખાંસી, સુંઘવું અનુસ્વાર અનક્ષર છે અને પુસ્તકાદિમાં લખેલું તથા શબ્દોચ્ચાર રૂપ દ્રવ્યશ્રુત અક્ષર છે એટલે સાક્ષર છે અને ભાવશ્રુત શ્રુતાનુસારી અક્ષરાદિ વર્ણના વિજ્ઞાનાત્મક હોવાથી સાક્ષર (અક્ષર સહિત) છે અને શબ્દ તથા લખેલા અક્ષર રહિત હોવાથી અનક્ષર છે.

(૭) મૂક એટલે મુંગું અને અમૂક એટલે બોલતું. મતિજ્ઞાન મુંગું છે. કોઇને અક્ષરથી જણાવી શકાતું નથી અને શ્રુતજ્ઞાન બોલતું છે કારણ કે બીજાને અને પોતાને અક્ષરથી જણાવી શકાય છે માટે સ્વ અને પર પ્રકાશક શ્રુતજ્ઞાન કહેલું છે. આથી સ્વ-પર પ્રત્યયાત્મક હોવાથી અમૂક છે. અવગ્રહ હંમેશા શબ્દથી રહિત હોવાથી સ્વરૂપ, નામ, જાતિ આદિની કલ્પના રહિત છે.

ભાષા વર્ગણાના પુદ્‌ગલો ત્રસનાડીમાં રહેલા જીવોની ત્રણ સમયમાં, ત્રસ નાડીની બહારની ચાર દિશામાં, ચાર સમયમાં અને લોકના છેડે રહેલાની ચાર સમયમાં આખા લોકમાં વ્યાપે છે અને ત્રસ નાડીની બહાર ચાર વિદિશાઓમાંથી પાંચ સમયે આખા લોકમાં વ્યાપે છે. પહેલા સમયે લોકાંત પહોંચે છે. (ત્રણ સમય વાલાની ભાષા સમજવી.) અહીં ત્રસ નાડી અને ત્રસ નાડીની બહાર શબ્દો જણાવેલા છે તે એ રીતે સમજવા કે ત્રસ નાડીમાં રહેલા ત્રસ જીવોએ ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ભાષા રૂપે પરિણમાવી વિસર્જન કરેલા હોય એટલે છોડેલા પુદ્‌ગલો હોય તે પુદ્‌ગલો આખા લોકમાં વ્યાપ્ત થાય છે તે કેટલા સમયમાં વ્યાપ્ત થાય છે એ જણાવવા માટે ત્રસ નાડીમાં અને ત્રસ નાડીની બહારના એમ જણાવેલ છે. બાકી ત્રસનાડીની બહાર ત્રસ જીવો કોઇ કાળે હોતા નથી.

ભાષા દ્રવ્યો છએ દિશામાં શ્રેણી અનુસાર મિશ્ર સંભળાય છે અને વિદિશામાં તો વાસિત થયેલ જ સંભળાય છે. તીવ્ર પ્રયત્નવાળો વક્તા ગ્રહણ ત્યાગના પ્રયત્ન વડે ભાષા દ્રવ્યને ભેદીને સૂક્ષ્મ ટુકડા કરીને મુકે છે તે જ સર્વલોકમાં વ્યાપે છે. બાકી મંદ પ્રયત્નવાલાની તો અસંખ્યાત અવગાહના વર્ગણા ગયા પછી ભેદાય છે અને પછી સંખ્યાતા જોજને તો તેનો ભાષા પરિણામ નાશ પામે છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં મતિજ્ઞાન-મતિઅજ્ઞાન અને અચક્ષુ સિવાયની પશ્યતા કહી છે તે સાકાર અને નિરાકાર એમ બે ભેદે છે તેમાં શ્રુતજ્ઞાન, વિભંગજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અવધિજ્ઞાન. આ છ સાકાર પશ્યતા અને ચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન. આ ત્રણ અનાકાર પશ્યતા છે. શ્રુતજ્ઞાની આદિ જીવે છે તે આ પશ્યતાની અપેક્ષાએ કહેવું યોગ્ય છે.

સંભળાય છે તે શ્રુત શબ્દ સંભળાય છે તે દ્રવ્યશ્રુત સાંભળે તે. શ્રુત તે આત્મા છે. પરમાર્થથી સાંભળવું તે જ શ્રુત છે અને જીવ ક્ષયોપશમ તે શ્રુત છે. ઇન્દ્રિય અને મનોનિમિત્ત શ્રુતાનુસારે સ્વ અર્થ કહેવામાં સમર્થ જે વિજ્ઞાન તે ભાવશ્રુત છે. બાકીનું મતિજ્ઞાન ભાષા અભિમુખ થયેલાને જે જ્ઞાન થાય છે તે તથા સાંભળીને જે જ્ઞાન થાય છે તે ભાવશ્રુત છે અને તે ભાષા અને શ્રોતલબ્ધિવંતને ઘટે છે. પૃથ્વી આદિને દ્રવ્ય ઇન્દ્રિયોનો અભાવ છતાં સૂક્ષ્મ ભાવ ઇન્દ્રિયનું જ્ઞાન હોય છે. તેમ દ્રવ્ય શ્રુતનો અભાવ છતાં પૃથ્વી આદિને ક્ષયોપશમ રૂપ ભાવશ્રુત હોય છે.

## *અવધિજ્ઞાન*

મન અને ઇન્દ્રિયોની અપેક્ષા રહિત આત્મસાક્ષાત્ રૂપી દ્રવ્યોનો ક્ષયોપશમ અનુસાર જે બોધ

એટલે જ્ઞાન થાય તે અવધિજ્ઞાન કહેવાય છે. તેના છ ભેદો છે. અનુગામી, અનનુગામી, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી અને અપ્રતિપાતી.

તત્વાર્થ ભાષ્યમાં પ્રતિપાતી, અપ્રતિપાતીના બદલે અનવસ્થિત એટલે ઘટે, વધે, પાછું ઘટે. જલના એટલે પાણીના કલ્લોલની જેમ અને અવસ્થિત એટલે ઘટે નહિ તેવું ભવ ક્ષયે સાથે જાય એટલે મરણ પછી પણ સાથે જાય.

કેવલજ્ઞાન સુધી કાયમ રહે આ બે ભેદ છે.

વિશેષાવશ્યક ભાષ્યમાંથી કહ્યું છે કે અવધિજ્ઞાનનું જઘન્ય ક્ષેત્ર ત્રણ સમયનું હોય આહારક સૂક્ષ્મ પનક એટલે વનસ્પતિના જીવની અવગાહના જેટલું હોય અને ઉત્કૃષ્ટથી પરમાવધિના ક્ષેત્ર જેટલું હોય તેટલ, સંપૂર્ણ લોકાકાશ અને અસંખ્યાતા લોકાકાશ જેવા ખંડો અલોકમાં જોઇ શકે પણ અલોકમાં રૂપી દ્રવ્યો નહિ હોવાથી જોવાનું કાંઇ રહેતું નથી.

ક્ષેત્રથી. અસંખ્યાતમો ભાગ ભૂત ભવિષ્ય જાણી શકે. અંગુલનો અસંખ્યાતમો ભાગ જૂએ તો કાલથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ જુએ.

અંગુલનો સંખ્યાતમો ભાગ જાણે તો કાલથી આવલિકાનો મોટો અસંખ્યાતમો ભાગ જુએ.

અંગુલનો વધુ સંખ્યેય ભાગ જાણે તો કાલથી આવલિકાનો સંખ્યાતમો ભાગ જાણે જુએ. અંગુલક્ષેત્રનો કાંઇક ન્યૂન આવલિકા.

| | |
|---|---|
| | અંગુલ પૃથક્ત્વ આવલિકા. |
| એક હસ્ત (હાથ) તો | અંતર્મુહૂર્ત. |
| એક ગાઉ તો | ભિન્ન દિવસ = ન્યૂન દિવસ. |
| એક જોજન તો | દિવસ પૃથક્ત્વ. |
| ૨૫ જોજન તો | ભિન્ન પક્ષ. |
| ભરત ક્ષેત્ર જેટલું હોય તો | અડધો માસ. |
| જંબુદ્વિપ તો | સાધિક માસ. |
| અઢીદ્વીપ તો | એક વરસ. |
| રૂચક દ્વીપ સુધી તો | વર્ષ પૃથક્ત્વ |
| | મતાંતરે એક હજાર વર્ષ |
| સંખ્યાત દ્વીપ સમુદ્ર તો | સંખ્યાતો કાળ |
| અસંખ્યાત દ્વીપ સમુદ્ર તો | અસંખ્યાત કાળથી |
| | કાંઇક ન્યૂન |
| ઘણાં અસંખ્ય દ્વીપ સમુદ્ર તો | અસંખ્ય કાળ |
| સંપૂર્ણ લોક તો | કાંઇક ન્યૂન પલ્યોપમ |

પરમાવધિ સર્વરૂપી દ્રવ્ય પરમાણુ સહિત અને દ્રવ્યના અસંખ્ય પર્યાય જાણે અસંખ્ય અવસરપિણી-ઉત્સરપિણી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આ ચારેમાં કાળની વૃધ્ધિમાં ચારેની વૃધ્ધિ ક્ષેત્રની વૃધ્ધિમાં દ્રવ્ય ભાવની વૃધ્ધિ પણ કાળની ભજના દ્રવ્યની વૃધ્ધિમાં ભાવની વૃધ્ધિ અને ક્ષેત્ર કાળની ભજના અને ભાવની = પર્યાયની વૃધ્ધિમાં ત્રણેની ભજના કારણકે કાળ કરતાં ક્ષેત્ર અસંખ્યા સંખ્યગુણ છે તેનાથી

દ્રવ્ય અનંત ગુણ છે તેનાથી પર્યાય અનંત ગુણા છે.

અવધિનો વિષય દ્રવ્યથી પર્યાયમાં ઓછામાં ઓછો ગુણો (રૂપ, રસ, ગંધ અને સ્પર્શતો હોય જ) અને વધુ સંખ્યગુણો અસંખ્ય ગુણો છે જો કે પર્યાય તો અનંતા છે પણ અસંખ્ય કાળમાં પર્યાય તો અસંખ્ય જ થાય.

અવધિની શરૂમાં તૈજસ અને ભાષાના મધ્યવર્તી અયોગ્ય વર્ગણાના દ્રવ્યો જુવે તૈજસ નજીકના તે ગુરૂલઘુ અને ભાષા નજીકના અગુરૂલઘુ. શરૂમાં ગુરુ લઘુ દેખે તો પછી નિર્મળતા થાય તો અગુરૂ લઘુ દેખે પણ વિશુદ્ધિ ન થાય તો પડે પણ જો અગુરૂ લઘુ દેખે તો વધતો ગુરુ લઘુપણે દેખે અને તે અપ્રતિપાતિ હોય જેથી પડે નહિ. તૈજસ સુધીની વર્ગણા ગુરૂલઘુ છે પછીની બધી અગુરૂલઘુ છે. (નિશ્ચયના મતે અમૂર્તનો ગુણ જ અગુરૂલઘુ હોય મૂર્તતો ગુરૂલઘુ જ હોય) દ્રવ્યથી મનો વર્ગણા જુવે તો ક્ષેત્ર લોકનો સંખ્યાતમો ભાગ અને કાળથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ, કાર્મણ વર્ગણા દેખે તો લોકના સંખ્યેય ભાગો અને પલ્યોપમનાં સંખ્યેય ભાગોને જુવે જાણે.

સંપૂર્ણ લોક દેખે તો કંઇક ન્યૂન પલ્યોપમ અને કાર્મણ પછીની વર્ગણાઓ સામર્થ્ય પ્રમાણે દેખે.

તૈજસ સુધી દેખે તો અસંખ્ય દ્વીપ સમુદ્ર અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ તેનાથી કાંઇક વધુ ક્રમે કરીને કાર્મણ શરીરને તૈજસ વર્ગણાને અને ભાષા વર્ગણાને જોવાવાલો દેખે. તૈજસ શરીર દેખે તે અતિત અનાગત કાળ પૃથક્ત્વ દેખે.

પરમાવધિ ગુરૂલઘુ અગુરૂલઘુ અને પરમાણુ સુધીનો વિષય દેખે.

અવધિના સ્વામી - દેવોને તથા નારકોને ભવાશ્રયી હોય જ છે અને ગર્ભજ તિર્યંચ તથા મનુષ્યોને તેવા પ્રકારના ક્ષયોપશમથી થાય છે. સમ્યક્દ્રષ્ટિને હોય તે અવધિજ્ઞાન કહેવાય છે અને મિથ્યાદ્રષ્ટિને હોય તે વિભંગ જ્ઞાન કહેવાય છે.

પ્રતિપાતિ અવધિ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉતકૃષ્ટે સમગ્ર લોક જાણે અને નાશ પામે સંપૂર્ણ લોકને જાણી અલોકના એક પણ પ્રદેશને જાણે તે અપ્રતિપાતિ હોય.

(૪) મનઃપર્યવ જ્ઞાન - સન્ની પંચેન્દ્રિય જીવોનાં મનોગત ભાવોને જાણે જ્ઞાનથી મનના પર્યાયને પ્રત્યક્ષ જાણે છે અને મનોગત ભાવને અનુમાનથી જાણે છે તેના બે ભેદ છે. (૧) ઋજુમતિ = અઢી દ્વીપ વર્તિ સન્ની પંચેન્દ્રિયના મનો ભાવને જાણે આ પ્રતિપાતી છે. (૨) વિપુલમતિ - તે કાંઇક વધુ ક્ષેત્ર અઢી અંગુલ વિશેષ અને સ્પષ્ટપણે જાણે તેમજ કેવલજ્ઞાન સુધી કાયમ રહે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આ ચારે પ્રકારમાં ઋજુ કરતાં વિપ્લ મતિ વિશેષ જાણે છે. આ જ્ઞાનનો સ્વામી સંયમી (સર્વવિરતિ ધર છે.) છે.
કેવલજ્ઞાન - સર્વ ક્ષેત્રના ત્રણે કાળના સર્વ દ્રવ્યોના (રૂપીને અરૂપી) સર્વ પર્યાયોને એક જ સમયે હાથમાં રહેલા આમળાની જેમ સાક્ષાત્ જાણે અને જુએ.

પાંચે જ્ઞાન સંબંધી - મતિ, શ્રુત = નિશ્ચયથી પરોક્ષ અને વ્યવહારથી પ્રત્યક્ષ છે. અવધિ મનઃપર્યવ દેશ પ્રત્યક્ષ છે અને કેવલ સકલ પ્રત્યક્ષ છે. મતિના- ૨૮. શ્રુતના-૧૪ કે ૨૦ અવધિ-૬ મનઃપર્યવ ૨ કેવલ-૧ મલી ૫૧ કે ૫૭ ભેદ જ્ઞાનનાં છે.

કેવલજ્ઞાન ક્ષાયિક ભાવે છે. બાકીના ક્ષયોપશમિક ભાવે છે. કેવલજ્ઞાનાવરણીયને સર્વઘાતી રસોદય હોવા છતાં તેનું આવરણ અબરખ આદિના પડ જેવું હોવાથી જેમ વાદળનું ગાઢ આવરણ હોવા છતાં સૂર્યનો પ્રકાશ રાત્રીનો ભેદ કરનાર દિવસ છે એમ જણાઇ આવે એટલો સૂર્યનો પ્રકાશ રહે છે. તેમ

કેવલ જ્ઞાનનું આવરણ હોવા છતાં પણ બોધ રહે છે. તે બોધને મતિજ્ઞાનાદિ ચાર આવરણ રૂપ પડદો કહે છે. ઝુંપડામાં જેવા બાકા (ક્ષયોપશમ રૂપ બાકાં) હોય તે પ્રમાણે પ્રકાશ પડે છે. એટલો બોધ થાય છે કેવલ જ્ઞાનાવરણના ક્ષયે ઝુંપડા અને પડલ બધું દુર થઇ જાય છે જેથી કેવલ જ્ઞાન એક જ રહે છે અને સંપૂર્ણ પ્રકાશ આપે છે.

| ક્રમ | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાલથી | ભાવથી | |
|---|---|---|---|---|---|
| ૧. મતિ જ્ઞાન | સર્વ અભિલાપ્ય સર્વ ના પર્યાય | લોકાલોક | ત્રણે કાળ | અનંતમા ભાગ | દ્રવ્ય દ્રવ્યો |
| ૨. શ્રુત જ્ઞાન | સર્વ અભિલાપ્ય દ્રવ્યો પર્યાય | લોકાલોક | ત્રણે કાળ | સર્વ અભિલાપ્ય | |
| ૩. અવધિ જ્ઞાન | ભાષા તેજસ વચ્ચેના સર્વ પુદ્ગલ | અંગુ. અસં ભાગ અસં. લોકાકાશ | આવ. નો અ.ભા. અસંખ્યકાળ | પ્રતિદ્રવ્યનાં અસ. દ્રવ્યો | |
| ૪. મનઃપર્યવ જ્ઞાન | મનરૂપી પરિણમેલ | અઢી દ્વીપ | પલ્યો.અસં ભાગ | અનંતમા ભાગ ના પર્યાયો | |
| ૫. કેવલ જ્ઞાન | રૂપીઅરૂપી દ્રવ્યો | સર્વક્ષેત્ર | ત્રણેકાળ સંપૂર્ણ | સર્વ પર્યાય | |
| ૬. મતિ અજ્ઞાન | સ્વવિષયગત દ્રવ્ય | સ્વવિષયગત ક્ષેત્ર | સ્વવિષયગત કાળ | સ્વવિષયગત પર્યાય | |
| ૭. શ્રુત અજ્ઞાન | ” અભિલાપ્ય | ” ” ” | ” ” ” | ” ” ” | |
| ૮. વિભંગ જ્ઞાન | ” પુદ્ગલ દ્રવ્ય | ” ” ” | ” ” ” | ” ” ” | |

| ક્રમ | | પ્રમાણથી | ભેદ | સ્થિતિ | અંતર | |
|---|---|---|---|---|---|---|
| ૧. મતિ જ્ઞાન | જાણે દેખે | પરોક્ષ | ૨૮ | જઘ.અં. ઉ. ૬૬ સાગ | અંત. દેશોન પૂ. ક્રોડ | |
| ૨. શ્રુત જ્ઞાન | ” ” ” ” | ” ” | ૧૪, ૨૦ | ” ” ” ” ” ” ” ” ” | ” ” ” ” ” ” | |
| ૩. અવધિ જ્ઞાન | ” ” ” ” | પ્રત્યક્ષ | ૬ | ૧ સમય ” ” ” ” ” | ” ” ” ” ” ” | |
| ૪. મનઃપર્યવ જ્ઞાન | ” ” ” ” | ” ” ” | ૨ | ૧ સમ દેશોનપૂર્વક્રોડ | ” ” ” ” ” ” | |
| ૫. કેવલ જ્ઞાન | ” ” ” ” | ” ” ” | ૧ | સાદિ અનંત | અભાવ | |
| ૬. મતિ અજ્ઞાન | ” ” ” ” | પરોક્ષ | ૨૮ | અંત. ઉત્કૃષ્ટ ભવો | અંત. ૬૬ સાગર | |
| ૭. શ્રુત અજ્ઞાન | ” ” ” ” | ” ” ” | ૧૩/૨૦ | ” ” ” ” ” ” ” ” ” | ” ” ” ” ” ” | |
| ૮. વિભંગ | ” ” ” ” | ” ” ” અસં. ભાગ | ૫/૬ | ૧ સમય ૩૩ સાગર | ” આવલિ. | જ્ઞાન |

| ક્રમ | સ્વામિ | સ્વપર્યાયાશ્રીય |
|---|---|---|
| ૧. મતિ જ્ઞાન | અવધિથી વિશેષાધિક | મતિઅજ્ઞાનથી વિશેષાધિક |
| ૨. શ્રુત જ્ઞાન | ” ” ” ” ” મતિતુલ્ય | શ્રુત ” ” ” ” ” ” ” ” ” ” |

| | | |
|---|---|---|
| ૩. અવધિ જ્ઞાન | મન:થી અસં. ગુણા | વિભંગથી અનંતગુણા |
| ૪. મન:પર્યવ જ્ઞાન | સર્વથી અલ્પ | સર્વથી અલ્પ |
| ૫. કેવલ " " " " | વિભંગથી અનંતગુણા | મતિજ્ઞાનથી અનંત ગુણા |
| ૬. મતિ અજ્ઞાન | કેવલથી અનંત ગુણા | શ્રુતજ્ઞાનથી અનંત ગુણા |
| ૭. શ્રુત અજ્ઞાન | મતિઅજ્ઞાન તુલ્ય | અવધિથી અનંત ગુણા |
| ૮. વિભંગ જ્ઞાન | મતિજ્ઞાનીથી અસં. ગુણ. | મન:પર્યવથી અનંત ગુણા |

## ચૌદ પૂર્વમાં વસ્તુ ચુલવસ્તુ વર્ણન

| પૂર્વ | વસ્તુ | ચૂલ વસ્તુ | |
|---|---|---|---|
| ૧ | ૧૦ | ૪ | સર્વદ્રવ્ય ગુણ પર્યાયનું ઉત્પન્ન નાશ વગેરે. |
| ૨ | ૧૪ | ૧૨ | સર્વદ્રવ્ય ગુણ પર્યાયનું જાણપણું. |
| ૩ | ૮ | ૮ | જીવોનાં વીર્યનું વર્ણન. |
| ૪ | ૧૮ | ૧૦ | અસ્તિ નાસ્તિ સ્વરૂપ (સ્યાદવાદ). |
| ૫ | ૧૨ | ૦ | પાંચ જ્ઞાનનું વર્ણન. |
| ૬ | ૨ | ૦ | સત્ય સંયમનું વર્ણન. |
| ૭ | ૧૬ | ૦ | નય પ્રમાણ દર્શન સહિત આત્મ સ્વરૂપ. |
| ૮ | ૩૦ | ૦ | કર્મપ્રકૃતિ સ્થિતિ અનુભાગ મૂલ. ઉત્તર પ્રકૃતિ. |
| ૯ | ૨૦ | ૦ | પ્રત્યાખ્યાનનું પ્રતિપાદન. |
| ૧૦ | ૧૫ | ૦ | વિદ્યાના અતિશયનું વર્ણન. |
| ૧૧ | ૧૨ | ૦ | ભગવાનનાં કલ્યાણકનું. |
| ૧૨ | ૧૩ | ૦ | ભેદ સહિત પ્રાણના વિષયનું. |
| ૧૩ | ૩૦ | ૦ | ક્રિયાનું. |
| ૧૪ | ૨૫ | ૦ | બિંદુમાં લોક સ્વરૂપ સર્વ અક્ષર સન્નિપાત. |

## સ્થાનકવાસીમાંથી ઉતારો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. આચારાંગ | ૧૮૦૦૦ | ઉપાશક દશાંગ | ૧૧૫૨૦૦૦ | અગ્યાર અંગના કુલ |
| ૨. સૂયગડાંગ | ૩૬૦૦૦ | અંતગડદશાંગ | ૨૩૦૪૦૦૦ | ૩૬૮૪૬૦૦૦ |
| ૩. ઠાણાંગ | ૭૨૦૦૦ | અનુત્તરોપદશાંગ | ૪૬૦૮૦૦૦ | |
| ૪. સમવાયાંગ | ૧૪૪૦૦૦ | પ્રશ્નવ્યાકરણ | ૯૨૧૬૦૦૦ | |
| ૫. વિહાપન્નતી | ૨૮૮૦૦૦ | વિપાકસૂત્ર | ૧૮૪૩૨૦૦૦ | |
| ૬. જ્ઞાતા ધર્મકથા | ૫૭૬૦૦૦ | દ્રષ્ટિવાદ | પદપ્રમાણ | |

## ચૌદપૂર્વનાં નામો તથા પદપ્રમાણ

| | પૂર્વનામ | પદ પ્રમાણ | બારમા દ્રષ્ટિવાદનાં ૫ અધિકાર | |
|---|---|---|---|---|
| ૧. | ઉત્પાદ | એક ક્રોડ | ૧ પરિકર્મ, ૨ સૂત્ર, ૩ પૂર્વાનુયોગ, ૪ પૂર્વગત, | ૨. |

અગ્રાવણીય ૯૬ લાખ ૫ ચૂલિકા. તેમાં ચોથા પૂર્વગતમાં ૧૪ પૂર્વોનો ૩. વીર્ય પ્રવાદ
૭૦ લાખ સમાવેશ થાય છે. પૂર્વમાં વસ્તુ અધિકાર આવે ૪. અસ્તિ પ્રવાદ
૬૦ લાખ છે તેમાં પ્રાભૃત અધિકારો છે તેમાં પ્રાભૃત ૫. જ્ઞાન પ્રવાદ
૯૯ ૯૯ ૯૯૯ પ્રાભૃત નામના અવયવ અધિકારો આવેલ ૬. સત્ય પ્રવાદ
૧૦૦૦૦૦૦૬ છે તેમાં નાનાવિધ વસ્તુનું સ્વરૂપ વર્ણવેલ ૭. આત્મ પ્રવાદ ૨૬ ક્રોડ
છે. (ભગવતીજીમાં શતક અવાન્તર શતક ૮. કર્મ પ્રવાદ ૧૮૦૦૦૦૦૦ અને દરેક શતકમાં અનેક ઉદ્દેશા ઇત્યાદિ
૯. પ્રત્યાખ્યાન પ્રવાદ ૮૪૦૦૦૦૦ આચારાંગમાં બે શ્રુતસ્કંધ દરેક શ્રુતસ્કંધમાં અનેક અધ્યયનો દરેક અધ્યયનમાં અનેક ૧૦. વિદ્યા પ્રવાદ
૧૦૦૧૦૦૦૦ ઉદ્દેશા આવેલા છે તેમ.)
૧૧. કલ્યાણ પૂર્વ ૨૬૦૦૦૦૦૦૦
૧૨. પ્રાણાયુ પૂર્વ ૫૬ લાખ ક્રોડ
૧૩. ક્રિયાવિશાલ પૂર્વ ૯૦૦૦૦૦૦૦
૧૪. લોક બિન્દુસાર <u>૧૨૫૦૦૦૦૦૦</u>
= કુલ ૫૬૦૦૦૮૨૪૦૧૦૦૫ (છપ્પન લાખ બ્યાસી ક્રોડ ચાલીશ લાખ દસ હજાર અને પાંચ.)

અગ્યાર અંગ અને ૧૪ પૂર્વનાં પદો ૫૬૦૦૦૮૬૦૮૫૬૦૦૫

૫૧૦૮૮૬૮૪૦ શ્લોક અને ૨૮ અક્ષરનું એક પદ થાય તેવા પદો ઉપરનાં જાણવા.

શ્રુતજ્ઞાની સામાન્યથી ત્રણે કાળ જાણે પણ ઉપયોગ પૂર્વક અસંખ્યાત કાળના ભાવ જાણે પણ અનંતકાળ પહેલા કે પછી આ પદાર્થ કેવા સ્વરૂપે હતો તે જાણે નહિ કે કેવા સ્વરૂપે હશે તે પણ ન જાણે.

મતિજ્ઞાની = ઓઘે સામાન્ય-આદેશ. આગમ થકી દ્રવ્યથી સર્વ દ્રવ્ય જાણે પણ દેખે નહિ, ક્ષેત્રથી લોકાલોક જાણે પણ દેખે નહિ, કાળથી સર્વકાળ જાણે પણ દેખે નહિ, ભાવથી સર્વ ભાવ જાણે પણ દેખે નહિ. શ્રુતજ્ઞાનો ઉપયોગવંત થકો સર્વ જાણે દેખે (દ. ક્ષે. કા. ભા.) ટીકામાં જાણે છે એમ જ લખ્યું છે લોક પ્રકાશમાં કથંચિત્ દેખે એમ લખેલ છે. પરોક્ષ છે માટે પ્રત્યક્ષ થતું નથી પણ જોયેલ વસ્તુ યાદ કરીએ ત્યારે આંખ આગળ સાક્ષાત્ હોય એમ જણાય છે. તેવી રીતે દેખેલી કે શાસ્ત્ર દ્વારા અનુભવેલી વસ્તુને સ્મરણ કરે ત્યારે દેખે છે.

અવધિ-દ્રવ્યથી અનંત રૂપી દ્રવ્ય જાણે દેખે ઉ. સર્વ રૂપી દ્રવ્યોને જાણે દેખે ક્ષેત્રથી અંગુલનો અસં. ભાગ ઉ. લોક અને અલોકને વિષે અસંખ્યાતા લોક જેવડા ખંડુક જાણે દેખે કાળથી જ. આવલિનો અસંખ્યાતમો ભાગ ઉ. અસં. ઉત્સરપિણી અવસરપિણી અતીત - અનાગત. ભાવથી જ. અનંતા અને ઉ. અનંતા ભાવ જાણે દેખે સર્વ ભાવનો અનંતમો ભાગ.

મન:પર્યવ. અનંત. અનંત પ્રદેશી સ્કંધ જાણે દેખે. ક્ષેત્રથી રત્નપ્રભાના ક્ષુલ્લક પ્રતર લગી ઉર્ધ્વ જ્યોતિષના ઉપલા તલીયા સુધી અને તિર્છુ અઢી દ્વીપ ઋજુ કરતાં વિપુલ વિશુધ્ધ અને અઢી અંગુલ વધુ

જાણે દેખે કેવલજ્ઞાની. સર્વ દ્રવ્ય - ક્ષેત્ર કાળ અને ભાવ જાણે દેખે.

## ચૌદ પૂર્વોમાં શું વિષયો વર્ણવેલ છે તેની સંક્ષેપ નોંધ

(૧) જીવાદિ પદાર્થોમાં ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યનું વર્ણન.

(૨) તમામ જાતનાં બીજની કુલ સંખ્યા વગેરેનું વર્ણન.

(૩) આત્મવીર્યનું તથા તેને ધારણ કરનારા જીવોનું વર્ણન.

(૪) સપ્તભંગી ગર્ભિત સ્યાદ્વાદનું વર્ણન.

(૫) જ્ઞાનનું સ્વરૂપ નંદિસૂત્ર આદિની રચના આપૂર્વમાંથી થયેલ.

(૬) સત્યાદિ ભાષાનું તથા ભાષ્ય ભાષક ભાવાદિનું.

(૭) આત્માનું કર્તા, ભોક્તા, નિત્યા નિત્ય વ્યાપક્તાનું.

(૮) કર્મ સ્વરૂપ પંચ સંગ્રહાદિ આમાંથી ઉધ્ધરેલ છે.

(૯) પ્રત્યાખ્યાનનું સ્વરૂપ.

(૧૦) ગુરૂવિદ્યા, લઘુવિદ્યા વગેરે ૭૦૦ વિદ્યાઓ અને રોહિણી પ્રજ્ઞપ્તિ વગેરે ૫૦૦ મહાવિદ્યાઓનું સ્વરૂપ શ્રી સિધ્ધચક્ર યંત્રાદિનો આ પૂર્વમાંથી ઉધ્ધાર થયેલ છે.

(૧૧) જ્યોતિષ, શલાકાપુરૂષ, દેવ પુણ્યનાં ફ્લ વગેરેનું.

(૧૨) ચિકિત્સાના પ્રકાર, વાયુના પાંચ ભેદ, પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોનો વિસ્તાર.

(૧૩) છંદ વ્યાકરણ શિલ્પ કળા વગેરેનું.

(૧૪) ઉત્સરપિણી. અવસરપિણી સૂક્ષ્માદિક કાળનું વર્ણન છે.

## ૪૫ આગમાદિ સૂત્રો સંબંધી

શ્રી દેવ વાચકે શ્રી નંદીસૂત્ર રચ્યું જેમાં આગમના નામો નીચે પ્રમાણે આપેલ છે. (દ્વાદશાંગ = બાર અંગ)

(૧) આચારાંગ - સાધુ સાધ્વીનાં આચાર વગેરેનું.

(૨) સૂત્રકૃતાંગ - સ્વપર સમયની વાત સાથે ૩૬૩ પાખંડી વગેરેનું સ્વરૂપ.

(૩) સ્થાનાંગ - જેમાં દશ અધ્યયને ૧ થી ૧૦ બોલનું વર્ણન.

(૪) સમવાયાંગ - જીવા જીવ પ્રમુખના ભાવોના વર્ણન સાથે ઉત્તમ પુરૂષોનો અધિકાર છે.

(૫) ભગવતી - ગૌતમ સ્વામીના પૂછેલ ૩૬૦૦૦ પ્રશ્નોનાં ઉત્તરો વગેરે વર્ણન.

(૬) જ્ઞાતા ધર્મકથા - દ્રષ્ટાંતો દ્વારા દયા, સત્ય આદિની પુષ્ટિ સાથે અનેક ધર્મકથાઓ છે.

(૭) ઉપાશક દશાંગ - આનંદાદિ દશ શ્રાવકોનું વર્ણન.

(૮) અંતકૃત દશા - મોક્ષગામી ગૌતમ કુમારાદિનો અધિકાર.

(૯) અનુત્તરોપપાતિક - જાલિ મયાલિ આદિ ૩૩ જીવો અનુત્તર વિમાનમાં ગયા છે અને એક ભવ કરી મોક્ષે જશે તેનો અધિકાર.

(૧૦) પ્રશ્નવ્યાકરણ - આશ્રવ તથા સંવર દ્વાર સંબંધી વર્ણન.

(૧૧) વિપાક સૂત્ર - દુઃખવિપાક અને સુખવિપાકનાં દ્રષ્ટાંતો.

(૧૨) દ્રષ્ટિવાદ - વિદ્યમાન નથી = જેમાં સર્વ પદાર્થોની પ્રરૂપણા હતી.

ચૌદ પૂર્વનો તેના એક ભાગમાં સમાવેશ થાય છે.

(દશપયન્ના)

(૧) ચતુઃ શરણ, ચાર શરણ અને દુષ્કૃત્યોની નિંદા વગેરે છે.

(૨) આતુરપચ્ચક્ખાણ - આ તુરપચ્ચક્ખાણ બાલ અને પંડિત મરણ તથા હિત શિક્ષાનો અધિકાર.

(૩) મહાપચ્ચક્ખાણ - જે પાપો થયા હોય તે યાદ કરી તેના ત્યાગ પૂર્વક ભાવ શલ્ય કહાડી સમાધિ થાય તેનું સ્વરૂપ.

(૪) ભક્ત પરિજ્ઞા - સંસારની નિર્ગુણતા જાણી પશ્ચાતાપ પૂર્વક સર્વદોષ તજી આલોચના લઇ વિચાર કરવા પૂર્વક અનશન વિધિને આચરવાનું આમાં જણાવ્યું છે.

(૫) તંદુલ વેચાલી - દિવસ રાત્રી મુર્હૂતો ઉચ્છવાસ વગેરે ગર્ભમાં રહેલ જીવોનાં જેટલા થાય તે કહી આહાર વિધિ ગર્ભાવસ્થા શરીરોત્પાદક હેતુ જોડકા વર્ણન, સંહનન, સંસ્થાન, તંદુલ ગણતાં વગેરે જણાવેલ છે.

(૬) ગણિ વિજ્જા - ગણિ વિદ્યા = તિથિ વાર કરણ મુર્હૂત વગેરે જ્યોતિષ વિષયક છે.

(૭) ચંદ્ર વેધક - ચંદ્ર વિજ્જા = રાધા વેધના ઉદાહરણથી આત્માએ કેવું એકાગ્રથી ધ્યાન કરવું અને તેનાથી મોક્ષ પ્રાપ્તિ થાય વગેરે.

(૮) દેવેન્દ્ર સ્તવ - વીર પ્રભુની દેવેન્દ્ર આવીને સ્તુતિ કરે છે તે કથન છે.

(૯) મરણ સમાધિ - સમાધિથી મરણ કેમ થાય તે વિષે વર્ણન.

(૧૦) સંસ્તારક - સંથારા પયન્નો - મરણ થયા પહેલા સંથારો કરવામાં આવે છે તેનો મહિમા દ્રષ્ટાંતોથી આપેલ છે.

દશપયન્નામાં ૧-૩-૪-૧૦મો આચાર પયન્નાને ભણવાનો શ્રાવકને પણ અધિકાર છે.

(૧૨ ઉપાંગ)

(૧) ઔપપાતિક = ઉવવાઇ = મહાન પુરૂષોનાં ચારિત્ર વગેરેનું વર્ણન.

(૨) રાજ પ્રશ્નનીય = રાયપશ્રેણી = શ્રી કેશી સ્વામી અને પ્રદેશી રાજાનો સંવાદ વગેરે.

(૩) જીવાભિગમ = જીવા જીવા પદાર્થોનું વર્ણન.

(૪) પ્રજ્ઞાપન = પન્નવણા = જીવાદિ પદાર્થોની પ્રરૂપણા.

(૫) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ = જંબુદ્વીપ પન્નતી = જંબુદ્વીપના ક્ષેત્રો પર્વતોનું વિસ્તારથી વર્ણન.

(૬) સૂર્ય પ્રજ્ઞપ્તિ = સૂરપન્નતી = સૂર્ય મંડલની ગતિની સંખ્યા વગેરે.

(૭) ચંદ્ર પ્રજ્ઞપ્તિ = ચંદપન્નતી = ચંદ્ર જ્યોતિષ ચક્રનો અધિકાર.

(૮) નિરયાવલિ = કલ્પિકા = કપ્પિઆ = કોણિક વગેરે તેના પિતા શ્રેણીક આદિનું મૃત્યુ વગેરે.

(૯) કલ્પાવ તંસિકા = કપ્પવડંસિઆ = શ્રેણીક રાજાના પદ્મ કુમારાદિ.

(૧૦) પૌત્રો દીક્ષા લઇ દેવલોક ગયા તેનો અધિકાર.

(૧૧) પુષ્પિકા = પુષ્ફિઆ = સૂર્ય ચન્દ્ર વગેરેની પૂર્વકરણી વગેરે છે.

(૧૨) પુષ્પ ચૂલિકા = પુપ્ફચુલીઆ = શ્રી હ્રીં ધૃતિ વગેરે દશ દેવીઓ વગેરેની પૂર્વકરણીનો અધિકાર.

(૧૩) વિહિન દશા = પણ્હિદશા = બલ ભદ્રના પુત્ર વગેરેનો અધિકાર.

છ છેદ સૂત્રો.

(૧) દશાશ્રુત સ્કંધ = અસમાધિસ્થાન સબલ દોષ. સમાધિ સ્થાન પ્રતિમા વગેરેનું વર્ણન

(૨) બૃહત્કલ્પ = કલ્પાકલ્પ વિભાગથી મુનિવરના આચાર છે. આ કાર્ય માટે દશ પ્રકારના પ્રાયશ્ચિતમાંથી કયું આપવું તે બતાવેલ છે.

(૩) વ્યવહાર - પાંચ પ્રકારના વ્યવહાર વગેરેની સમજ અપાઇ છે.

(૪) પંચ કલ્પ - છ, સાત, દશ, વીશ અને બેંતાલીશ એટલા પ્રકારના કલ્પનો વિસ્તાર કરનાર તરીકે નિર્દેષ છે. (અથવા ૪ જીતકલ્પ આલોયણ અધિકાર છે.

(૫) લઘુ નિશીથ - મુનિના આચારથી પતિત થનારા માટે આલોચના લઇ પ્રાયશ્ચિત કરી શુધ્ધ થવાનું બતાવ્યું છે.

(૬) મહા નિશિથ - શલ્યોધ્ધારણ ૮૪ લાખ જીવયોનીમાં જીવે પાપ કર્યા તેની આલોચના શીલ સાધુનો અધિકાર દ્રવ્ય સ્તવ ભાવ સ્તવ છેલ્લા દુપ્પહસૂરિવરો વગેરે અધિકાર.

ચાર મૂલ :- (૧) આવશ્યક. છ એ આવશ્યક વગેરે નિત્ય ક્રિયાનું પ્રતિપાદક છે. (૨) દશ વૈકાલિક = દશ વેયાલીઅ = પૂર્વમાંથી સ્વયંભવ સૂરિએ ઉધ્ધર્યું છે. આના અધ્યયનથી સમ્યક્ ભિક્ષુ થવાય છે. સાધુઓનાં પ્રાયે સંપૂર્ણ આચારનું વર્ણન છે. (૩) ઉત્તરાધ્યયન = ઉત્તર જઝયન = વિનય ધર્મ આદિ બોધના નિધિરૂપ છે. (૪) પિંડ નિર્યુક્તિ - આહાર સંબંધી વર્ણન તથા ઓઘનિર્યુક્તિ. ચરણ કરણ સિત્તરી તથા પ્રતિ લેખનાદિ સ્વરૂપ છે.

૨ ચૂલિકા :- (૧) નંદી સૂત્ર - પાંચે જ્ઞાનનું સ્વરૂપ છે. અનુયોગ દ્વાર - ઉપક્રમ નિક્ષેપ અનુગમ અને નય આ ચાર અનુયોગનું વર્ણન છે. ૧૧ અંગ + ૧૨ ઉપાંગ + ૧૦ પયન્ના + ૬ છેદ + ૪ મૂળ ૧ નંદી સૂત્ર + ૧ અનુયોગ દ્વાર = ૪૫ આગમ સૂત્રો થાય છે.

જેના છેડે વિભક્તિ હોય તે પદ કહેવાય. તેમ શબ્દ શાસ્ત્રમાં કહ્યું છે તે અહીં લેવાનું નથી. અધિકાર પૂરો થાય તે પદ કહેવાય એમ સમવાયાંગાદિ સૂત્રોની ટીકામાં કહ્યું છે. ભગવતી સૂત્રમાં પદનું સ્વરૂપ વિશિષ્ટ સંપ્રદાયથી જાણવું એમ કહ્યું છે. કર્મગ્રંથની ટીકામાં તેવા પ્રકારની આમ્નાય હાલ નથી તેથી પદનું પ્રમાણ જણાવ્યું નથી અને રત્નસાર ગ્રંથમાં ૫૧૦૮૮૪૬૨૧ શ્લોકનું એક પદ કહ્યું છે.

પંચાંગી - સૂત્ર-નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણી-વૃત્તિ અથવા ટીકા.

(૧) સૂત્ર - ગણધરો, છંદ બધ્ધ અને ગદ્ય બધ્ધ ગ્રંથ રૂપે રચે તે. સંપૂર્ણ દશ પૂર્વથી ૧૪ પૂર્વધરો શ્રુત કેવલીઓ તથા પ્રત્યેક બુધ્ધ જે ગ્રંથ રચે તે સૂત્ર કહેવાય.

(૨) નિર્યુક્તિ - સૂત્રનો નય નિક્ષેપની યુક્તિ પૂર્વક જે અર્થ ૧૪ પૂર્વ ધરો છંદ પધ્ધતિ એ પ્રાકૃતમાં રચે તે નિર્યુક્તિ.

(૩) ભાષ્ય - સૂત્ર તથા નિર્યુક્તિનો જે વિશેષ અર્થ પ્રાયે પૂર્વધરો પ્રાકૃતમાં છંદ બધ્ધ રચે ત.

(૪) ચૂર્ણિ - ભાષ્યનો વિશેષ અર્થ પ્રાયે પૂર્વધરો પ્રાકૃત અને સંસ્કૃત મિશ્ર ભાષામાં રચે તે.

(૫) ટીકા - ભાષ્યનો વિશેષ અર્થ કેવલ સંસ્કૃતમાં ગદ્યબધ્ધ અપૂર્વધરો જે રચે તે વૃત્તિ કહેવાય. મૂળસૂત્ર સર્વથી સંક્ષિપ્ત હોય છે.

ક્રમે અધિક અર્થ નિર્યુક્તિ-ભાષ્ય અને ચૂર્ણિમાં અને સર્વથી અધિક અર્થ વૃત્તિમાં રચાય છે.

૪૫ આગમના પંચાંગી સાથે શ્લોક ૬૫૯૩૩૦ છે તેનો વિસ્તાર જૈન પ્રબોધ ભાગ પહેલામાં છે. (રત્ન સંચય. અચલ ગચ્છિય છે.) સૂત્રો કેટલાક વિધિને જણાવનારા (૨) ઉદ્યમને જણાવનારા. (૩) વર્ણક =

વર્ણન કથાદિકને જણાવનારા. (૪) ભય જણાવનારા. (૫) ઉત્સર્ગ માર્ગને જણાવનારા એટલે ચારિત્રના રક્ષણનો સર્વ સામાન્ય માર્ગ જણાવનારા સૂત્ર. (૬) અપવાદ માર્ગને જણાવનારા એટલે ચારિત્ર માર્ગના રક્ષણ માટે ઉત્સર્ગ માર્ગને ટકાવનાર સૂત્ર. લલિત વિસ્તરાના આધારે અપવાદ એટલે સૂત્રને બાધા નહિ કરનારો નફા ટોટાના વિચારવાલો અધિક દોષની નિવૃત્તિ રૂપ શુભ અન શુભાનુબન્ધિ મહાપુરૂષોએ આચરેલ તેજ અપવાદ છે તે પણ ઉત્સર્ગનો જ ભેદ છે.

છ આવશ્યક. (૧) સામાયિક તે પ્રતિક્રમણ કાયાથી પંચાચારના કાઉસ્સગ સુધી. (૨) પ્રતિક્રમણમાં ઉપર જે પ્રગટ લોગસ્સ કહેવો તે. (૩) વંદનક - મુહપત્તિ પડિલેહીને બે વાંદણા દેવામાં આવે છે તે. (૪) પ્રતિક્રમણ - આલોવું ત્યાં સુધી માંડીને આયરિય ઉવજ્ઝાય સુધી. (૫) કાઉસ્સગ = ચારિત્રની શુધ્ધિ અર્થેનો બે લોગસ્સનો દર્શનની શુધ્ધિનો એક લોગસ્સનો અને જ્ઞાનની શુધ્ધિ અર્થેનો એક લોગસ્સનો કાઉસ્સગ્ગ તે. (૬) પચ્ચક્ખાણ - ૧-૪-૫ થી ચારિત્રાચારની શુધ્ધિ બીજા (૨) થી દર્શનાચારની ત્રીજાથી (૩) રત્નત્રયીની શુધ્ધિ છઠ્ઠાથી (૬) તપાચારની શુધ્ધિ અને છએમાં વીર્ય ફોરવવાથી વીર્યાચારની શુધ્ધિ થાય છે.

છ આવશ્યકની આધ્યાત્મિકા - (૧) સમભાવ અર્થાત્ શ્રધ્ધા જ્ઞાન ચારિત્રનું સંમિશ્રણ. (૨) જીવનને વિશુધ્ધ બનાવવા માટે સર્વોપરી જીવન યુક્ત મહાત્માઓને આદર્શ રૂપે પસંદ કરી તેઓની તરફ સદા દ્રષ્ટિ રાખવી તે. (૩) ગુણવાનોનું બહુમાન યા વિનય કરવો તે. (૪) કર્તવ્યની સ્મૃતિ થતાં કર્તવ્ય પાલનમાં થઇ જતી ભૂલોનું અવલોકન કરી નિષ્કપટ ભાવે તેનું સંશોધન કરવું અને ફરીથી તેવી ભૂલ ન થાય તેને માટે આત્માને જાગ્રત કરવો તે. (૫) ધ્યાનનો અભ્યાસ કરી પ્રત્યેક વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતીએ સમજવાને વિવેક શક્તિનો વિકાસ કરવો તે. (૬) ત્યાગ વૃત્તિ દ્વારા સંતોષ અને સહનશીલતાની વૃધ્ધિ કરવી તે.

પ્રતિક્રમણના પર્યાય :- પાપથી ઉલ્ટુ ગમન તે પ્રતિક્રમણ. (૨) શુભ યોગ પ્રતિ વારંવાર વર્જતા તે પ્રતિચારણા. (૩) સર્વ પ્રકારે અશુભ યોગ વર્જતા તે પ્રતિહરણા. (૪) અકાર્યને વારવું તે વારણા. (૫) સાવધ કાર્યથી નિવર્તવું તે નિવૃત્તિ. (૬) આત્મ સાક્ષીએ પાપને નિંદવું તે નિંદા. (૭) ગુરૂ શાક્ષીએ પાપને નિંદવું તે ગર્હા. (૮) આત્માને નિર્મળ કરવો તે શુધ્ધિ.

સૂત્રના આદિ પદવાલું નામ તે સૂત્રનું આદાન નામ છે. જેમ લોગસ્સ આ ગુણ વાચક નામ તે ગૌણ નામ.

નવકારને અનાદિ નામ સંભવે આદાન નથી.

નમુત્થુણં સંબંધી- લોગુતમાણં માં લોકનો અર્થ ભવ્ય પ્રાણીરૂપ લોક લેવાનો, લોગનાહાણં = માં રાગાદિ ઉપદ્રવોથી રક્ષણીય વિશિષ્ટ ભવ્ય લોક સમજવાનો. બીજા ધ્યાન = બીજનું સ્થાપન (બીજ = સમ્યક્ત્વ આધાન = સ્થાપન) બીજો જ ભેદ અને બીજનું પાષણ તે યોગ છે અને ઉપદ્રવોથી રક્ષણ તે ક્ષેમ છે. યોગ અને ક્ષેમ કરે તે નાથ કહેવાય. લોગ હિયાણં = વ્યવહાર રાશીમાં આવેલા સર્વ પ્રાણી લેવા હિત = આત્મહિત.

લોગ પઇવાણંમાં સન્ની પ્રાણી લેવા. લોગ પજ્જો અગરણંમાં વિશિષ્ટ ચૌદ પૂર્વધરો લેવા. અભય દયાણં = સાત ભયથી અભયને દેનાર સામાન્ય રીતે ધૃતિ તરીકે ઓળખાતું ધર્મ ભૂમિકાના કારણભૂત આત્માનું વિશિષ્ટ સ્વાસ્થ્ય જેને જ્ઞાની પુરૂષો અભય કહે છે. ચક્ખુ દયાણં = શ્રધ્ધા રૂપી નેત્રો મગ્ગ દયાણં = વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવનારો કર્મનો સ્વાભાવિક ક્ષયોપશમ રૂપ માર્ગ સમજવાનો અન્ય લોકો સુખા કહે છે. શરણ દયાણં = તત્વ ચિંતન રૂપ સાચું શરણ છે તેનાથી જ બુધ્ધિના આઠ ગુણોની પ્રાપ્તિ થાય છે. અન્ય

લોકો વિવિદિષા કહે છે. બોહિદયાણં = સમ્યગ્દર્શન રૂપી ધર્મની પ્રાપ્તિ જેને શમ સંવેગાદિ પાંચ લક્ષણ હોય છે. અન્ય લોકો વિજ્ઞપ્તિ કહે છે. બોધિ = જિનપ્રણિત ધર્મ આ પાંચે અપુનર્બંધકને ઉત્તરોત્તર ફળ રૂપે હોય છે. અભય = ધૃતિનું ફળ ચક્ષુ = શ્રધ્ધાનું ફળ માર્ગ = સુખાનું ફળ શરણ = વિવિદિષાનું ફળ બોધિ = વિજ્ઞપ્તિ છે. ધમ્મદયાણં = ચારિત્રધર્મ, ધર્મનાયક ચારિત્રને વિધિપૂર્વક પામવું તેનું નિરતિચાર પાલન કરવું તેનું યોગ્યને દાન કરવું. આ ધર્મને વશ કરવાની ક્રિયા છે. સર્વોત્કર્ષે ક્ષાયિક ભાવના ચારિત્રમાં સ્થિર થવું તે ધર્મના ઉત્કર્ષને પામવાનું રહસ્ય છે. આ પાંચે લાભ તીર્થંકર દ્વારા થાય છે. પુરિસસીહાણં = સિંહ જેમ શૌર્યાદિ ગુણોવડે યુક્ત હોય છે. તેમ શ્રી તીર્થંકર દેવો કર્મરૂપી શત્રુનો ઉચ્છેદ કરવામાં શૂર તપશ્ચર્યામાં વીર રાગ તથા ક્રોધાદિનું નિવારણ કરવામાં ગંભીર પરિસહ સહનમાં ધીર સંયમમાં સ્થિર ઉપસર્ગોથી નિર્ભય ઇન્દ્રિય વર્ગથી નિશ્ચિંત અને ધ્યાનમાં નિષ્પ્રકમ્પ હોય છે.

પુસ્તક ગ્રંથ રચનામાં પ્રથમ મંગલ હોય છે તે વિઘ્નનાશ માટે છે. (૨) અભિધેય તે ગ્રંથમાં કહેવા લાયક વસ્તુ. (૩) સંબંધ = તે ગ્રંથ બનાવવામાં જેનો આધાર લીધો હાય તે. (૪) અધિકારી = તે ગ્રંથ વાંચવા ભણવા માટે કોણ યોગ્ય છે અથવા કયા પ્રકારના જીવો આ ગ્રંથને યોગ્ય છે. (૫) અને પ્રયોજન = તે બનાવનાર અને વાંચનાર, ભણનાર બન્નેને અનંતર અને પરંપરાએ બન્ને પ્રકારે શું ફળ થશે અથવા આ ગ્રંથ શેનું કારણ બનશે. આદિ મંગલ વિઘ્નના નિવારણાર્થે મધ્યમંગલ ગ્રહણ કરેલ કાર્યની નિર્વિઘ્ન પ્રવૃત્તિ માટે છે અને અંતિમ મંગલ શિષ્ય પ્રશિષ્યાદિ પરંપરામાં શાસ્ત્રાર્થનો વિચ્છેદ ન થવા માટે છે.

શાસ્ત્ર પરિક્ષા - કષ છેદ અને તાપે કરીને શુધ્ધ તેજ સત્ય શાસ્ત્ર છે. (સુવર્ણની જેમ)

વિધિ = આદરવા યોગ્ય અને પ્રતિષેધ = નિષેધ = નહિ કરવા યોગ્ય.

જે શાસ્ત્રમાં જણાવેલ હોય તે કષ શુધ્ધ શાસ્ત્ર છે વિધિ અને પ્રતિષેધને બાધા ન થાય તેવા બાહ્ય અનુષ્ઠાનો જેમાં બતાવેલ હોય તે છેદ શુધ્ધ છે. અને જીવાદિ પદાર્થોનું જણાવાતું સ્વરૂપ જે દ્રષ્ટ એટલે પ્રમાણથી સિધ્ધ એવા પદાર્થો અને દ્રષ્ટિ એટલે અનુભવથી સિધ્ધ અને ઇચ્છા પદાર્થોથી વિરુધ્ધ ન હોય અને બંધ આદિને સિધ્ધ કરનાર હોય તે તે તાપ શુધ્ધ કહેવાય છે.

## જ્ઞાનનું સ્વરૂપ

જ્ઞાન = નામ, જાતિ, ગુણ ક્રિયાદિનો વિશેષ અવબોધ તે. પાંચ ભેદે છે. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ. કેવલજ્ઞાન.

(૧) મતિજ્ઞાન - શ્રુત નિશ્રિત અને અશ્રુત નિશ્રિત બે ભેદે છે.

(૧) શ્રુત - (ઇન્દ્રિય અને અનિન્દ્રિય = મન) નિમિત્તક છે જાગૃત અવસ્થામાં ઉપયોગીનું મનપૂર્વક જે સ્પર્શાદિજ્ઞાન તેના અવગ્રહ-ઇહા-અપાય-અને ધારણા અવગ્રહના બે ભેદ વ્યંજના વગ્રહ. આ અવગ્રહ મન અને ચક્ષુનો થતો નથી.

(૨) અર્થાવગ્રહ - પાંચ ઇન્દ્રિયો અને મન સાથે ગુણતાં ૨૮ ભેદ થયા તેને બહુ બહુવિધ ક્ષિપ્ર = જલ્દી નિશ્રીત = ચિન્હથી સંદિગ્ધ = શંકાશીલ અને ધ્રુવ = એક જ વખત સાંભળવાદિથી બીજી વખતની અપેક્ષા સહિત. આ છ અને આનાથી ઉલ્ટા અબહુ-અબહુવિધ-અક્ષિપ-અનિશ્રિત-અસંદિગ્ધ અને અધ્રુવ એમ ૧૨ ગુણતાં ૨૮ X ૧૨ = ૩૩૬ શ્રુતનિશ્રિતના ભેદ અને અશ્રુત નિશ્રિત અથવા બુધ્ધિના ૪ ભેદ. તે ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામીકી. આ ચાર મેળવતાં મતિજ્ઞાનનાં ૩૪૦ ભેદ થયા.

વ્યંજનાવગ્રહનો કાળ જઘ. આવલીકાનો અસંખ્યાતમો ભાગ અને ઉ. પ્રાણ = શ્વાસોચ્છવાસ પૃથક્ત્વ છે.

અર્થાવગ્રહનો નિશ્ચયથી એક સમય અને વ્યવહારથી અંતર્મુહૂર્ત છે. ઇહા = વિચારણાનો અંતર્મુહૂર્ત અપાય = નિર્ણય કરવો તેનો અંતર્મુહૂર્ત. ધારણા = અસંખ્યાતો કાળ છે આના ત્રણ ભેદ છે. (૧) અવિચ્યુતિ = નિરધારીત પદાર્થને તેજ રૂપે કાંઇ પણ ફેરફાર વગર ધારી રાખે તે. નિર્ણીત વસ્તુનું અંતર્મુહૂર્ત સુધી ધારાવહી રૂપે જ્ઞાન થવું તે. (૨) સ્મૃતિ - અર્થ રૂપે ધારી રાખે તે સ્મૃતિ અને (૩) વાસના = અવિચ્યુતિથી ઉત્પન્ન થયેલ જ્ઞાનનો દ્રઢ સંસ્કાર સંખ્યાત અસંખ્યાત કાળ ધારી રાખે તે, જાતિ સ્મરણ જેનાથી પોતાના સંખ્યાતા ભવ જાણી શકે છે તે વાસનાનું જ કાર્ય છે.

મતિજ્ઞાનના ૨૮ ભેદોમાંથી અપાય અને ધારણાનાં ૧૨ ભેદ જ મતિજ્ઞાનનાં કહ્યા છે. બાકીના ૧૬ ભેદો દર્શનના કહ્યા છે. ભગવતી અને ભાષ્યકારનું આમ કહેવું છે. મનથીજ થાય છે જેથી અનિન્દ્રિય નિમિત્ત કહેલ છે. સ્મૃતિજ્ઞાન (ઇન્દ્રિયોના નિમિત્ત વગર થાય છે.) સંજ્ઞાજ્ઞાન, ચિંતાજ્ઞાન, આભિનિબોધિક જ્ઞાન આ મતિના જ નામાન્તર છે.

મનના નિમિત્ત વગરનું મતિ અસંજ્ઞીને હોય. મન અને ઇન્દ્રિયયોના નિમિત્ત વગર વેલડી આદિ જે વીંટાઇ જાય છે તે ઓઘજ્ઞાન કહેવાય છે.

સન્મુખ રહેલ નિયત પદાર્થોને જણાવે તે મતિજ્ઞાન. ઉપકરણ ઇન્દ્રિય દ્વારા તે તે ઇન્દ્રિયના વિષયનું વિષય અને વિષયી નાસંબંધથી થયેલ અતિ અવ્યક્ત જ્ઞાન તે વ્યંજનાવગ્રહ વિષયનું. કાંઇક છે એવું જે જ્ઞાન તે અર્થાવગ્રહ, અન્વય વ્યતિરેક પૂર્વકની વિચારણા = ઇહા. ઇહિત પદાર્થના અન્વય ધર્મનો નિર્ણય તે અપાય. એક વસ્તુ વિષયક જ્ઞાનની પરંપરાને ધારાવહી જ્ઞાન કહે છે. જેમ ઘટ ઘટ એવું જ્ઞાન થયા કરે. વેલડી ભીંત ઉપર ચડવા રૂપ જે ઓઘજ્ઞાન તે મન અને ઇન્દ્રિય નિમિત્ત રહિત છે તેમાં ફક્ત મતિજ્ઞાના વરણનો ક્ષયોપશમજ કારણ છે.

વ્યંજનાવગ્રહ - અત્યંત અવ્યક્તજ્ઞાન-અત્યંત અસ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ય કરી ઇન્દ્રિયો દ્વારા થાય છે. ચક્ષુ અને મન અપ્રાપ્યકારી છે. બાકીની ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે. પદાર્થની સાથે સંયોગ સંબંધ થયે ગ્રહણ કરે તે ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે અને પદાર્થની સાથે સંયોગ સંબંધ વગર ગ્રહણ કરે તે અપ્રાપ્યકારી છે. પદાર્થની પ્રથમ સત્તાની પ્રતિતી થાય છે.

અર્થાવગ્રહ = અવ્યક્તજ્ઞાન, કાંઇક છે.

અવિચ્યુતિ અને સ્મૃતિનો કાળ અંતર્મુહૂર્ત છે અને વાસનાનો સંખ્યાતો-અસંખ્યાતો કાળ છે. વાસના = અવિચ્યુતિ વડે સ્મરણના કારણ રૂપ દ્રઢ સંસ્કાર થાય તે સ્મૃતિ = વાસનાની જાગૃતિથી જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉ. અસંખ્યાત વર્ષે જે સ્મરણ થાય તે જાતિ સ્મરણ પણ આ ધારણાનાજ ભેદ છે. જાતિ સ્મરણ પાછલા નવ ભવ દેખે.

અર્થની અભિમુખ જે નિશ્ચિત બોધ તે અભિનિબોધ. જણાય તે અભિનિબોધ કહેવાય.

(૨) શ્રુતજ્ઞાન - ૧૪ ભેદે છે. તે અક્ષર શ્રુત. સંજ્ઞી. સમકીતીનું સાદિ સપર્યવસિત = સાંત ગમિક અંગપ્રવિષ્ટ. અનક્ષર અસંજ્ઞીનું મિથ્યાત્વીનું અનાદિ અપર્યવસિત = અનંત. અગમિક અને અંગ બાહ્ય શ્રુત.

૨૦ ભેદ છે તે સર્વ વિશિષ્ટ શ્રુતના છે. પર્યાય શ્રુત = શ્રુત જ્ઞાનનો સૂક્ષ્મ અંશ આ ભેદ સર્વજીવોને

હોય છે. અક્ષરશ્રુત = આકાશદિ અક્ષરોમાંના એક અક્ષરના સંપૂર્ણ વાચ્યાર્થનું જ્ઞાન આ ત્રણ પ્રકારે છે. સંજ્ઞા = અઢાર લિપિ રૂપ = હંસલિપિ ભૂત-યક્ષ-રાક્ષસિ-ઉડ્ડી-યવની-તુર્કી-કીરા-દ્રાવિડ-સિંધી-માવવી-તડી-નાગરી-લાટ-પારસી-અનિયમિત-ચાણક્ય અને મૂળદેવીલિપી. વ્યંજનાક્ષર = અકારથી હકાર સુધીનાં અક્ષરોનાં ઉચ્ચાર.

૩- લબ્ધ્યાક્ષર - અર્થનો બોધ કરાવનારી જે અક્ષરોની ઉપલબ્ધિ તે. પહેલા બે પ્રકાર અજ્ઞાનાત્મક છે પણ શ્રુતજ્ઞાનનાં કારણરૂપ છે તેથી શ્રુતજ્ઞાન તરીકે ઓળખાય છે.

(૩) પદશ્રુત - અર્થાધિકારની સમાપ્તિ તે પદ પણ અહિંયા આચારાદિ સૂત્રોનું માન અઢાર હજારાદિ પદ પ્રમાણનું હતું તે પદ લેવું હાલ આ પદની મર્યાદાનો વિચ્છેદ છે.

(૪) સંઘાત શ્રુત - ચૌદ માર્ગણાના પેટા ભેદ ૬૨ છે. તેમાંના એક ભેદનું જીવ દ્રવ્ય સંબંધનું જ્ઞાન.

(૫) પ્રતિપત્તિ શ્રુત = ચૌદ માર્ગણામાંથી એક માર્ગણાનું સંપૂર્ણ જ્ઞાન. આ જ્ઞાન હાલ જીવાભિગમમાં કહેવાય છે.

(૬) અનુયોગ શ્રુત = સત્ પદાદિ દ્વારો એ જીવાદિતત્વોનો વિચાર કરવો તે. (૭) પ્રાભૃત પ્રાભૃત શ્રુત. (૮) પ્રાભૃત શ્રુત. (૯) વસ્તુ. (૧૦) પૂર્વશ્રુત. આ દસેને સમાસ પદજોડવાથી બીજા ૧૦ થશે તે મલી-૨૦ થાય જેમકે પર્યાય શ્રુત = શ્રુતનો સૂક્ષ્મ એક અંશ તેનું જ્ઞાન અને તેના અનેક અંશનું જ્ઞાન તે પર્યાય સમાસ તેવી રીતે બધામાં સમજી લેવું.

પર્વ અંતર્ગત વસ્તુ નામે અધિકારો છે. વસ્તુ અંતર્ગત પ્રાભૃત અને પ્રાભૃત અંતર્ગત પ્રાભૃત પ્રાભૃત અધિકારો છે. (સૂત્રમાં અધ્યયન તેમાં ઉદ્દેશા હોય છે તેમ) અક્ષર અને અક્ષર સમાસ આ બન્ને ભેદ વિશિષ્ટ શ્રુત લબ્ધિ સંપન્ન સાધુને સંભવે છે.

શ્રવણથી જે બોધ થાય તે શ્રુત કહેવાય છે.

અનક્ષર શ્રુત = શ્રવણથી સમજાય તેવી ચેષ્ટાઓથી થતું જ્ઞાન જેમકે ખોંખારો ઉચ્છવાસ નિશ્વાસાદિ શિર કંપન હાથ હલાવવા વગેરેથી પારકાના અભિપ્રાય સમજાય છે પણ તે ચેષ્ટાઓ શ્રવણે પડતી નથી માટે તેમાં શ્રુત તત્વ નથી (કર્મગ્રંથ વૃત્તિમાં શિરકંપનાદિને અનક્ષરમાં કહેલ છે.)

શ્રુતકેવલી ભાવશ્રુતથી ઉપયુક્ત હોય ત્યારે શ્રુતાનુવર્તિ મનવડે દશ પૂર્વાદિમાં રહેલા કેવલ અભિલાપ્ય = કહી શકાય તેવા સ્પષ્ટ પદાર્થોને જાણે છે અને દેખે છે. એ સિવાયમાં વૃધ્ધ અનુભવીઓનું કહેવું છે કે કથંચિત્ દર્શરૂપે પણ જુએ છે. કારણ ગ્રૈવેયક અને અનુત્તરના વિમાનોનાં ચિત્રો પણ આલેખી આપે છે. જો બીલકુલ જોયા ન હોય તો કેમ આલેખી શકે. ચોથા ઉપાંગમાં શ્રુતજ્ઞાનનો દેખવાનો ગુણ પણ કહેલ છે. અનભિલાપ્ય પદાર્થોથી અનંતમો ભાગ અભિલાપ્ય છે તેનો અનંતમો ભાગ શ્રુત નિબધ્ધ છે.

આગમાદિ શાસ્ત્રો શ્રુત બોધ થવામાં કારણ હોવાથી તે દ્રવ્યશ્રુત કહેવાય છે. વર્તમાનમાં આગમો ૪૫ છે. તેમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદ સૂત્ર, ૪ મૂલ નંદી સૂત્ર અને અનુયોગ દ્વાર સૂત્ર = ૪૫. બીજા પણ કાલિક ઉત્કાલિક સૂત્રો છે.

શ્રુત જ્ઞાનનાં નાશના કારણ- (૧) મિથ્યાત્વ, (૨) ભવાંતર, (૩) કેવલજ્ઞાન, (૪) માંદગી અને પ્રમાદ વગેરે.

મરણ પામીને દેવ થાય તો પૂર્વ પઠીત સર્વશ્રુતજ્ઞાનનું સ્મરણ રહેતું નથી. માત્ર મનુષ્ય ભવમાં અધ્યયન કરેલ એકાદશ અંગીનું દેશથી સ્મરણ થાય છે. (જ્ઞાતા ધર્મના ૧૪માં અધ્યયનમાં કહ્યું છે કે

તેતલી મંત્રીને દેવભવમાં પણ પૂર્વે પઠીત ૧૪ પૂર્વનું સ્મરણ હતું.)

વાંચના-પૃચ્છના અને પરાવર્તના-ધર્મકથા આ ચાર દ્રવ્યશ્રુત છે અને અનુપ્રેક્ષાતે ભાવશ્રુત છ અને સંવેદન રૂપ શ્રુત જ્ઞાનનાં શાસ્ત્રો વાંચવાથી અને સાંભળવાથી જે અર્થજ્ઞાન થાય છે તે. મતિ પછી થવાવાળું છે અથવા શબ્દ તથા અર્થની પર્યાલોચના જેમાં છે તે.

સંભળાય તે શ્રુત અથવા શબ્દ તે શ્રુત શબ્દ એ ભાવશ્રુતનું કારણ છે. શ્રોતેન્દ્રિય અને મનથી થયેલો જે શ્રુત ગ્રંથને અનુસરતો બોધ તે શ્રુતજ્ઞાન (મતિજ્ઞાનથી વર્તમાન કાળના ભાવો જણાય છે) જ્યારે શ્રુતજ્ઞાન ત્રણે કાળના ભાવને જણાવનારૂં છે. લખાતાં અક્ષરો સંજ્ઞાક્ષર (સંકેતાક્ષર) ઉચ્ચારાતા વ્યંજનાક્ષર મનમાં વિચારતાં અક્ષરો અથવા આત્માના બોધિરૂપ અક્ષરો અવ્યક્ત અક્ષરો તે લબ્ધ્યાક્ષર કહેવાય છે. (શબ્દના અર્થની વિચારણા કરતાં પણ આત્માની અંદર અક્ષર પંક્તિ પૂર્વક જ વિચાર કરાય છે માટે તે અંતરંગ અક્ષર પંક્તિ એજ લબ્ધ્યક્ષર અથવા અક્ષરાનું વિધ્ધપણું કહેવાય. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક ભવતિ. મતિશ્રુતનો વિષય તુલ્ય છે સર્વ દ્રવ્યેષુ અસર્વ પર્યાયેષુ સામ્પ્રતકાલ વિષય મતિજ્ઞાન છે અને શ્રુત ત્રિકાલ વિષય વિશુધ્ધતરં.

પૂજ્ય હરિભદ્રસૂરિએ બે પ્રકારના જ્ઞાન કહ્યા છે.

(૧) સંવેદન અને (૨) સ્પર્શ. ભાવશ્રુત સંવેદન રૂપ છે પણ તે તત્વને જણાવનારૂં નથી. કાંઇક જાણ્યાં છતાં પણ ન જાણ્યું હોય તેમ નિષ્ફળ છે. વસ્તુના સ્વરૂપનું જ્ઞાન તે સ્પર્શ જ્ઞાન છે. આ જ્ઞાન વગર વિલંબે સ્વસાધ્ય ફળને આપનારું છે. અનુભવ જ્ઞાનીને આ જ્ઞાન હોય છે. અનુભવ = યથાર્થ સ્વરૂપનું જ્ઞાન પરભાવમાં રમણતાનો અભાવ સ્વભાવમાં રમણતા અને તેના આસ્વાદમાં તન્મયતા તે અનુભવ જ્ઞાન-પ્રવર્તક છે, ઉપદર્શક છે પણ પ્રાપક નથી પણ તે ઇષ્ટની રૂચિ કરાવી પ્રવૃત્તિ અને અનિષ્ટમાં અરૂચી કરાવી નિવૃત્તિ કસવે છે.

પરિણતિજ્ઞાન- મનને ચમકારો કરે તેવું જ્ઞાન.

(૧) વિષય પ્રતિભાસ જ્ઞાન - આત્મપરિણતિમત્ તત્વ સંવેદન જ્ઞાન.

(૨) શ્રુતજ્ઞાન - ચિંતાજ્ઞાન અને ભાવના જ્ઞાન.

(૩) વાક્યાર્થ મહાવાક્યાર્થ અને ઐદંપર્યાય

વિષયપ્રતિભાસ. તે માત્ર પદાર્થજ્ઞાન મિથ્યાત્વીને હોય. શ્રુતજ્ઞાન તે ઇહાદિ રહિત છે = ઉદક = પાણી જેવ્ છે વાક્યાર્થ છે. સકલ શાસ્ત્ર અવિરોધિ અર્થ નિર્ણયક જ્ઞાન-ચિંતાજ્ઞાન-ઇહાદિ યુક્ત છે. પએસ = દૂધ જેવું છે. આત્મપરિણતિમત છે. મહાવાક્યાર્થ છે. સમકીતિને હોય. પ્રમાણ નય નિક્ષેપાથીયુક્ત સૂક્ષ્મ યુક્તિ ગમ્ય આત્મપરિણતિમત્ મહાવાક્યાર્થ.

ભાવના જ્ઞાન - તે હિતકારણં ફ્લં અમૃત જેવું છે, તત્વ સંવેદન છે, ઐદં પર્યાય છે, તાત્પર્ય ગ્રાહિ, સર્વત્રહિતકારી સદનુષ્ઠાનમાં પ્રવર્તક ઐદં પર્યાયરૂપ તત્વ સંવેદન.

પ્રાતિભજ્ઞાન - તેનું બીજું નામ અનુભવજ્ઞાન છે. તે અમૃતતુલ્ય છે. આશ્રુતજ્ઞાનની ઉત્તર ભાવી અને કેવલજ્ઞાનથી અવ્યવહિત = આંતરા રહિત પૂર્વ ભાવિ પ્રકાશને અનુભવ જ્ઞાન કહે છે. દિવસ અને રાત્રી વચ્ચે જેમ સંધ્યા છે તે દિવસ પણ નથી અને રાત્રી પણ નથી તેમજ દિવસ અને રાત્રીથી અલગ પણ નથી તેવી જ રીતે શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનની વચ્ચે પ્રાતિભ જ્ઞાન છે. કેવલ જ્ઞાન રૂપી સૂર્યોદયનો અરૂણોદય છે.

શુધ્ધ જ્ઞાન = સંશય વિપર્યાસ અનધ્યવસાય અને જિન વચનથી વિરુધ્ધ પ્રરૂપણાદિ દોષ રહિત બોધની પરિણતિ.

બોધ થવાના પ્રકાર - બુધ્ધિ-જ્ઞાન અને અસંમોહ આ ત્રણ પ્રકારનો બોધ થાય છે. ઇન્દ્રિય અને અર્થને ગ્રહણ કરીને જે બોધ થાય તદાશય વૃત્તિ તે બુધ્ધિ જન્ય વૃત્તિ કહેવાય છે. આ સંસારને વધારનાર છે. એટલે કે ઇન્દ્રિય અને પદાર્થને આશ્રય કરનારી બુધ્ધિ કહેવાય છે.

આગમાનુસારી જે બોધ તદાશયવૃત્તિ તે જ્ઞાન જન્યવૃત્તિ આ મુક્તિનું અંગ છે. આગમપૂર્વક થનાર બોધને જ્ઞાન કહેવાય છે.

અનુષ્ઠાનવાલો જે બોધ તદાશયવૃત્તિ તે અસંમોહજન્યવૃત્તિ છે. આ તત્કાલ નિર્વાણ સાધ્ય સ્થાન પ્રાપ્ત કરાવે છે. સારા અનુષ્ઠાનવાલું જે જ્ઞાન તે અસંમોહ કહેવાય છે. જે વસ્તુ જેવા પ્રકારે છે તે યથાર્થ જાણી તેમાં આદર કરવો પણ મુંઝાવું નહિ તે અસંમોહ છે. જેમકે રત્નની પ્રાપ્તિ થવી તે બુધ્ધિ આગમપૂર્વક રત્નનો બોધ તે જ્ઞાન અને તેનો લાભ ઉઠાવવો તે અસંમોહ છે. આ ત્રણે પ્રકાર સર્વને એક સરખા હોતા નથી પણ ક્ષયોપશમ અનુસાર હોય છે.

વિધિ પૂર્વકનું ભણતર = દરેક પદ સારી રીતે શીખેલું-સ્વાધ્યાયથી સ્થિર થયેલું-સારણા-વારણા અને ધારણાથી જીતેલું પદ-અક્ષર આદિ સંજ્ઞાથી પામેલું ક્રમ-અક્રમ અને ઉત્ક્રમથી યાદ કરેલું સ્વનામ પેઠે કંઠસ્થ કરેલ ઉદાત-અનુદાત અને સ્વરિત ઘોષ-અઘોષ ઉચ્ચારણોથી યુક્ત તથા ગુરૂ વચનથી ઉપગત હોવું જોઇએ. (અનુ. દ્વાર)

જે જ્ઞાન વસ્તુને જણાવે તે મતિ અને જે જીવ સાંભળે તે શ્રુત. તે શબ્દ સાંભળે છે તે દ્રવ્ય શ્રુત છે અને તે ભાવશ્રુતનું કારણ છે અને આત્મા એ ભાવશ્રુત છે. શબ્દ એ શ્રોતાના શ્રુતજ્ઞાનનું કારણ બને છે અને વક્તાનો શ્રુત ઉપયોગ વ્યાખ્યાન કરતી વખતે બોલતા શબ્દનું કારણ બને છે જેથી શ્રુતના કારણમાં અને કાર્યમાં શ્રુતનો ઉપચાર કરાય છે સંકેત. વિષય પરોપદેશ રૂપ તથા ગ્રંથાત્મક એ બે પ્રકારે દ્રવ્ય શ્રુતના અનુસારે ઇન્દ્રિય મનોનિમિત્ત જ્ઞાન તે ભાવશ્રૃત. તાત્પર્ય સંકેત કાળે, પ્રવર્તેલા અથવા ગ્રંથ સંબંધ ઘિટાદિ શબ્દને અનુસરીને વાચ્ય વાચક ભાવે જોડીને ઘટ ઘટ ઇત્યાદિ એના કરણમાં શબ્દોલ્લેખ સહિત ઇન્દ્રિય મનો નિમિત્ત જે જ્ઞાન ઉદય પામે છે તે શ્રુતજ્ઞાન અથવા ભાવશ્રુત છે અને તે શબ્દોલ્લેખ સહિત ઉત્પન્ન થયેલું હોવાથી પોતામાં જણાતા પદાર્થનું પ્રતિપાદન કરનાર શબ્દને ઉત્પન્ન કરે છે અને તે વડે બીજાને પ્રતિતી કરાવવામાં સમર્થ હોય છે. આ.શ્રુ.તાનુસારે ઇન્દ્રિય મનો નિમિત્ત વાળું અવગ્રહાદિ જ્ઞાન તે મતિ છે અને તે શ્રુત નિશ્રિત છે કારણકે શ્રુતથી સંસ્કાર પામેલી મતિવાલાને જ અવગ્રહાદિ ઉત્પન્ન થાય છે તેથી શ્રુત નિશ્ચિત કહ્યા છે. વ્યવહાર કાલે શ્રુતાનુ સારીપણું નથી પૂર્વે = આગળ શ્રુતપરિકર્મિત વાલાને જે હમણાં શ્રુતાતીત હોય છ તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે. (વિશિષ્ટ મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાન છે મતિપૂર્વક શ્રુત કહ્યું છે છાલ એ મતિ છે કારણકે એ છાલને વણીને બનાવેલ દોરડું એ શ્રુતકાર્ય છે. (જેથી તેમાં પરમાણુ અને હસ્તિ જેવો અત્યંત ભેદ ન માનવો) મતિ હેતુ = કારણ અને શ્રુતફળ = કાર્ય છે. મતિશ્રુત સમકાળે હોય તે લબ્ધિથી પણ ઉપયોગથી નહિ. મતિપૂર્વક કહેલ છે તે મતિથી થયેલ શ્રુતનો ઉપયોગ જાણવો. સાંભળીને જે મતિજ્ઞાન થાય છે તે દ્રવ્ય શ્રુતથી પણ ભાવશ્રુતથી નહિ કાર્યરૂપે મતિજ્ઞાન થતું નથી. અનુક્રમે થતી મતિનો નિષેધ નથી કારણકે શ્રુત ઉપયોગથી ચ્યવેલા ને મતિમાં અવસ્થાન છે. દ્રવ્યશ્રુત મતિથી થાય છે અને તે મતિ પણ દ્રવ્યશ્રુતથી થાય છે તેથી તે બન્નેમાં ભેદ નથી માટે ભાવશ્રુત મતિપૂર્વક છે અને

દ્રવ્યશ્રુત તે ભાવશ્રુતનું લક્ષણ છે તેમ માનવું યોગ્ય છે.

ભાવશ્રુતથી થયેલું સવિકલ્પક વિવક્ષા જ્ઞાનનાં કાર્યભૂત શબ્દરૂપ દ્રવ્યશ્રુત છે. દરેક કહેવા યોગ પદાર્થને ચિત્તમાં વિચારીન બોલે છે એમાં ચિંતન રૂપ ચિંતાજ્ઞાન છે તે શ્રુતાનુસારી હોવાથી ભાવશ્રુત છે એટલે દ્રવ્ય શ્રુતનું કારણ ભાવશ્રુત જણાય છે એ રીતે કાર્યભૂત દ્રવ્યશ્રુત વડે પોતાનું કારણ ભૂત ભાવશ્રુત જ્ઞાન લક્ષમાં આવે છે માટે દ્રવ્ય શ્રુતને ભાવશ્રુતનું લક્ષણ કહ્યું છે જેથી શબ્દએ ભાવશ્રુતથી જ જન્ય છે.

શ્રોત્રેન્દ્રિયના વિષયવાળું શ્રુતાનુસારી હોય તો શ્રુત છે અને અવગ્રઇહાદિ રૂપ હોય તે મતિ થાય છે તેવી જ રીતે બાકીની ચક્ષુ આદિ ચારથી શ્રુતાનુસારી સાભિલાપ વિજ્ઞાન રૂપ જે અક્ષરલાભ થાય તે પણ શ્રુત છે. ( માત્ર અક્ષર લાભ શ્રુત ન કહેવાય કારણકે ઇહા અપાયાત્મક મતિમાં પણ અક્ષર લાભ થાય છ. અવગ્રહ અનભિલાપ્ય છે અને ઇહાદિ સાભિલાપ છે.) આ અક્ષર લાભ પણ શ્રોત્રેન્દ્રિય લબ્ધિ રૂપ જ માનેલ છે જેથી શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ શ્રુતાનુસારી શ્રુત છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ભેદ - લક્ષણ ભેદથી, હેતુફળથી ભેદાભેદથી ઇન્દ્રિય વિભાગથી વલ્ક = છાલ, શુંબ = દોરડું કાર્ય-કારણથી. અક્ષર-અનક્ષર. મૂક અમૂકના ભેદથી ભેદ છે.

( ૧ ) લક્ષણ - જે જ્ઞાન વસ્તુને જાણે તે અભિનિબોધ અને જેને જીવ આત્મા સાંભળે તે શ્રુત.

( ૨ ) હેતુ ફળ - મતિ હેતુ છે અને શ્રુત ફળ છે.

( ૩ ) ભેદ ભેદ - મતિ ૨૮ ભેદે અને શ્રુત ૧૪ કે ૨૦ ભેદે છે.

( ૪ ) ઇન્દ્રિય વિભાગથી ભેદ. શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ સિવાય ચક્ષુ આદિ ચાર ઇન્દ્રિયોપલબ્ધિરૂપ શ્રુતાનુસારી સાભિલાપ વિજ્ઞાન રૂપ જે અક્ષર લાભ થાય તે શ્રુત છે. આ સિવાયનું જે જ્ઞાન તે મતિજ્ઞાન છે અને અવગ્રહ ઇહાદિરૂપ શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ અશ્રુતાનુસારિ તે પણ મતિજ્ઞાન છે. શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ રૂપ અવગ્રહ ઇહાદિ રૂપ સિવાયનું શ્રુત છે અને ચક્ષુ આદિ ચારમાં શ્રુતાનુસારી સાભિલાપ વિજ્ઞાન રૂપ જે અક્ષર લાભ થાય તે પણ શ્રુત છે.

શ્રુતાનુસારીમતિથી એટલે મતિશ્રુત રૂપ સામાન્ય બુધ્ધિથી જણાયેલા જે અભિલાપ્ય ભાવો અંતરમાં સ્ફુરાયમાન થાય છે તે નહિ બોલાતા છતાં કહેવાને યોગ્ય હોવાથી ભાવશ્રુત છે તે સિવાયના અનભિલાપ્ય ભાવો અને શ્રુતાનુસારી સિવાયના અભિલાપ્ય ભાવો તે મતિજ્ઞાન છે. કેટલાક અભિલાપ્ય ભાવો મતિવડે જણાયેલા હોય છે. અવગ્રહથી ગ્રહણ કરેલા ઇહાથી વિચારેલા અને અપાયથી નિશ્ચય કરાયેલા હોય તે ભાવો શબ્દ રૂપ દ્રવ્યશ્રુત વડે બોલાય છે તેથી દ્રવ્ય શ્રુતપણું પામે છે જેથી શ્રુતજ્ઞાન શબ્દ પરિણામ = ધ્વની પરિણામ શ્રુતાનુસારી ઉત્પન્ન થયેલ હોય છે એમ માનેલ છે. તદનુસાર ઉત્પન્ન થયેલા જ્ઞાનમાં ધ્વની પરિણામ હોય છે એટલે શ્રુત શબ્દ પરિણમાવેલું છે અને મતિજ્ઞાન = શબ્દ ( અભિલાપ્ય ) પરિણામવાલું અને શબ્દપરિણામ વિનાનું ( અનભિલાપ્ય ) એમ બે પ્રકારે છે.

( ૫ ) વલ્ક = છાલ તે કારણ છે મતિ કારણ છે અને શુંબ = દોરડું તે કાર્ય છે તેમ શ્રુતકાર્ય છે.

( ૬ ) અક્ષર - અનક્ષર ભેદ-પૂર્વે શ્રુતોપકારવાલું અને હમણાં તેની અપેક્ષા વગરનું માટે પૂર્વે શ્રુત પરિકર્મિત મતિવાલાને હમણાં જે શ્રુતાતિત જ્ઞાન થાય છે તે શ્રુત નિશ્રિત મતિજ્ઞાન છે અને મતિ ચતુષ્ક અશ્રુત નિશ્રિત છે. મતિજ્ઞાન ભાવાક્ષરથી બન્ને પ્રકારે છે અને વ્યંજનાક્ષરથી અનક્ષર થાય અને શ્રુતજ્ઞાન ઉભય પ્રકારે છે. અનક્ષર અને અક્ષર મતિના અવગ્રહમાં ભાવાક્ષર નથી તેથી અનક્ષર છે અને ઇહામાં ભાવાક્ષર છે તેથી અક્ષરાત્મક છે અને દ્રવ્ય વ્યંજનાક્ષરની અપેક્ષાએ તે અનક્ષર જ છે લખાતા અને

ઉચ્ચારાતાં શબ્દો તો દ્રવ્ય શ્રુત પણે રૂઢ છે = પ્રસિધ્ધ છે અન દ્રવ્ય શ્રુત અને ભાવશ્રુત બન્ને સાક્ષર અને અનક્ષર એમ બે પ્રકારે છે. ઉચ્છવાસ નિચ્છવાસ છીંક, થુંકવુ, ચપટી વગાડવી, ખાંશી, સુંઘવું અનુસ્વાર અનક્ષર છે અને પુસ્તકાદિમાં લખેલું તથા શબ્દોચ્ચાર રૂપ દ્રવ્ય શ્રુત સાક્ષર છે અને ભાવશ્રુત શ્રુતાનુસારી અક્ષરાદિવર્ણના વિજ્ઞાનાત્મક હોવાથી સાક્ષર છે અને શબ્દ તથા લખેલા અક્ષર રહિત હોવાથી અનક્ષર છે.

(૭) મૂક. અમૂક. મતિ મૂક છે અને શ્રુત સ્વપર પ્રત્યયાત્મક હોવાથી અમૂક છે.

અવગ્રહ = સ્વરૂપ, નામ, જાતિ આદિની કલ્પના રહિત છે.

ભાષા ત્રસનાડીમાં રહેલાની ત્રણ સમયમાં ત્રસનાડીની બહારની ચાર દિશામાં ૪ સમયમાં અને લોકના છેડે રહેલાની ૪ સમયમાં આખા લોકમાં વ્યાપે છે અને ત્રસ નાડીની બહાર ચાર વિદિશાઓમાંથી પાંચ સમયે આખા લોકમાં વ્યાપે છે પહેલા સમયે લોકાંત પહોંચે છે (ત્રણ સમયવાલાની)

ભાષા દ્રવ્યો છએ દિશામાં શ્રેણી અનુસાર મિશ્ર સંભળાય છે અને વિદિશામાં તો વાસિત થયેલ જ સંભળાય છે. તીવ્ર પ્રયત્નવાળો વક્તા ગ્રહણ ત્યાગના પ્રયત્ન વડે ભાષા દ્રવ્યને ભેદીને સૂક્ષ્મ ટુકડા કરીને મુકે છે તેજ સર્વલોકમાં વ્યાપે છે. બાકી મંદ પ્રયત્ન વાલાની તો અસંખ્યાત અવગાહના વર્ગણા ગયા પછી ભેદાય છે અને પછી સંખ્યાતા જોજને તો તેનો ભાષા પરિણામ નાશ પામે છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં મતિજ્ઞાન-મતિઅજ્ઞાન અને અચક્ષુ સિવાયની પશ્યતા કહી છે તે સાકાર નિરાકાર બે ભેદે છે. તેમાં શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-કેવલજ્ઞાન-શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. આ છ સાકાર પશ્યતા છે અને ચક્ષુદ. અવધિદ. કેવલ દ. આ ત્રણ અનાકાર પશ્યતા છે. શ્રુતજ્ઞાની આદિ જીવે છે તે આ પશ્યતાની અપેક્ષાએ કહેવું યોગ્ય છે.

સંભળાય તે શ્રુત શબ્દ સંભળાય છે તે દ્રવ્યશ્રુત સાંભળે તે. શ્રુત તે આત્મા છે. પરમાર્થથી સાંભળવું તેજ શ્રુત છે અને જીવ ક્ષયોપશમ તે શ્રુત છે. ઇન્દ્રિય અને મનોનિમિત્ત શ્રુતાનુસારે સ્વ અર્થ કહેવામાં સમર્થ જે વિજ્ઞાન તે ભાવ શ્રુત છે. બાકીનું મતિજ્ઞાન ભાષાભિમુખ થયેલાને જે જ્ઞાન થાય છે તે તથા સાંભળીને જે જ્ઞાન થાય છે તે ભાવશ્રુત છે અને તે ભાષા અને શ્રોતલબ્ધિવંતને ઘટે છે. પૃથ્વી આદિને દ્રવ્ય ઇન્દ્રિયોનો અભાવ છતાં સૂક્ષ્મ ભાવ ઇન્દ્રિયનું જ્ઞાન હોય છે તેમ દ્રવ્ય શ્રુતનો અભાવ છતાં પૃથ્વી આદિને ક્ષયોપશમ રૂપ ભાવશ્રુત હોય છે.

અવધિજ્ઞાન - મન અને ઇન્દ્રિયોની અપેક્ષા રહિત આત્મસાક્ષાત્ રૂપી દ્રવ્યોનો ક્ષયોપશમાનુસાર બોધ થાય તે. તેના ૬ ભેદ છે. અનુગામી, અનનુગામી, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી (તત્વાર્થ ભાષ્યમાં પ્રતિપાતી અપ્રતિપાતીના બદલે અનવસ્થિત ઘટે વધે પાછું ઘટે જલના કલ્લોલની પેઠે અને અવસ્થિત = ઘટે નહિ તેવું ભવ ક્ષયે સાથે જાય. કેવલજ્ઞાન સુધી કાયમ રહે આ બે ભેદ છે.)

વિશેષાવશ્યક ભાષ્યમાંથી. અવધિનું જઘન્ય ક્ષેત્ર - ૩ સમય આહારક સૂક્ષ્મ પનકના જીવની અવગાહના જેટલું અને ઉ. પરમાવધિનું હોય તેટલું સંપૂર્ણ લોકાકાશ અને અસંખ્ય લોકાકાશ જેવા ખંડો આલોકમાં જોઇ શકે પણ અલોકમાં રૂપી દ્રવ્ય નહિ હોવાથી જોવાનું કાંઇ રહેતું નથી.

ક્ષેત્રથી. અસંખ્યાતમો ભાગ ભૂત ભવિષ્ય જાણી શકે.

અંગુલનો અસંખ્યાતમો ભાગ જુએ તો કાલથી આવલીકાનો અસંખ્યાતમો ભાગ જુએ.

અંગુલનો સંખ્યેય ભાગ જાણે તો કાળથી આવલિકાનો મોટો અસંખ્યાતમો ભાગ જુએ.

અંગુલનો વધુ સંખ્યેય ભાગ જાણે તા કાળથી આવલિકાનો સંખ્યાતમો ભાગ જાણે જુએ.

અંગુલક્ષેત્રનો કાંઇક ન્યૂન આવલિકા. અંગુલ પૃથક્ત્વ. આવલિકા એક હસ્ત તો અંતર્મુહૂર્ત. એક ગાઉ તો ભિન્ન દિવસ = ન્યૂન દિવસ. એક જોજન = દિવસ પૃથક્ત્વ. ૨૫ જોજન ભિન્ન પક્ષ. ભરત ક્ષેત્ર જેટલું હોય તો અડધોમાસ જંબુદ્વિપ સાધિકમાસ. અઢીદ્વીપ એક વર્ષ. રૂચક દ્વિપ સુધી વર્ષ પૃથક્ત્વ મતાંતરે એક હજાર વર્ષ. સંખ્યાત દ્વીપ સમુદ્ર સંખ્યાતો કાળ અસંખ્યાત દ્વીપ સમુદ્ર અસંખ્યાત કાળથી કાંઇક ન્યૂન ઘણાં અસંખ્ય દ્વીપ સમુદ્ર અસંખ્ય કાળ.

સંપૂર્ણ લોક = કંઇક ન્યૂન પલ્યોપમ.

પરમાવધિ સર્વ રૂપી દ્રવ્ય પરમાણુ સહિત અને દ્રવ્યનાં અસંખ્ય પર્યા જાણે અસંખ્ય અવસરપિણી ઉત્સરપિણી.

# સમાપ્ત